
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
સપ્ટેમ્બર, ૨૦૧૯



## તસ્મૈ શ્રીગુરવે નમઃ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને
તેઓના ૮૬મા જન્મજયંતી પર્વે કોટિ કોટિ વંદન...










## પૂર્વ આફ્રિકામાં દાર-એ-સલામ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં જન્માષ્ટમી ઉત્સવની ભક્તિસભર ઉજવણી...

તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પૂર્વ આફ્રિકા અને દક્ષિણ આફ્રિકાની વિદેશયાત્રાએ પધાર્યા છે. તેઓના સાંનિધ્યમાં નિત્ય યોજાતી સત્સંગશિબિરો અને ઉત્સવમય કાર્યક્રમોની શૃંખલા દ્વારા હજારો લોકો ભક્તિનો અનોખો આનંદ માણે છે. તા. ૨૪-૮-૨૦૧૯ના રોજ પૂર્વ આફ્રિકાના ટાન્ઝાનિયાની રાજધાની દાર-એ-સલામ ખાતે તેઓના સાંનિધ્યમાં જન્માષ્ટમીનો ભક્તિસભર ઉત્સવ ઊજવાયો અને તેમાં વિશાળ ભક્તમેદનીએ લાભ લીધો તેની કેટલીક સ્મૃતિછબિઓ....



# વચનામૃતમાં

## દાસભાવ, આશરો, સ્વસંચાલન

## ક્રમિકા


૪. **બ્રહ્મના સંગે :** ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પ્રેરક પ્રસંગોનું આચમન – સાધુ બ્રહ્મવત્સલદાસ

૧૨. **સુખ અને શાંતિની ચાવી** – પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૧૫. **વચનામૃત ચિંતન** – શ્રી હર્ષદરાય ટી. દવે

૧૮. **વચનામૃતમાં દાસભાવ** – સાધુ યોગેન્દ્રદાસ

૨૨. **વચનામૃતમાં આશરો** – પ્રો. રમેશભાઈ એમ. દવે

૨૬. **વચનામૃતમાં સ્વ-સંચાલન** – ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ

૩૧. **સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

૪૪. **રશિયા ખાતે સંતવૃંદનું પદાર્પણ**

૪૭. **દાવડ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ**

૪૮. **અબુધાબી ખાતે યોજાયા જન્માષ્ટમી અને રક્ષાબંધન ઉત્સવો**

૪૯. **જાહેરાત**

૫૦. **બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ સમાચારો**


વચનામૃત એક અદ્વિતીય અધ્યાત્મ શાસ્ત્ર છે. તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વમુખેથી વહી આવેલું અમૃત શબ્દે શબ્દે અનુભવાય છે. એટલે જ વચનામૃત એ શુષ્ક ઉપદેશનો ગ્રંથ નથી, તેમાં સમજપૂર્વક વાંચનારને શબ્દે શબ્દે આધ્યાત્મિક આનંદ અને ઉજાસનો માર્ગ જડે છે. પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃત અંગે યથાર્થ કહ્યું છે: 'વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનાઓથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ દેખાશે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે. એમાં ઠેકાણે ઠેકાણે એ વચનો કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.'

હા, વચનામૃતમાં કોરી કલ્પના નથી, પરંતુ સર્વજ્ઞ પરબ્રહ્મ પરમાત્માના સ્વાનુભવની અદ્‌ભુત સુવાસ અનુભવાય છે.

આવા અદ્વિતીય અધ્યાત્મ ગ્રંથની દ્વિશતાબ્દીએ 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક વચનામૃત દ્વારા પ્રાપ્ત થતી કેટલીક વિરલ છતાં સરળ એવી આધ્યાત્મિક સાધનાઓનો પરિચય કરાવે છે. સનાતન ધર્મનાં શાસ્ત્રોમાં સૂચવેલી સાધનાઓની દીર્ઘ સૂચિમાં જેના તરફ ભાગ્યે જ ધ્યાન દોરાય એવા દાસભાવ અને આશ્રયની કેટલી મહત્તા છે, તે અહીં પડઘાય છે. આ સર્વોત્તમ આધ્યાત્મિક ગુણો જેમનામાં સહજતાથી ફોરી રહ્યા છે એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના જન્મજયંતી પર્વે તેમના પ્રેરક પ્રસંગોનું પણ આ અંક આચમન કરાવે છે. અસ્તુ. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૯,**
**સપ્ટેમ્બર, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક :** સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી :** સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો :** સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો :** સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ :** રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ :** £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)


**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.


**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

# બ્રહ્મના સંગે

## ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પ્રેરક પ્રસંગોનું આચમન





'મહંત સ્વામીનાં દર્શન કરતાં હૃદય ટાઢું થઇ જાય છે. જેમ સદ્‌ગુરુ પુરુષોત્તમદાસ સ્વામી(ખાનદેશી)નાં દર્શન કરતાં સહુ સંતો-હરિભક્તોને ટાઢું થતું, તેમ આજે મહંત સ્વામીનાં દર્શનથી થાય છે.'

૫૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઉચ્ચારેલા આ ઉદ્‌ગારો આજે અસંખ્ય લોકો અનુભવી રહ્યા છે.

મહંત સ્વામી મહારાજ એટલે સાધુતાનું મૂર્તિમંત સ્વરૂપ, જેમની આંખોમાં, જેમના સાંનિધ્યમાં, જેમના સમગ્ર વ્યક્તિત્વમાં રોમરોમમાં સાધુતા નીતરે છે. સાદું, સરળ અને બિલકુલ સહજ સ્વાભાવિક વ્યક્તિત્વ.

કોઈ પર પ્રભાવ પાડી દેવાની વૃત્તિમાત્ર નહીં. કોઈ ફરિયાદ નહીં, કોઈ માંગણી નહીં, કોઈ અપેક્ષા નહીં, કષ્ટોમાં અકળાય નહીં, માન-સન્માનમાં હરખાય નહીં. કોઈના પ્રત્યે રાગ-દ્વેષ નહીં.

સૌના પ્રત્યે અપાર આદર. જન્મજાત વિનમ્રતા સાથે સૌ પ્રત્યે નિ:સ્વાર્થ પ્રેમ એ એમની કાયમની ભાષા.

સાદી પરંતુ ઊંડી ચિંતનસભર અને તર્કબદ્ધ એમની વાતો. ધીમો એમનો સ્વર પરંતુ તેમાં એમનું ઊંડું મનન, એમની અનોખી દૃષ્ટિ અને સાક્ષાત્ અનુભવની સુવાસ હૈયાને સ્પર્શી જાય.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના તેઓ છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર અને વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન ગુરુદેવ, વિશ્વભરમાં આધ્યાત્મિક આંદોલન પ્રસરાવનાર મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી.

ભાદરવા વદ નવમી, તા. ૧૩-૯-૧૯૩૩ના રોજ આ વસુંધરા પર પ્રગટેલા ગુણાતીત ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૮૬મી જન્મજયંતી પ્રસંગે પ્રકાશિત થનાર 'બ્રહ્મના સંગે' પુસ્તકમાંથી કેટલાક પ્રસંગોનું અહીં આચમન કરીએ અને તેઓના ૮૬મા જન્મજયંતી પર્વે કોટિ કોટિ વંદન કરીએ...

તા. ૨૨-૯-૨૦૧૬, સારંગપુર

સારંગપુરથી બોચાસણની મુસાફરી દરમ્યાન આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'ધર્મધુરા ધારણ કર્યા બાદ આપનો કાર્યભાર વધી ગયો. તો આપને કેવું અનુભવાય છે?'

આ સાંભળી માળા સહિતનો જમણો હાથ ઊંચો કરીને સ્વામીશ્રીએ કહ્યું: 'કાંઈ લાગતું નથી. મહારાજ - સ્વામી જ બધું કાર્ય કરે છે અને એ જ કરવાના છે.'

એમ કહીને સ્વામીશ્રીએ લાખો હરિભક્તોને હવે રૂબરૂ ન મળી શકવાનો રંજ વ્યક્ત કરતાં કહ્યું: 'પણ એક વાત મનમાં રહ્યા કરે છે કે હવે બધાને મળી શકાતું નથી. હવે દૂરથી મળવાનું થઈ ગયું, નજીકનું કટ થઈ ગયું...'

આ શબ્દોમાં હરિભક્તો પ્રત્યેની તેઓની અપાર આત્મીયતા નીતરતી હતી.

આટલું કહી થોડી વાર અટકી ગયા. પછી કહે: 'હવે બાળકોને મળવાનું ઓછું થઈ ગયું. તેઓનો કોન્ટેક્ટ ન

રહ્યો...'


હળવા રંજ સાથે ઊછળી આવી પુનઃ ભક્તવત્સલતા.

•

તા. ૨૪-૯-૨૦૧૬, બોચાસણ

આજે જન્મજયંતીની સભામાં સ્વામીશ્રીએ સૌ પર આશીર્વર્ષા કરતાં જણાવ્યું હતું કે –

''પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન, કાર્ય અને પ્રવચન દ્વારા કેટલીય વાર ઘૂંટાવ્યું છે કે ભગવાન સર્વ કર્તાહર્તા છે. તેમની ઇચ્છાથી સત્સંગ વધે કે ઘટે તેમાં રાજી રહેવું. અત્યારે તો સત્સંગ વધી જ રહ્યો છે, પણ ભગવાન તો ચાહે સો કરે.



સ્વામીબાપાને આ સમજણ દૃઢ હતી તો ૧૯૭૪માં આફ્રિકાથી પાછા આવવાનું થયું તોય સ્થિર રહ્યા. લંડનમાં હેરોની જમીનના કેસમાં હાર્યા તોય પાંચ સેકન્ડમાં ઘસઘસાટ ઊંઘી ગયા. સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે પૂછ્યું કે 'તમને ઊંઘ આવી ગઈ?' સ્વામીબાપા કહે: 'હા. આપણે ક્યાં કંઈ ખોટું કર્યું છે? જે કરવાનું હતું તે આપણે કર્યું. હવે જેવી ભગવાનની ઇચ્છા.'

સ્વામીબાપાના જીવનમાં આવા તો અનેક પ્રસંગો છે. તેઓએ રોજબરોજ આ વાત ઘૂંટાવી છે, એટલે મને શાંતિ રહે છે. પ્રશ્ન જ નથી. અંતરમાં નિશ્ચિંતતા રહે છે. આપણે તેઓના આ કાર્યમાં ગોઠવાઈ જવાનું છે તો ખૂબ શાંતિ રહેશે.

કર્તાહર્તા ભગવાનને માનીએ છીએ. તે જ બધું કરે છે. સ્વામીબાપાના મોંએ ખૂણે-ખાંચરે પણ 'આ મેં કર્યું' તે આપણે સાંભળ્યું નથી. તેમના આ માર્ગે આપણે ચાલવાનું છે. સંપ અગત્યની વાત છે. આપણે સામેથી સુહૃદભાવ રાખવાનો. જે ખાય તેની ભૂખ જાય. કથા પણ પોતા પર લેવાની. બીજા પર ફેંકવાની નહીં. પોતા પર લે તે અંતર્દૃષ્ટિ. બીજા પર નાંખે તે બાહ્યદૃષ્ટિ.

સંપ-સુહૃદભાવ-એકતાની વાત ભવ્ય, સચોટ અને પાયાની વાત છે. આપણે તે માર્ગે ચાલ્યા જવાનું છે.''

પોતાના જન્મદિવસે પોતાના પ્રાણપ્યારા ગુરુહરિના ગુણાનુવાદ ગાવામાં જ સ્વામીશ્રીએ જન્મદિવસની સાર્થકતા માની.

•

તા. ૨૮-૯-૨૦૧૬, બોચાસણ

આજે પત્રવ્યવહાર દરમ્યાન એક મુમુક્ષુનો પત્ર આવેલો. તેમાં તેણે લખેલું કે 'પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણ કમળમાં દંડવત પ્રણામ તથા હેતપૂર્વક જય સ્વામિનારાયણ. બાપા! ઘણી વિટંબણા પછી આ કાગળ લખી રહ્યો છું. મારા મનમાં હજી કુશંકાઓ રહ્યા કરે છે. આપના પ્રત્યે સદ્‌ગુરુભાવ હતો પણ હવે બાપા જેવો ભાવ ક્યારેક થાય છે, ક્યારેક નથી થતો. તેનું શું સમજવું મારે? બીજાના જેવો મને આનંદ થતો નથી. આપનાં વૉકિંગ-દર્શન કરતી વખતે પ્રસંગો સાંભળ્યા. તેમાં બાપા જેવું ઐશ્વર્ય આપમાં આવ્યું(તેવી વાત થઈ). તેની મને શંકા થાય છે. તો તેનો સ્પષ્ટ શબ્દોમાં મને ઉપાય કહો. મારે શું સમજવું? મારે મારા જીવનું કલ્યાણ કરવું છે. જેમ હોય તેમ મને કહો.'

આ વિગત વાંચીને સ્વામીશ્રી એકદમ સ્પષ્ટ શબ્દોમાં ઉત્તર લખાવવા લાગ્યા: 'બહારના દેખાવમાં બધા જુદા લાગે. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ... પણ અંદર તત્ત્વ એક જ છે. જે મહારાજ ભગતજી મહારાજમાં હતા એ જ શાસ્ત્રીજી મહારાજમાં, એ જ યોગીજી મહારાજમાં, એ જ પ્રમુખસ્વામી મહારાજમાં... એ જ આપણે પણ તત્ત્વ છે. મૂળ તો મહારાજ બધામાં છે. મહારાજનો જ પ્રતાપ છે.'

સ્વામીશ્રીએ એ એક મુમુક્ષુના મિષે આવી નાની-મોટી શંકા-કુશંકામાં સપડાયેલા સૌને સદાયને માટે નિઃશંક કરી દીધા.

•

તા. ૨-૧૦-૨૦૧૬, નડિયાદ

મંદિરમાં શણગાર આરતી કર્યા બાદ સ્વામીશ્રી મંદિર

પરથી નીચે જવા લિફ્ટ પાસે પધાર્યા ત્યાં આગળના ભાગમાં સ્વામીબાપાનું ચિત્ર લઈને ઊભેલા યુવકોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'સ્વામી! પ્રમુખસ્વામી મહારાજ ગયા. હવે શું?'

'એ ગયા જ નથી. અહીંયાં (જમણા હાથે પોતાના હૃદય તરફ નિર્દેશ કરીને) છે.'

સ્વામીશ્રીએ ધાર્યા કરતાંય વધુ સ્પષ્ટ ઉત્તર આપીને 'સત્પુરુષ પૃથ્વી પરથી ક્યારેય જતા નથી' એ મર્મ સમજાવી દીધો.

•

તા. ૨-૧૦-૨૦૧૬, નડિયાદ

**આ**જે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વામીશ્રીનાં ભોજન-દર્શનનો લાભ લઈ રહેલા. આ ભોજનસત્રની પૂર્ણાહુતિમાં તેઓએ કહ્યું: 'સ્વામી! આજે એક ઇતિહાસનું પુનરાવર્તન કરવું છે.' એમ કહી તેઓએ છાત્રાલયની દશાબ્દી વખતે સ્વામીબાપાની હાજરીમાં ગવાયેલી કવ્વાલી – 'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે, ગગનમાં ચમકતો સિતારો પૂછે છે... પ્રમુખસ્વામી શું છે?' રજૂ કરી.

આ રજૂઆતના અંતે વિદ્યાર્થીઓએ કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજે તો આ કવ્વાલી પછી પોતાની ઓળખ આપીને ઇતિહાસ રચી દીધો છે.[૧] આપ હવે આપની ઓળખ આપો કે મહંત સ્વામી શું છે?'

'દાસના દાસ.' સ્વામીશ્રી ક્ષણનાય વિલંબ વિના બોલી ઊઠ્યા.

•

તા. ૫-૧૦-૨૦૧૬, નડિયાદ

**આ**જે સ્વામીશ્રી શણગાર આરતીમાં જઈ રહ્યા હતા ત્યારે છાત્રાલયના છાત્રોએ આહ્‌લેક જગાવી: 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો!' પછી સ્વામીશ્રીને પૂછ્યું: 'આપ અમને ભિક્ષામાં શું આપશો?'

'હું આખો...' સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા.

ખરેખર, સત્પુરુષે આપણા જીવતરની ઝોળીમાં એમનું આખું જીવન કૃષ્ણાર્પણ કરી જ દીધું છે.

•

તા. ૯-૧૦-૨૦૧૬, ભાવનગર

**આ**જની સાંજે ભ્રમણ પૂર્ણ કરીને સ્વામીશ્રી નિજનિવાસ તરફ આગળ વધતા હતા. તે દરમ્યાન સભામંડપ અને પ્રદક્ષિણાને જોડતા લોખંડના બ્રિજ પર તેઓ આવ્યા. અહીં ઘણા હરિભક્તો દર્શન માટે ઊભા હતા. તેઓને પોતાની ખાસિયત મુજબ હાથ જોડીને વંદન કરતાં સ્વામીશ્રી દૃષ્ટિ દ્વારા મળ્યા. પછી આગળ વધ્યા ત્યારે યોગવિજયદાસ સ્વામીએ કહ્યું કે 'સ્વામી! સૌ એના એ જ છે.'

'એના એ જ હોય તોય શું છે?' સ્વામીશ્રી સહેજ અકળાઈને બોલ્યા. પછી ઉમેર્યું: 'આમનાં દર્શન તો હજાર વાર કરીએ તોય ઓછું છે!'

ખરેખર, સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિ સરહદમાં ન બંધાય તેવી અનહદ છે.

•

તા. ૧૨-૧૦-૨૦૧૬, ગોંડલ

**આ**જે પરદેશના હરિભક્તો માટે નૂતન વર્ષના આશીર્વાદ આપતાં સ્વામીશ્રી જાણે પરભાવમાં આવી ગયા હતા! તેઓના મુખેથી અમૃતધારા આમ વહી નીકળી:

"આજે નવું વર્ષ છે. અમારી પાસે ભગવાન છે, બીજું કાંઈ નથી અને ભગવાનમાં બધું આવી જાય છે. એટલે ભગવાનના આશીર્વાદ (સિવાય) બીજું કાંઈ અમે આપી શકીએ એમ નથી. આશીર્વાદ પચે એટલો આપણને લાભ થાય અને પચાવવા માટે પ્રતીતિ. જેટલી પ્રતીતિ હોય ને વિશ્વાસ હોય એટલું પચે અને એ પ્રમાણે કાર્ય થાય. મહારાજ, સ્વામી અને સત્પુરુષ એ ત્રણ આપણે સીધી લીટીની સમજણ.

આપણે આત્મા છીએ અને દેહ નથી. આપણું સૌથી મોટું કાર્ય મહારાજ અને સ્વામીની નિષ્ઠા પ્રવર્તાવવી તે છે. આટલા માટે જ આપણો જન્મ છે. બીજું બધું તો આપણે દેહ છે એટલે કરવું પડે, પણ અંતરમાં ઊંડે ઊંડે આ નિષ્ઠા દૃઢ થાય એ જ આપણે તો જીવન છે.

આ વસ્તુ જો સિદ્ધ થાય તો લેશમાત્ર પણ વાસના ન રહે અને બીજું બધું મુકાઈ જાય અને આપણે અનંત સુખના સાગરમાં ડૂબકાં મારતા ફરીએ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'નિયમ પાળવા, ભગવાનનું સ્વરૂપ સમજવું અને સંતનું સ્વરૂપ ઓળખવું. તેને ધન્ય ધન્ય ધન્ય છે, તેના ઉપર રાજી રાજી રાજી છે.' એટલે આપણે આટલું જ કરવાનું છે."

•

તા. ૬-૧૨-૨૦૧૬, સુરત

**પ્ર**મુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવ નિમિત્તે યોજાયેલા 'સ્વામિનારાયણ નગર'ના પ્રદર્શન ખંડોમાં સેવા આપનાર કેટલાક ખ્યાતનામ કલાકારો આજે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા આવ્યા હતા. તેમાં એક હતા

૧. તે સમયે પ્રમુખસ્વામી મહારાજે પોતાની ઓળખ આપતાં જણાવેલું કે 'પ્રમુખસ્વામી સાધુ છે, ભગવાન સ્વામિનારાયણના ભક્ત છે અને યોગીજી મહારાજના શિષ્ય છે.'

– સન ૨૦૧૬માં ટી.વી. સીરિયલોના ક્ષેત્રે શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઍવોર્ડ પ્રાપ્ત કરનારા શ્રી અરવિંદ બબ્બલ.

તેઓ છેલ્લાં ૩૫ વર્ષથી દિવસની ૪૫ સિગારેટ પીતા હતા. તેઓને આ વ્યસનની લત એવી વળગેલી કે એક વાર તેમને પૉલેન્ડ જવાનું હતું. તે માટે ૧૩ કલાકની સીધી ફ્લાઇટ મળતી હતી, પણ એમ કરતાં ૧૩ કલાક સિગારેટનો વિરહ સહન કરવો પડે, જે તેમને મંજૂર નહોતું. તેથી તેમણે દર બે કલાકે ૨-૩ સિગારેટનો કશ લઈ લેવા માટે કનેક્ટિંગ ફ્લાઇટ લીધી હતી. આ રીતે તેઓ ૩૬ કલાકે પૉલેન્ડ પહોંચેલા. ત્યાંથી પાછા વળતાં એવું જ કરવું હતું. પણ ખબર પડી કે મોસ્કોમાં ઍરપોર્ટ પર ધૂમ્રપાનની સખત મનાઈ છે. કોઈ પકડાય તો ૧ લાખ ૨૦ હજાર રૂપિયાનો ભારે દંડ છે. છતાં આ અરવિંદભાઈએ નક્કી કરેલું કે 'સિગારેટ તો પીવી પડશે જ. જો પકડાઈ જઈએ ને દંડ ભરવો પડે તો ભરી દઈશું.'

આવા અઠંગ વ્યસની તેઓ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવમાં યોજાયેલ 'મુક્તાનંદ' પ્રદર્શનની સેવા નિમિત્તે સંતોના સંપર્કમાં આવેલા. તેઓ દ્વારા જ આજે સ્વામીશ્રીનાં દર્શન કરવા આવી પહોંચેલા.

અહીં આવતાં પહેલાં સંતોએ તેઓને વ્યસન છોડવા વાત કરેલી. આ વાત તેઓના ગળે ઊતરે તેમ જ નહોતી. તેથી તેઓ એટલું તો નક્કી કરીને જ આવ્યા હતા કે '૪૫ નહીં પણ દિવસની ૧૦ સિગારેટ તો પીવી જ પડશે.'

પરંતુ સ્વામીશ્રીનાં દર્શન થતાં જ સ્વામીશ્રીની આંખોમાંથી નીકળતા પ્રેમપ્રવાહ અને સ્પર્શે તેઓ પર જાદુ કર્યો. સ્વામીશ્રી તેમની વાત સાંભળીને આંખોમાં આંખો પરોવી બે હાથ ઘસીને એટલું જ બોલ્યા: 'ગયું...'

બસ, આ બે જ શબ્દોથી તેમનું ૩૫ વર્ષનું વ્યસન એક ઝાટકે ગયું! તેમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો. ગદ્ગદ કંઠે તેઓ બોલ્યા: 'मैं इस अभिशाप से मुक्त हो गया। बरसों पहले मैंने मेरे पिता गवाएँ थे। और आज जब महंत स्वामी महाराज ने मेरा हाथ पकडा तब मुझे लगा कि मेरे पिताजी ने ही मेरा हाथ थामा है और मुझे आशीर्वाद दे रहे हैं।'

તેઓનું આ વ્યસન એવું તો ગયું કે થોડા દિવસ પછી એક યુવકના મોઢામાંથી સિગારેટનો ધુમાડો તેમના મુખ પર આવ્યો તો પણ અરવિંદભાઈને એલર્જી થઈ ગઈ!

તેઓએ આ પ્રસંગ બન્યાના થોડા દિવસ બાદ સ્વામીશ્રીને પત્ર લખીને પણ જણાવેલું કે 'जय स्वामिनारायण। मैं और मेरा परिवार आपका बहुत आभारी हैं, बहुत आभारी हैं। बहुत सौभाग्यशाली हैं कि हमें आपका आशीर्वाद मिला। स्वामीजी ! मैं जीवनभर तम्बाकू से बनी किसी भी चीज को हाथ नहीं लगाउँगा, ये कसम मैंने आपके पहले दर्शन के समय खाई थी। स्वामीजी ! आपके आशीर्वाद से न तो जरा-सा भी मन करता है सिगारेट पीने का और न ही कोई तकलीफ हुई मुझे। दूसरों के भले में अपना भला है, इस सिद्धांत पर मैं और मेरा पूरा परिवार चल सके ऐसे आशीर्वाद की अपेक्षा है।

सादर चरणस्पर्श, एक नया हरिभक्त, अरविंद बब्बल।'

*'પારસના સમ છે સંતોની કાયા, લોઢું કંચન થઈ જાય...'*નો સાક્ષાત્ અનુભવ સ્વામીશ્રીમાં સૌ કરી રહ્યા.

•

તા. ૧૮-૨-૨૦૧૭, પુણે

સ્વામીશ્રી હરિભક્તોને મુલાકાત આપી રહ્યા હતા ત્યારે સિનસિનાટીથી અરવિંદભાઈ પટેલ નામના હરિભક્ત આવ્યા. તેમને જોતાં જ સ્વામીશ્રી કહે: 'પેસ્તનજી બન્યા'તા.' બે-ત્રણ સેકન્ડ તો અરવિંદભાઈ પણ વિચારમાં પડી ગયા. સ્મૃતિ સતેજ કરી અને પછી એકદમ બોલી ઊઠ્યા: 'ઓ...ઓ...ઓ... I was 10–12 years old (હું ૧૦-૧૨ વર્ષનો હતો).'

એમને પૂછવામાં આવ્યું: 'ક્યારની વાત છે?'

તેમણે કહ્યું: '૧૯૭૭માં હું ૧૦-૧૨ વર્ષનો હતો ત્યારે નૈરોબીમાં સંવાદ ભજવાયેલો, તેમાં હું પેસ્તનજી બનેલો. ૩૮ વર્ષ થવા આવ્યાં. મારી સ્મૃતિમાંથીય જતું રહ્યું હતું!'

શિકલ-શરીર બધું બદલાઈ ગયું હોય... એક વાર જોયા હોય... એ પણ સંવાદમાં તોય સ્વામીશ્રીની સ્મૃતિમાં તે સંગૃહીત થઈ જાય છે.

•

તા. ૨૧-૨-૨૦૧૭, દિલ્હી

સ્વામીશ્રી ગોલ્ફકારમાં વિરાજીને અક્ષરધામનાં પગથિયાં પાસે પધાર્યા. ટેકો આપવાના ક્રમ પ્રમાણે બે સંતોએ સ્વામીશ્રીને અક્ષરધામનાં પગથિયાં ચઢતાં ટેકો આપ્યો. સ્વામીશ્રીએ તે બંને સંતોના હાથ કસીને પકડ્યા, પાંચ-છ પગથિયાં તે ટેકા સાથે ચઢ્યા પણ ખરા... પણ પછી એકદમ જ તે સંતોના હાથ છોડી દીધા અને ફટ ફટ પગથિયાં ચઢવા લાગ્યા. સંતો આશ્ચર્ય સાથે કહેવા લાગ્યા: 'આમને તો ટેકાની જરૂર જ નથી, આપણને કૃપા કરીને સેવા આપે છે...'

વાર્તાલાપ દરમ્યાન પ્રિયવ્રતદાસ સ્વામીએ પ્રાર્થના કરતાં કહ્યું: 'આમ ને આમ હાથ પકડીને અમને આ અને પેલા

અક્ષરધામમાં લઈ જજો.'

'માથે ઊંચકીને લઈ જઈશ.' આંખોની એક ચમક સાથે સ્વામીશ્રીએ ઉચ્ચારેલા આ શબ્દોએ સૌને કૃતાર્થ કરી દીધા.

•

તા. ૧૭-૩-૨૦૧૭, અમદાવાદથી નૈરોબી યાત્રામાં

**સ્વા**મીશ્રીનું પત્રકાર્ય ચાલુ હતું. લંડનથી એક યુવકનો પત્ર આવ્યો હતો. તેણે મૂંઝવણ રજૂ કરતાં જણાવ્યું હતું કે 'ઘણા લોકો કહે છે કે આપ સત્પુરુષ છો અને શ્રીજીમહારાજનું સ્વરૂપ છો. પણ મને તે સમજાતું નથી. મેં ઘણા પત્ર અને આર્ટિકલ(લેખ) વાંચ્યા છે, તો પણ સમજાતું નથી. મારા મનમાં એવું છે કે તમે એક હસ્તલિખિત પત્ર મને મોકલો અને કહો કે તમે મહારાજના સ્વરૂપ છો, તો જ હું માનું. હું તમારા હસ્તલિખિત જવાબ માટે રાહ જોઈશ.'

સેવક સંતે વિનંતી કરતાં પૂછ્યું: 'સ્વામી! પત્રમાં લખી આપશો?'

સ્વામીશ્રીએ કાગળ ને કલમ કરમાં ગ્રહ્યાં. લખવાનું શરૂ કર્યું, તે શબ્દો અહીં યથા-તથા મૂક્યા છે:

*''મહારાજ કહે છે - ભગવાન અથવા સંત સદાય પ્રગટ છે. જીવને ઓળખાણ થાય એટલી જ વાર છે. આપણે તો ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ છે જ. અને સદાય પ્રગટ રહેવાના છે. શાસ્ત્રીજી મહારાજ કહે છે, 'સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જ જતા નથી.' અને યોગીબાપા કહે છે કે 'ભવિષ્યમાં પણ ભગવાન સંત દ્વારા પ્રગટ રહેશે.*

*સાધુ કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.*

*૧૭-૩-૧૭.*

*Ahd.થી હવામાં NRB.''* (અર્થાત્ અમદાવાદથી નૈરોબી જતાં હવામાં...) (૧૨:૨૦ p.m.)

•

તા. ૧૭-૩-૨૦૧૭, નૈરોબી

**સ્વા**મીશ્રી જમવા વિરાજ્યા. એ જ ગાજર, એ જ પરવળ, એ જ બ્રોકલી, એ જ કોળું, એ જ વટાણા, એ જ ચણા, એ જ દાળ, એ જ બ્લેક-રાઇસ !!

છેલ્લા સાત મહિનાથી રોજ બે વાર આનું આ મેનુ જોઈને બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યું: 'રોજ એકનું એક જમવાનું?! કેવી રીતે મજા આવે?'

સ્વામીશ્રીને જમાડી રહેલા ગુણવત્સલદાસ સ્વામીએ અનુભવના શબ્દો ઉચ્ચાર્યા: 'સ્વામીને કોઈ પણ પ્રકારનો સ્વાદ જ નથી ને!'


સ્વામીશ્રીએ સ્વ-સ્થિતિની અદ્‌ભુત વાત કરી: 'ભગવાનનો સ્વાદ આવે છે.'

સ્વામીશ્રીના આ વાક્ય પરથી પંક્તિ યાદ આવી જાય કે 'એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં!'

•

તા. ૧-૪-૨૦૧૭, દાર-એ-સલામ

**આ**જે સ્વામીશ્રીની મુલાકાતે એક સાધન-સંપન્ન મુસ્લિમ બિરાદર અલીભાઈ લાલાણી આવ્યા હતા. તેઓએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી: 'સ્વામી! મને યાદ રાખજો.' આ બોલીને સ્વામીશ્રી આગળથી પસાર થતાં થતાં તેમની



આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. આગળ બોલી ન શક્યા.

સંતોએ જ્યારે તેનું કારણ પૂછ્યું ત્યારે અલીભાઈએ કહ્યું: 'મને આવો અનુભવ કોઈ દિવસ થયો નહોતો. સ્વામીશ્રીનાં દર્શન કરતાં મને ખૂબ દિવ્યતા અનુભવાઈ અને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ. તેથી હું ભાવમાં આવી ગયો.'

ભગવાન સ્વામિનારાયણનું સાંનિધ્ય પામીને ઝીંઝાવદરને પાદર એક પઠાણને જેવો શાંતિનો અનુભવ થયો હતો, એવો જ અનુભવ આજે સાધુસ્વરૂપ શ્રીહરિનું સાંનિધ્ય પામીને આ મુસ્લિમ બિરાદરને થયો.


*'બળતો ઝળતો આત્મા સંત સરોવર જાય,*
*સત્સંગરૂપી લહેરમાં તરત ટાઢો થાય.'*

•

તા. ૧૦-૪-૨૦૧૭, કમ્પાલા

સ્વામીશ્રીએ પૂજાના અંતે શિક્ષાપત્રી-વાંચન શરૂ કર્યું. નિત્યક્રમ મુજબ સેવકે પ્રાર્થના ઝિલાવવાની શરૂઆત કરી. પણ સ્વામીશ્રીએ તે અટકાવીને માઇક માગ્યું... ઝડપથી માઇક સ્વામીશ્રીને આપવામાં આવ્યું.

સ્વામીશ્રીએ ગંભીર સ્વરે કહ્યું: 'હમણાં કીર્તન ગાયું ને! (પૂજા દરમિયાન એક હરિભક્તે: 'મહંત સ્વામી મહારાજ મને બહુ ગમે છે, કારણ નહીં જ આપું, કારણ મને ગમે છે...' એ ધ્રુવપંક્તિવાળું કીર્તન ગાયું હતું, તેના સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા...) બધી વાત સાચી, પણ આપણા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી



મહારાજ... અને ઇષ્ટદેવ શ્રીજીમહારાજનું નામ રહી ગયું, એવું ન કરવું. બધી વાત સાચી, પણ માથું રહી ગયું, બીજાં બધાં અંગો આવી ગયાં...'

સ્વામીશ્રી પોતાના મહિમા કે નામને બીજાં અંગો સાથે અને મહારાજ અને ગુરુવર્યોના મહિમા અને નામને માથા સાથે સરખાવી રહ્યા હતા.

•

તા. ૧૧-૪-૨૦૧૭, મસાઈમારા

સ્વામીશ્રી આજે અલ્પાહાર બાદ પોઢતાં કહે: 'બધાનો દાસ એવો હું કેશવજીવનદાસ.'

અચાનક જ, કલ્પના બહાર આવેલા આવા શબ્દોથી સંતો સ્થિર થઈ ગયા.

સેવક સંત કહે: 'આપ તો બધાના ગુરુ છો!'

સ્વામીશ્રી કહે: 'દાસપણામાં બહુ મજા આવે. બાપ થાય તો પોતેય હેરાન થાય ને બીજાનેય હેરાન કરે.'

•

તા. ૧૦-૫-૨૦૧૭, અમદાવાદ

સ્વામીશ્રી ઝરૂખે સંતો-હરિભક્તોને દર્શન આપવા પધાર્યા ત્યારે ભક્તોને જોઈને બોલી ઊઠ્યા: 'બધાને મળવાની બહુ ઇચ્છા થાય છે.'

સ્વામીશ્રીની આ ભાવના નીચે બેઠેલા સૌ ભક્તો સુધી પહોંચાડવા તાત્કાલિક માઇક મંગાવીને સ્વામીશ્રી આગળ ધરવામાં આવ્યું. સ્વામીશ્રી બોલ્યા: 'બધાને દંડવત કરવાનું મન થાય છે, ખૂબ ઇચ્છા થાય છે મળવાની, પણ...' બોલતાં બોલતાં સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈ ગયા. આગળ બોલી ન શક્યા.

ગુરુ અને શિષ્યો વચ્ચે આવો આત્મીયતાસભર સંબંધ આપણી ગુરુપરંપરા સિવાય બીજે ક્યાં જોવા મળે?

•

તા. ૨૩-૫-૨૦૧૭, અમદાવાદ

આજે સાંજે હૃદયના વિખ્યાત સર્જન ડૉ. ભટ્ટાચાર્ય સ્વામીશ્રીને મળવા આવ્યા. ૧૯૯૭માં તેમણે સ્વામીશ્રીનું બાયપાસ ઑપરેશન કર્યું હતું. તેમણે સ્વામીશ્રીનું ઑપરેશન કર્યું, તેની સ્મૃતિમાં સરી પડતાં કહે: 'But I tell you one thing, nobody had that feeling. I can't duplicate that feeling also.'

ભટ્ટાચાર્યજી ગુજરાતી પણ સારું બોલે છે, અહોભાવમાં તેમની આ અનુભૂતિ તેમણે જ ગુજરાતીમાં પણ રજૂ કરતાં કહ્યું: 'આમનું ઑપરેશન કરતાં જે અનુભવ મને થયો તે ક્યારેય બીજા અનુભવો સાથે સરખાવી ન શકાય.'

ભાવાવેશમાં પાછા અંગ્રેજીમાં બોલવા લાગ્યા:

'I haven't got it again, but that time it felt as if I was operating on somebody special. And my feeling now is, this man was destined, to be the chief of this organization. But I had that feeling at that stage when I operated him.' (હું તેને ફરી વાર મેળવી ન શકું, પણ તે વખતે મને લાગ્યું કે હું કોઈ ખાસ વ્યક્તિ પર ઑપરેશન કરી રહ્યો છું. અને અત્યારે મને અનુભવ થાય છે કે આ પુરુષ અલગ હતા, આ સંસ્થાના પ્રમુખ બનનાર, પણ આ અનુભૂતિ હું તેમનું ઑપરેશન કરતો હતો ત્યારે થઈ રહી હતી.)

ભાવમાં ને ભાવમાં તે હિન્દીમાં પણ બોલવા લાગ્યા:

''उस वक्त मैंने तेजस को कहा कि मुझे कुछ अलग अनुभव हो रहा है।''

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે: 'The whole world is trying to get closer to his heart and you are the only privileged person who actually touched his heart.' (આખી દુનિયા તેઓના હૃદયની નજીક આવવા મથી રહી છે, અને તમો એક જ એવા ભાગ્યશાળી વ્યક્તિ છો, જેમણે ખરેખર તેઓના હૃદયનો સ્પર્શ કર્યો છે.)

ભટ્ટાચાર્યજી કહે: 'I had a glimpse of the divine feeling on that day.' (મને એ દિવ્ય અનુભવની ઝલક એ દિવસે થઈ હતી.)

પછી કહે: 'I believe that there is a super-natural power, which touches and goes.' (હું માનું છું કે એક દિવ્ય અલૌકિક શક્તિ છે, જે સ્પર્શીને જતી રહે છે.)

જેવી અનુભૂતિ પ્રમુખસ્વામી મહારાજનું ઑપરેશન કરતાં ડૉ. સુબ્રમણ્યમને થઈ હતી તેવી જ અનુભૂતિ ડૉ. ભટ્ટાચાર્યને થઈ. જો કે સત્પુરુષ એના એ હોય તો અનુભૂતિ જુદી કેવી રીતે હોય! ભટ્ટાચાર્યજી બુદ્ધિ, તર્ક અને કર્મપ્રધાન વ્યક્તિ છે. તે કોઈનીય શેહ-શરમમાં દબાયા વગર કાર્ય કરે છે. પણ તે સ્વામીશ્રીથી ખરેખર ખૂબ પ્રભાવિત હતા. તેથી મુંબઈ પરત પધાર્યા બાદ તેમણે બ્રહ્મવિહારીદાસ સ્વામીને ઈમેલ કર્યો: 'Every word I said is true from my heart.' (હું બોલ્યો તે પ્રત્યેક શબ્દ સત્ય અને મારા હૃદયમાંથી ઉદ્‌ભવેલો છે.)

•

તા. ૧૫-૬-૨૦૧૭, દિલ્હીથી લંડન જતાં પ્લેનમાં

ભોજન બાદ આજે સિનિયર પાઈલટ જેરેમી પામર સ્વામીશ્રીને મળવા આવ્યા. બ્રિટિશ ઍરવેઝના અગત્યના નિર્ણયોમાં પણ તેઓનો ફાળો હોય છે.

તેમણે સ્વામીશ્રીને કહ્યું: 'મીનેશ મારો મિત્ર છે. તેને કારણે મને આપની નજીક આવવાની તક મળી. હું લંડન મંદિરે પણ ગયો છું. પ્રમુખસ્વામી મહારાજ વિશે પણ જાણું છું, પણ તેઓનાં પ્રત્યક્ષ દર્શનની તક નહોતી મળી. આજે મને આપનામાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં. આપના દ્વારા હું પ્રમુખસ્વામી મહારાજને મળ્યો. અને મને ભગવાનને મળ્યાનો અનુભવ થાય છે. આ અનુભવ હું મારા મંક, પ્રિસ્ટ અને નન્સને કહીશ.' આ બોલતાં બોલતાં જેરેમીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

સ્વામીશ્રીના હાથ પોતાના હાથમાં લઈને તે પ્રેમથી દબાવવા લાગ્યા. સંતોએ તેમને સ્વામીશ્રીની સામેની સીટ પર બેસાડ્યા. તેમણે કહ્યું: 'હું ચુસ્ત ક્રિશ્ચિયન ફોલોઅર છું.'

સ્વામીશ્રી તેમના અનુભવને વધુ દૃઢ કરાવતાં કહે: 'ક્લોસર ટુ ગૉડ!' (ભગવાનની વધુ સમીપ.)

જેરેમીએ પણ કહ્યું: 'હું અનુભવું છું કે હું આપની નજીક છું. હું અને અમારા પાદરીઓ ચર્ચમાં આપના માટે પ્રાર્થના કરીશું. હું તે બધાને આપની વાત કહીશ.'

પછી તેણે કહ્યું: 'હું અને મીનેશ મિત્ર છીએ. તેમાં બે વાતો કોમન (સરખી) છે, જેના કારણે અમે મિત્રો છીએ. એક તો ભગવાનને કારણે અને બીજું આપના દ્વારા અમે બંને ભગવાનને મળ્યા તેને કારણે.'

જેરેમીનું હૃદય પણ કબૂલી ઊઠ્યું કે સ્વામીશ્રી જેવા સંત તે સ્વયં હરિનું સ્વરૂપ છે.

•

તા. ૧૫-૬-૨૦૧૭, દિલ્હીથી લંડન જતાં પ્લેનમાં

પત્રલેખનમાં સેવા કરતા રોશન નામના યુવકે સ્વામીશ્રીને આ વિમાનના એક મહિલા કર્મચારીની વાત કરી. રોશને જણાવ્યું કે – ''જ્યારે તે બહેન મળ્યાં ત્યારે તેમણે કહ્યું કે 'મારી આજે ડ્યૂટી નથી, પણ મહંત સ્વામી મહારાજનાં દર્શન થાય તેથી હું યાત્રિક તરીકે આ વિમાનમાં આવી છું. મેં પ્રમુખસ્વામી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન ક્યારેય કર્યાં નથી, પણ મહંત સ્વામી મહારાજ દ્વારા મેં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં.'

વળી, આગળ તે બહેન કહે – 'આજે મને બ્રહ્મચર્યની વ્યાખ્યા મહંત સ્વામી મહારાજની આંખોમાંથી ખબર પડી. મેં વાંચ્યું છે કે જે બ્રહ્મચર્ય પાળે તેની આંખોમાંથી તેજ નીકળે છે. તેવો અનુભવ મને મહંત સ્વામી મહારાજનાં દર્શન વખતે થયો.''

•

તા. ૧-૭-૨૦૧૭, એટલાન્ટા

આજે સ્વામીશ્રીના રાત્રિભોજન વખતે ગુણસાગરદાસ સ્વામીએ વાત કરી :

''કપિલ ચોથાણી 'સોકી(SOKI)' મોબાઈલ ડિવાઈઝ મૅનેજમૅન્ટ કંપનીમાં નોકરી કરે છે. આપનું ૧૫મી જૂને લંડનમાં જે સ્વાગત થયું, તેનાં તેઓ લાઈવ દર્શન કરતા હતા. આ દર્શનથી થયેલો અનુભવ તેમણે મને કહ્યો. તે તેમના જ શબ્દોમાં સાંભળીએ. તેમણે કહ્યું:

'સ્વાગત-સભામાં હાથમાં હરિકૃષ્ણ મહારાજને લઈને પ્રવેશતા સ્વામીશ્રીનાં દર્શન કરીને મારી આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ખરું કહો

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ પર)

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

# સુખ અને શાંતિની ચાવી



'જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે. તેમાં પણ મત્સર છે તે સર્વ વિકારમાત્રનો આધાર છે; માટે શ્રીવ્યાસજીએ શ્રીમદ્‌ભાગવતને વિષે નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે.'

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**


(વચનામૃત કારિયાણી પ્રકરણ ૬)



કારિયાણીના છઠ્ઠા વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને શુદ્ધ ભક્તિની વાત કરી છે. દીવ બંદરના હરિભક્તની ભેટ - પૂજા તેમણે આસન ઉપરથી ઊભા થઈને સામે ચાલીને અંગીકાર કરી. દિવાળીનાં ભારે ભારે વસ્ત્ર તો પહેરેલાં જ હતાં, છતાંય તે ત્યાં ને ત્યાં બદલીને આ વસ્ત્ર ખૂબ જ રાજીપાથી અંગીકાર કર્યાં. અને પછી બોલ્યા : ''આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી થયા નથી. આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો.''

આ અમૃતવચનો ઉપરથી જણાય છે કે બીજાની ભેટ કે પૂજાસામગ્રીમાં આવો ભાવ ન હતો. સત્સંગમાં આવ્યે શ્રીજીમહારાજને વીસ વીસ વર્ષ થયાં છતાં આવો પરિપૂર્ણ ભાવ દેખાયો નહીં.

આપણે પણ તપાસ કરીએ તો આપણામાં આવું હોઈ શકે. આપણે જે કાંઈ કરીએ છીએ તેમાં ૭૫ ટકા ભગવાન ને સંતને રાજી કરવા અને બાકીના ૨૫ ટકામાં પોતાની જાતને, બીજા લોકોને રાજી કરવા કરીએ છીએ. મનધાર્યું કરવું, ઈર્ષ્યાથી કરવું, શ્રદ્ધામાં ખામી વગેરે હોવાથી પૂરો રાજીપો પ્રાપ્ત થતો નથી. પૂર્ણકામ મનાતું નથી. દોષો ટળતા નથી. દીવ બંદરના હરિભક્તે કેવળ શ્રીજીમહારાજને રાજી કરવા માટે જ કર્યું, બીજી કાંઈ સેળભેળ નહીં. આપણે ભગવાન અને ગુરુને રાજી કરવાના ભાવમાં પણ ૫-૨૫ કે ૫૦ ટકા બીજું પણ હોય.



શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છેઃ 'માન વિના એકલી ભક્તિ પણ કરવી ગમે નહીં.' ક્યારેક ઈર્ષ્યાથી થાય, ક્યારેક કો'કને પાછા પાડવા માટે, ક્યારેક શ્રદ્ધાએ રહિત, ક્યારેક મન-ધારી ભક્તિ થાય. જાણવા છતાંય થઈ જાય કે - 'આટલો વખત આમ કરી લેવા દો, પછી ફરી વાત. ફરી બરાબર કરી લઈશ.' પણ 'ફરી'નો 'કાલ'ની જેમ અંત આવતો જ નથી!

બધા દોષોમાં મત્સરને તો સર્વે વિકારોનો આધાર કહી દીધો. તેથી નિર્મત્સર સંતને ભાગવત ધર્મના અધિકારી કહ્યા.

ઈર્ષ્યા એટલે શું? પોતાને સમાન હોય તેનો પણ ઉત્કર્ષ ન ખમાય તે. મત્સરવાળો તો પોતાને સમાન કે અસમાન, કોઈનો પણ ઉત્કર્ષ ન સહન કરી શકે. અસૂયાવાળો તો ગુણોને પણ અવગુણ કરી બતાવે.

માન બધાનો બાપ છે. શ્રીજીમહારાજે કહ્યું કે, પોતાને કોઈ ન વખાણે (અપમાન કરે એમ નહીં, પણ વખાણે જ નહીં તો પણ) તો તેના ૧૦૦ ગુણ દાબી દઈને જેવો તેવો સામાન્ય અવગુણ હોય તે પણ ગા ગા કરે. પોતાની લાયકાત હોય અથવા ન હોય, માન મળવું જ જોઈએ - એવું રહે. બીજાને માન મળે, પોતાને ન મળે ત્યારે તો ભારે થાય. લાયકાત નથી તોપણ આવી ઇચ્છા રહે તો બે-ચાર ગુણ હોય ત્યારે જો માન ન મળે તો ધોખો કેમ ન કરે? કરે જ!

બીજી બાજુ કોઈ વખાણતો હોય અને તે વખાણનારના ૧૦૦ અવગુણ હોય તો તે દાબી દઈને એક ગુણને ગા ગા કરે.

આ સત્ય વાત સાક્ષાત્ ભગવાને કરી છે. તો આ વાત દરેકને લાગુ પડે. તપાસ વિના નહીં જ ખબર પડે.

Deepest craving in human being is to be appreciated. (માનવની ઊંડામાં ઊંડી પ્રબળ આકાંક્ષા છે - પોતે વખણાય તે.) આખા જગતનો વ્યવહાર અને અવળાસવળીનો આધાર આ વાત ઉપર જ છે. વિશ્વયુદ્ધોનું મૂળ પણ અહીં છે.

માન નથી મળતું ત્યારે ક્રોધ અને ઈર્ષ્યા પ્રગટે છે. શિવજીની સભામાં દક્ષ પ્રજાપતિને માન ન મળ્યું. ત્યાં તો કેટલો બધો વિક્ષેપ ઊભો થયો! દરેકને માન જોઈએ. પશુપક્ષી પણ બાકાત નથી રહેતાં. એક રેસનો ઘોડો એક જ વાર બીજા નંબરે આવ્યો તો તેનું ૧૪ રતલ વજન ઘટી ગયું!

માન નથી મળતું ત્યારે ઈર્ષ્યા પ્રગટે છે. ઘણીવાર એવું હોય કે કોઈ પોતાને સમાન હોય પણ આગળ વધ્યો હોય તો ઈર્ષ્યા રહ્યા કરે. એનું બગડે, અહિત થાય એવું કાંઈ ન ઇચ્છે કે ન કરે, પણ તોય પોતાને સુખ ન રહે, ખૂંચ્યા કરે. પગમાં

કાંટો વાગ્યો હોય તો ગમે એવા સારા બૂટ પહેર્યા હોય પણ ચાલતા ફાવે જ નહીં. તેમ ઈર્ષ્યા પેઠી પછી કરોડ રૂપિયા હોય કે ગમે તેવો હોદ્દો હોય પણ સુખ થાય જ નહીં. અસુખ રહ્યા કરે. તેને ખબર પણ પડે નહીં.

બે ઓફિસરો હતા. બંનેને સરખો પગાર. બાજુ બાજુમાં મકાન. સાંજ પડે ઘરે આવે, જમે અને એક બીજાને ત્યાં બેસવા જાય. ચાર વર્ષ સુધી વાંધો ન આવ્યો. ભાઈબંધી અને પાડોશનું સુખ માણ્યું. પરંતુ એકવાર એકને ત્યાં રેફ્રિજરેટર આવ્યું ને બીજાને થઈ ઈર્ષ્યા. રેફ્રિજરેટરવાળા ભાઈ ટાઢું પાણી પીને સૂઈ ગયા - પણ બધી ગરમી બીજાને ત્યાં આવી! ઊંઘ ઊડી ગઈ! થોડીવાર જાગે અને વિચારે: 'આને તો ઘરમાં પાંચ જણ ખાનારા છે, અને મારે તો ત્રણ જ છે. પગાર બંનેનો સરખો છે. છતાં આ ફ્રીઝ લાવ્યો ક્યાંથી?' પછી તો એકબીજાને ત્યાં ઊઠ-બેસ, આવવું-જવું બંધ થયું. એમાં એનો એક પૈસો પણ બગડ્યો કે વપરાયો નહોતો. પણ ઈર્ષ્યાના ભોગ બન્યા. તે કોલોનીમાં કેટલાક પાસે તો સારી કાર પણ આવી ગઈ હતી, પણ તેની ઈર્ષ્યા ન આવી. અરે, આ ભાઈ સાથે પહેલેથી ઊઠબેસ ન હોત તો ઈર્ષ્યા ન થાત. પણ જેમ સંબંધ વધુ નિકટ થાય તેમ આ બધું બનતું હોય છે. ભાઈ-ભાઈમાં, કુટુંબી-કુટુંબીમાં વધુ બને. બીજા આગળ આવી જાય તેના કરતાં ભાઈ આગળ હોય તો વધારે ઈર્ષ્યા થાય. આમ ઈર્ષ્યા થાય પછી ક્યાંથી સુખ આવે?

તેથી આગળ વધીને ઈર્ષ્યા હોય તો બીજાનો ઉત્કર્ષ સહન ન થાય. તેનું બગડે એવી ઇચ્છા રહે. બગડે તો તો ખરેખર રાજી થવાય. તેથીયે આગળ વધીને જાતે બગાડે! સ્વયં અથવા બીજા પાસે. અને આવી રીતે પોતાને સમાન અથવા અસમાન કોઈનોય ઉત્કર્ષ સહન ન કરી શકે તે મત્સર કહેવાય. શ્રીજીમહારાજે આ વચનામૃતમાં (કારિયાણી પ્રકરણ ૬માં) કહ્યું છે કે, કો'ક લે, કો'ક દે અને વચ્ચે ઠાલો ઠાલો બળી મરે તે મત્સરવાળો કહેવાય.

તેથી આગળ વધીને, કોઈના ગુણો હોય તેને પણ અવગુણ કરી દેખાડે અને દ્વેષ કર્યા કરે તે અસૂયા. તેથી આગળ તો દ્રોહ ઉપર વાત જતી રહે. જ્યારે ભગવાન કે ભગવાનના ભક્ત સાથે આવી અથડામણ થાય ત્યારે તો બુદ્ધિ અને જીવ આસુરી થઈ જાય. ગમે તેટલો દ્રોહ કરે પણ સંતોષ થાય જ નહીં.

એટલે જ ભગવાન અને સંતો આવા દોષો લેશમાત્ર રાખવાની ના જ પાડે છે. તેમાં જરાય પણ રાજી નહીં. તેમને તે સાથે બને પણ નહીં. માનયુક્ત ભક્તિ આસુરી કહેવાય. હઠ, માન, ઈર્ષ્યા મૂકવાં અને શ્રદ્ધા, ખપ, સમાગમ વધારવાં. શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરીએ તે ભગવાન અને સંતને ગમે.

કોઈ ભક્તનું માન-સન્માન થતું હોય અને કોઈને ઈર્ષ્યા થઈ, પછી તે ભક્તનું જ્યારે અપમાન થાય તો તે રાજી થાય જ. ધારો કે અપમાન ન થયું, પણ બીજું ગમે તે પ્રકારે તેના સંબંધીનું બગડે, તેના મિત્રોનું બગડે, તેનો કોઈ પદાર્થ તૂટે, ફૂટે, એવું જે કાંઈ થાય તો (જે કારણથી ઈર્ષ્યા થઈ હોય તે સિવાય બીજું ગમે તે પ્રકારે બગાડે કે પાછો પડે તોપણ) ઈર્ષ્યાવાળો રાજી થાય.

કોઈ સાથે સંબંધો સારા હોય ત્યારે તેનો ઉત્કર્ષ ખમાય, પણ સંબંધો બગડે ત્યારે ઉત્કર્ષ સહન ન થાય. પહેલાં તેનો ઉત્કર્ષ ગમતો હતો પણ હવે ન ગમે. ત્યારે ઈર્ષ્યા થાય. તેમાં સારી પેઠે દોષ પરઠવા લાગે. તેનું ખૂબ બગડે ત્યાં સુધી વિચાર પહોંચી શકે. સગા ભાઈઓ હોય, વર્ષોથી ભેગા હોય પણ બગડે ત્યારે ઘોર દુશ્મનાવટ થઈ જાય.

આવા પ્રસંગે સમજણ કરવી કે એ એના નસીબનું, પ્રારબ્ધનું, પૂર્વના કર્મનું, મહેનતનું એ ભોગવે છે. આપણે પણ પરિશ્રમ અને પ્રાર્થના કરી એવું પ્રાપ્ત કરીએ. તેથી આગળ વધીને 'કેવળ ભગવાનની ભક્તિ જ સુખદાયી છે' એવી સમજણ કરવી.

યોગીબાપા કહેતા – 'ભગવાન સૌનું ભલું કરો.' આપણાથી પ્રામાણિકપણે આમ બોલાય એમ નથી. 'ઓલ્યા (જેની સાથે ઈર્ષ્યા) તો 'સરખા' થવા જ જોઈએ!' એમ રહે. યોગીબાપા તો 'એમના ઉપર કોઈ ઈર્ષ્યા કરે છે' એવી વાત પણ સ્વીકારે નહીં. એક વાર બધા કહે: 'બાપા, પેલી વ્યક્તિને આપના ઉપર ભયંકર ઈર્ષ્યા છે, તે આપનો ઉત્કર્ષ ખમી શકતા નથી.' ત્યારે યોગીબાપાએ સ્પષ્ટ ના પાડી, 'કોઈ ઈર્ષ્યા કરતું નથી.' યોગીબાપા તો એવી કલ્પના પણ ન કરી શકે કે એમના ઉપર કોઈ ઈર્ષ્યા કરે છે.

તેના મૂળમાં અહંશૂન્યતા હતી. માન હોય તો બધા જ ભૌતિક સુખ હોય તોય દુઃખ ન મટે. સાચે જ મહારાજે કહ્યું છે કે, માનમાં દંભ, અદેખાઈ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ વગેરે બધા દોષો રહેલા છે. માનને ટાળીએ તે જ સુખ અને શાંતિની ચાવી છે. પરંતુ માન ટાળવું સહેલું નથી. ભગવાનના ભક્ત હોય તેને પણ માન વિનાની ભક્તિ કરવી સારી લાગે નહીં. ભગવાનની સાચી ભક્તિ વિના માન જાય એમ નથી. તે માટે પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંત જોઈએ, જેની કૃપાથી શુદ્ધ ભક્તિ કરી શકાય. એવી શુદ્ધ ભક્તિ સૌમાં ઉદય થાય, સુખ-શાંતિની ચાવી સૌને પ્રાપ્ત થાય તે માટે પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થના. ◆

વચનામૃત
દ્વિ શ તા બ્દી મ હો ત્સ વ



## આમ થાય અંતઃકરણની
# સર્વાંગ શુદ્ધિ

**વચનામૃત ચિંતનઃ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮**

■ શ્રી હર્ષદરાય ટી. દવે

અક્ષરનિવાસી ભક્તરાજ હર્ષદરાય ત્રિભોવનદાસ દવે એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિપુલ ઐતિહાસિક સાહિત્ય સર્જનાર સંપ્રદાયના અભિનવ વ્યાસ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર હર્ષદભાઈ સંપ્રદાયના રહસ્ય ગ્રંથોના એક નિરાળા મર્મજ્ઞ હતા. એક પ્રખર વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણનાં તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક રહસ્યોના ઊંડા અભ્યાસી તરીકે તેઓ સૌના દિલમાં સ્થાન પામ્યા હતા. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો સુધી સંતોએ તેમના મુખેથી મુંબઈમાં નિત્ય વચનામૃતનું ચિંતન-મનન-નિરૂપણ સાંભળવાનો લહાવો લીધો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો પરનું તેમનું મનનીય ચિંતન 'સ્વામિનારાયણ પ્રકાશ'માં ૧૯૬૦-૭૦ના દાયકામાં શ્રેણીબદ્ધ રીતે પ્રકાશિત થતું રહ્યું હતું. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે તેમની રોચક કલમે લખાયેલા વચનામૃતના એ ચિંતનાત્મક લેખોની શ્રેણીને પુનઃ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પૃષ્ઠપટ પર માણતા રહીશું...

હરિભક્તોનો એક સંઘ શ્રીહરિનાં દર્શન-સમાગમ કરી પાછો પોતાને વતન જતાં પહેલાં શ્રીહરિનાં દર્શને આવ્યો ને પ્રાર્થના કરીઃ 'અમે ગામ પાછા જઈએ છીએ. ભૂલચૂક ક્ષમા કરજો અને અમારા ઉપર રાજી રહેજો.' શ્રીહરિએ સહુને આશીર્વાદ આપ્યા અને વિદાય આપતાં કહ્યુંઃ 'તમે પણ અમારા ઉપર રાજી રહેજો.'

શ્રીહરિનાં દિવ્યભાવ અને મનુષ્યભાવથી ભરેલાં અનેકવિધ ચરિત્રોનું ગાન કરતાં કરતાં સહુ જતા હતા. વિદાય આપતાં શ્રીહરિએ કહેલું કે 'તમે અમારા ઉપર રાજી રહેજો.' એ વચનોનો સહુ વિચાર કરવા લાગ્યા. શ્રીહરિ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. એમને તો કંઈ કરવાનું, પામવાનું, સમજવાનું, જાણવાનું બાકી નથી, પૂર્ણકામ છે, સર્વોપરિ છે, સર્વે અવતારના અવતારી છે, સર્વે કારણના કારણ છે. છતાં જીવદશાના આપણને એમના પર રાજી રહેવા કેમ કહ્યું? અંદરોઅંદર સહુ ચર્ચા કરવા લાગ્યા. પણ એ શંકાનું સમાધાન ન થયું. એટલે બે ગાઉ ચાલી પાછા આવી શ્રીહરિને પ્રશ્ન પૂછ્યોઃ 'હે મહારાજ! આપે કહ્યું, 'અમારા ઉપર રાજી રહેજો' એ આપનું વચન સમજાયું નહીં

માટે કૃપા કરી ઉત્તર કરો.'

શ્રીહરિએ કહ્યું : 'આ અંતઃકરણ દોઢ આંગળનું છે. તેમાં હું રહું છું. મને એમાં રાખવો હોય તો અંતર શુદ્ધ રાખજો, એ રાજી રહેવાનો અર્થ છે.'

આમ ભગવાનને અંતઃકરણમાં પધરાવવા હોય તો તેને શુદ્ધ રાખવું અનિવાર્ય છે. તે વિના પરમાત્માનો વાસ અંતરમાં થાય નહીં. આપણને જ્યાં ગંદકી હોય ત્યાં રહેવાનું કે બેસવાનું મન થતું નથી. કામ, ક્રોધ, લોભ, રસાસ્વાદ, સ્નેહ અને માન એ પાંચ મુખ્ય દોષો અને એ દોષોને આશરે રહેલા ઈર્ષ્યા, મત્સર, અસૂયા, દંભ, કપટ વગેરે અનેક વિકારોથી ભરેલા અશુદ્ધ અંતઃકરણમાં પરમાત્મા ક્યાંથી બિરાજે?

આપણું ઘર આપણે રોજરોજ વાળીઝૂડીને સાફ કરીએ છીએ, રોજ સ્નાન કરી શરીર શુદ્ધ કરીએ છીએ. પણ ક્યારેય અંતરશુદ્ધિ માટે વિચાર કર્યો છે? તેનો કોઈ ઉપાય શોધ્યો છે? પોતાના જીવનમાં એ ઉપાય આચરવાનો પ્રયત્ન કદીયે કર્યો છે?

શ્રીહરિ વેદ-વેદાંત આદિ સર્વે શાસ્ત્રો અને સ્વાનુભવના પરિપાકરૂપે અંતઃકરણની શુદ્ધિનો સરળ, સચોટ અને સર્વ-સુલભ ઉપાય બતાવતાં વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮માં કહે છે, 'ઇન્દ્રિયોની જે ક્રિયા છે તે જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય.'

અંતરમાં જે અશુદ્ધિ ભેગી થઈ છે તેનું પ્રવેશદ્વાર ઇન્દ્રિયો છે. (ગઢડા મધ્ય પ્રકરણ ૨) ઇન્દ્રિયો જ્યારે ભગવાન અને સંતની સેવામાં જોડાય છે ત્યારે બહારથી નવા વિકારો પ્રવેશ થઈ શકતા નથી. પૂર્વે જે પ્રવેશ થયા છે તે દૂર થાય છે.

ઇન્દ્રિયો સિંહ જેવી છે. સિંહ જેમ મનુષ્ય કે પશુને ત્રાસ આપે છે એમ ઇન્દ્રિયો પણ જીવને હેરાન કરે છે. પરંતુ જેમ સર્કસવાળા સિંહને વશ કરી લે છે તો તે જ સિંહ તેમને કમાણીનું સાધન બને છે. એમ જો ઇન્દ્રિયોને નિયમ રૂપી પાંજરામાં રાખી વશ કરવામાં આવે તો અંતઃકરણની શુદ્ધિ થાય છે. અક્ષરધામના દિવ્ય સુખની કમાણી થાય છે. પણ જો ઇન્દ્રિયો શાસ્ત્રોક્ત મર્યાદા બહાર વિષયો ભોગવે તો અંતઃકરણ ગોબરું થઈ જાય છે અને અંતે ભ્રષ્ટ થઈ જીવને કલ્યાણના માર્ગથી પાડી દે છે.

સાંભળવું એ શ્રોત્રનો વિષય છે. ભગવાનનો ભક્ત થાય તે ભગવાનનાં કથાકીર્તનાદિ સાંભળી રાજી થાય અને અભક્ત હોય તે માયિક શબ્દ - સિનેમા - નાટક વગેરે સાંભળી આનંદ પામે છે. એ જ રીતે બીજી ઇન્દ્રિયો દ્વારા જે વિષયો ભોગવાય છે તેમાં ભક્ત ને અભક્તમાં ભેદ છે. (ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨)

ઇન્દ્રિયો દ્વારા અંતઃકરણમાં પ્રવેશ થતા પંચવિષયની અંતઃકરણ ઉપર શું શું અસર થાય છે તેનું વિશદ નિરૂપણ કરતાં શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮માં કહે છે : 'જીવ શ્રોત્રદ્વારે અનંત પ્રકારના શબ્દને સાંભળે છે. તે શબ્દના પણ અનંત પ્રકારના ગુણ જુદા જુદા છે. તે જેવો શબ્દ સાંભળે તેવો જ અંતઃકરણમાં ગુણ પ્રવર્તે છે. જેમ કોઈ હત્યારો જીવ હોય અથવા કોઈ પુરુષ વ્યભિચારી હોય અથવા કોઈ સ્ત્રી વ્યભિચારિણી હોય અથવા લોક અને વેદની મર્યાદાને લોપીને વર્તતો એવો કોઈક ભ્રષ્ટ જીવ હોય તેમની જે વાત સાંભળવી તે તો જેવી લીલાગર ભાંગ્ય પીએ અથવા દારૂ પીએ એવી છે. માટે તે વાતના સાંભળનારાના અંતઃકરણને ભ્રષ્ટ કરી નાખે છે અને ભગવાનનું ભજન, સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાંખે છે.'

આ જ રીતે જગત સંબંધી સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ વિષયોની અંતઃકરણ ઉપર વિકૃત અસર થાય છે.

વળી, એ જ વચનામૃતમાં શ્રીહરિ આગળ કહે છે : 'જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમ જ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે. અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તોપણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે.'

આ જ રીતે ભગવાન સંબંધી સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તેની અંતઃકરણ ઉપર સારી અસર થાય છે.

શ્રીહરિનાં આ વચનો વિચારી વર્તવાનો આદર કરીએ તો શારીરિક, વ્યાવહારિક ને માનસિક અનેક દુઃખોમાંથી મુક્તિ મેળવી, પરમ સુખના અધિકારી દેહ છતાં જ થવાય તે વાતમાં જરાય સંશય નથી.

શ્રીહરિએ આપણા ઉપર દયા કરી આ પવિત્ર ભરતખંડમાં શ્રેષ્ઠ એવો મનુષ્યદેહ આપ્યો છે અને ભગવદ્ભાવને પામેલા ગુણાતીત સત્પુરુષ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રીનો આપણને યોગ પણ આપ્યો છે. આ સત્પુરુષનો મન, કર્મ, વચને સમાગમ કરી ઇન્દ્રિયોને ભગવાન અને સંતની સેવામાં જોડાવાનો યોગ પ્રાપ્ત થયો છે. સોનામાં સુગંધ ભળે એવો સુમેળ આજે સધાયો છે. તે અમૂલ્ય અવસર સાચવી મનુષ્ય જીવન સાર્થક કરવાની પ્રેરણા અને બળ તથા બુદ્ધિયોગ શ્રીહરિ અને સ્વામીશ્રી તથા સંતો સહુને અર્પે એ જ યાચના. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૧ પરથી)

તો પ્રમુખસ્વામી મહારાજમાંથી મહંત સ્વામી મહારાજમાં પ્રતીતિ લાવવાની પ્રૉસેસ મારા માટે અઘરી હતી, પણ આ દર્શનમાં મને એવી જ અનુભૂતિ, એવી જ ઉત્તેજના થઈ, જેવી પ્રમુખસ્વામી મહારાજ ૨૦૧૪માં અહીં અમેરિકા આવ્યા હતા !

અને વધુમાં તો હું આ લાઈવ દર્શન કરતો હતો, ત્યારે મારી કંપનીના ડાઈરેક્ટર મારી બાજુમાં આવીને આ દર્શન કરવા ઊભા રહ્યા. તેમને જોઈને બીજા ચાર-પાંચ જણા પણ ભેગા થઈ ગયા. ડાઈરેક્ટરે પહેલી જ વાર સ્ક્રીન પર દર્શન કર્યાં અને તરત જ બોલી ઊઠ્યા : 'Your guru is divine. The divinity in his eyes and spark on his face are priceless. Are you sure he is not the angel come down on this earth?' (તારા ગુરુ દિવ્ય છે. તેઓની આંખોમાંની દિવ્યતા અને ચહેરા પરનું તેજ અમૂલ્ય છે. તે પૃથ્વી પર અવતરેલા દેવદૂત તો નથી ને ?)

આ સાંભળીને મારી ઉત્તેજના ઓર વધી ગઈ, રૂંવાડાં વધુ ઊભાં થઈ ગયાં અને આંખોમાં આંસુનો પ્રવાહ પણ વહેવા લાગ્યો.''

•

તા. ૨૦-૯-૨૦૧૭, રોબિન્સવિલ

**આ**જે સ્વામીશ્રીનાં ભોજન-દર્શન દરમિયાન ખાસ પોતાની કળા પાવન કરવા પદ્મવિભૂષણ ઉસ્તાદ સાબરીખાનના સુપુત્ર વિશ્વપ્રસિદ્ધ સારંગીવાદક ઉસ્તાદ કમાલ સાબરી આવ્યા હતા.

તે દર વર્ષે સારંગીવાદનનો કાર્યક્રમ આપવા અમેરિકા અને ટોરન્ટો આવે છે. આ વખતે તે અમેરિકા આવ્યા ત્યારે ગુણસાગરદાસ સ્વામીને મળવા ફોન કર્યો. ગુણસાગરદાસ સ્વામીએ જણાવ્યું કે 'તે ગુરુ મહંત સ્વામી મહારાજનાં દર્શન-સમાગમનો લાભ લઈ રહ્યા છે.'

શ્રી કમાલ સાબરી ચુસ્ત મુસલમાન છે, પણ આપણાં મંદિરો અને સંતોથી પ્રભાવિત છે. સ્વામીશ્રીનું નામ સાંભળતાં જ તેમણે સ્વામીશ્રીનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા દર્શાવી અને જો શક્ય હોય તો કળા રજૂ કરવાની પણ... તેમણે કહ્યું : 'સ્ટેજ હોય કે ન હોય, મારે તો મારી કળા પાવન કરવી છે, બસ...'

અત્યારે સ્વામીશ્રીનાં ભોજન-દર્શન દરમિયાન તેમની ઇચ્છા પૂર્ણ થાય તેવું આયોજન શક્ય બની ગયું.

સ્વામીશ્રીને પ્રણિપાત કરીને ખૂબ ભાવથી તેમણે સારંગીના સૂરો છેડ્યા...

ત્યારબાદ શ્રી કમાલને જમવા લઈ ગયા ત્યારે સંતોને તેમણે જમતાં જમતાં વાત કરી કે 'હું સારંગી વગાડતાં સ્વામીશ્રી સામે જોઈ રહ્યો હતો ત્યારે આંખ એવી મળી - ને તેઓની આંખોમાંથી જે તેજ નીકળ્યું તે હું જીરવી ન શક્યો. મારી આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં... એમની દિવ્યતા, એમની પવિત્રતા, એમનું વ્યક્તિત્વ મને સ્પર્શી ગયું.'

ગઈકાલે એક શ્વેતરંગી ઉદ્યોગપતિ અને આજે એક મુસ્લિમ કલાપતિ સ્વામીશ્રીથી આકર્ષાયા. ખરેખર, સ્વામીશ્રી સૌના છે.

•

તા. ૨૪-૯-૨૦૧૭, લંડન

**આ**જે અક્ષરપુરુષોત્તમ દર્શન વિષય પર છાવણી એટલે કે જ્ઞાનસત્રનો એક દિવસીય કાર્યક્રમ વહેલી સવારથી શરૂ થયો હતો. સવારે તો સ્વામીશ્રીએ તેનું શ્રવણ કર્યું હતું, પરંતુ બપોર પછીના સત્રમાં પણ સમય કરતાં વહેલાં કથાશ્રવણ માટે આવી ગયા. સ્વામીશ્રી ૩-૫૫ વાગે તો વક્તા આવે તે પહેલાં બિરાજી ગયા હતા. ત્યારથી લઈને સાંજે ૭-૩૦ વાગ્યા સુધી સતત ૨૧૫ મિનિટ સુધી સૌથી શ્રેષ્ઠ શ્રોતા થઈને બેઠા. લઘુશંકા કરવા પણ ઊભા ન થયા. પગ પર પગ પણ ચઢાવ્યો નહોતો. પાણી પણ ન પીધું. ઝોકાં અને કંટાળાની તો વાત જ ક્યાં ? સતત માળાજાપ કરતાં કરતાં એકદમ ધ્યાનપૂર્વક અને રસપૂર્વક શબ્દે શબ્દ સાંભળ્યો !

શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૪૯માં પોતાના માટે વાપરેલા શબ્દો – 'અમારે તો ભગવાનની કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી.' સ્વામીશ્રીમાં દૃષ્ટિગોચર થયા.

•


તા. ૧૦-૧૦-૨૦૧૭, લંડન

**સ્વા**મીશ્રી વૉકિંગ કરીને નિજકક્ષમાં પધાર્યા ત્યારે મિતેષભાઈ કોલોરમા તેમના નાના બાળક ગુણસાગરને લઈને આવ્યા. ગુણસાગરે સ્વામીશ્રીને પૂછ્યું : 'How does it feel like to be a Guru ?' (ગુરુ થવાનો અનુભવ કેવો રહે છે ?)

સ્વામીશ્રી હસીને કહે : 'દાસભાવે ભક્તિ કરવી. આઈ એન્જોય (હું માણું છું) દાસભાવ !'

અહો ! સૌના ગુરુ, પોતાને સૌના દાસ માને છે અને તેમાં તેઓને આનંદ આવે છે !

(બ્રહ્મવત્સલદાસ સ્વામી દ્વારા લિખિત અને મહંત સ્વામી મહારાજના ૮૬મા જન્મજયંતી પર્વે પ્રકાશિત થનાર 'બ્રહ્મના સંગે' પુસ્તકમાંથી સંકલિત) ◆



# વચનામૃતમાં દાસભાવ

■ સાધુ યોગેન્દ્રદાસ

પરબ્રહ્મ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણ અતિ કરુણા કરીને આ પૃથ્વી ઉપર અવતર્યા. એમણે ભક્તોને અનેક પ્રકારે સુખ આપ્યું અને અવિરત કથાવાર્તાની જ્ઞાનગંગા વહાવીને બ્રહ્મવિદ્યામાં પારંગત કર્યા. એમનું જ્ઞાનામૃત વિશેષતઃ ઝિલાયું છે 'વચનામૃત' ગ્રંથમાં.

વચનામૃત એ શ્રીહરિની પરાવાણીનો સંગ્રહ છે. તમામ ગ્રંથો સ્વાભાવિક રીતે એક ખાસ વિષયનું પ્રતિપાદન કરતા હોય છે. એ રીતે વચનામૃતનો મુખ્ય વિષય છે – અધ્યાત્મ વિદ્યા. તો આ 'બ્રહ્મવિદ્યા' ઉપર લખાયેલા ગ્રંથના દરેક પ્રકરણમાં બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ હોવું જોઈએ, પરંતુ તપાસ કરતાં ખ્યાલ આવે છે કે આ ગ્રથમાં વિપુલ પ્રમાણમાં 'દાસભાવ'નું નિરૂપણ પણ થયેલું છે. વિપુલ પ્રમાણ એટલે કે ૪૪ વચનામૃતોમાં ૭૬ વખત 'દાસભાવ' ઉપર શ્રીહરિએ વાત કરી છે. અને 'દાસભાવ' શબ્દથી નહીં, પરંતુ આશ્રય, શરણાગતિ, પ્રિયતમની મરજીમાં રહેવું, સર્વસ્વ અર્પણ વગેરે શબ્દો દ્વારા દાસભાવનું નિરૂપણ કરેલું છે - આ બધું ઉમેરીએ, તો શ્રીજીમહારાજે ૬૧ વચનામૃતોમાં ૯૩ વખત દાસભાવનું પ્રતિપાદન કર્યું છે. શું આ વિષયાંતર છે? ના, શ્રીજીમહારાજના મતે 'દાસભાવ' એ બ્રહ્મવિદ્યાનું જ એક મહત્ત્વપૂર્ણ પ્રકરણ છે. આથી જ એમણે ૨૩% વચનામૃતોમાં આ વિષયની

ચર્ચા કરી છે.

આમ જુઓ તો આધ્યાત્મિક ગ્રંથોના ઇતિહાસમાં આવું પ્રથમવાર બન્યું છે કે 'દાસભાવ'ના મુદ્દાને આટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું હોય. હા, ક્યાંક ક્યાંક એનો ઉલ્લેખ જોવા મળે છે ખરો! ઉદાહરણ રૂપે –

– શ્રીમદ્ ભાગવતઃ બ્રહ્માજી તથા ઉદ્ધવજીએ ગોપીઓની ચરણરજની સ્પૃહા રાખી છે.
– મીરાંબાઈઃ મને ચાકર રાખો રે ગિરધારી....
– તુલસીદાસજીઃ તુલસી જાકે મુખનસે ભૂલે નીકલે રામ તાકે પગકી પહેનિયાં, મેરે તનકી ચામ...

પરંતુ સ્પષ્ટ છે કે એ પ્રાચીન કે અર્વાચીન રચનાઓમાં 'દાસભાવ' ઉપર શ્રીહરિએ જેટલો ભાર મૂક્યો છે, એટલો ભાર મૂકવામાં આવ્યો નથી. એટલે કે આધ્યાત્મિક ગ્રંથોના ઇતિહાસમાં આ પ્રથમ વખત એવું બન્યું છે કે 'દાસભાવ'ને એક અતિ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું હોય. એ સ્થાન આપનાર છે – ભગવાન સ્વામિનારાયણ અને એ ગ્રંથ છે – વચનામૃત.

વચનામૃતમાં શ્રીહરિએ 'દાસભાવ'ની ખૂબ જ વિશદ છણાવટ કરી છે અને એ દ્વારા દાસભાવની જુદી જુદી વ્યાખ્યાઓ પણ આપી છે. એ પૈકી આપણે એક વ્યાખ્યા ઉપર વિશેષ વિચારણા કરીએ, જે છેઃ ભગવાનના ભક્તો પ્રત્યેનો દાસભાવ.

અન્ય ધાર્મિક ગ્રંથોની સરખામણીમાં વચનામૃતમાં શ્રીહરિએ ભગવાનના ભક્તો પ્રત્યેના દાસભાવને એટલું બધું મહત્ત્વ આપ્યું છે કે એમ લાગે છે કે આ વ્યાખ્યા એ શ્રીહરિની Discovery - નવી જ શોધ છે.

આપણા જીવન સામું જોઈએ તો આપણા માટે સાધનામાર્ગમાં સૌથી અઘરી બાબત જ આ છે. આપણો અહંભાવ આપણને કોઈની આગળ ઝૂકવાની મંજૂરી આપતો નથી. જ્યારે નમવું પણ પડકારરૂપ (ચેલેન્જિંગ) હોય, ત્યારે કોઈની સેવામાં તત્પર થવું એ તો કેટલું દુષ્કર રહેવાનું!

પરંતુ સાથે સાથે એ પણ જોવા મળે છે કે શ્રીહરિ પોતે તથા તમામ ગુણાતીત ગુરુઓ પોતે સર્વ સામર્થ્યવાન હોવા છતાં એકદમ સહજપણે દાસભાવે વર્ત્યા છે અને વર્તી રહ્યા છે. આપણા માટે જે પડકારરૂપ છે, એ એમના માટે સહજ છે. આપણા જીવનમાં ક્વચિત દેખા દે છે, એ એમનું તો જીવન જ છે. એમની પ્રકૃતિ છે, એમની નાડીનો ધબકાર છે.

આપણા પરમ સૌભાગ્યની વાત એ છે કે આ બાબતના નિષ્ણાત (માસ્ટર) આપણને આ અંગેનું સુંદર માર્ગદર્શન આપી રહ્યા છે અને પોતાના જીવન દ્વારા શીખવી રહ્યા છે. આવો, આપણે એને માણીએ...

- આપણે શરૂઆત ઉદ્ધવજીથી કરીશું. ઉદ્ધવજીએ પોતાના કરતાં ગોપીઓની શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેની ભક્તિ અતિ અધિક જોઈ, તો એમણે માન મૂકીને ગોપીઓના દાસ થવાની સ્પૃહા રાખી. ઉદ્ધવજીના ભગવાનના ભક્તો પ્રત્યેના આવા દાસભાવથી જ તો ભગવાન સ્વામિનારાયણ એમના ઉપર એટલા બધા ઓવારી ગયા છે કે છ વચનામૃતોમાં તેમણે ઉદ્ધવજીની પ્રશંસા કરી છે. આમ, જુઓ તો શ્રીમદ્ ભાગવતમાં પણ વ્યાસમુનિએ ઉદ્ધવજીની પ્રશંસા છ વખત કરી નથી. એ પૈકી શ્રીહરિએ ઉચ્ચારેલાં કેટલાંક અવતરણ જોઈએઃ
- વચનામૃત કારિયાણી ૯ઃ 'જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહીં અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં. જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, 'આ ગોપીઓની ચરણરજના અધિકારી એવા જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં.' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટાં ભાગ્યવાળાં કહ્યાં છે. અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.'
- વચનામૃત લોયા ૧૬ઃ 'જુઓ ને, ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા! ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા, પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, 'એ ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને તુલસીદાસજીએ કહ્યું છે જે,

  *'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ ।*
  *તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ ॥*

  એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર

નામસ્મરણ, ભજન-કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે.'

- આના પછી તરત આવતા વચનામૃત લોયા ૧૭માં ફરી વખત શ્રીહરિએ ઉદ્ધવજીની પ્રશંસા આ જ પ્રકારના શબ્દોથી કરી છે.

  'અને એ ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે, માટે એ બહુ મોટા છે.' જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા! પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓનાં ચરણની રજને પામવાને ઈચ્છ્યા અને વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો! કેમ જે, એવા મોટા ભગવાન જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી. તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે? અને તેને નમાય કેમ નહીં? તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય.'

- વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮: અહીં શ્રીહરિ ભગવાનના સંત-ભક્તની સેવામાં તત્પર રહેવાનું કહે છે.

  'અમે પૂછીએ છીએ જે, 'દ્યુપતય એવ તે ન યયુરન્તમ-નન્તતયા' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહીં, તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે?'

  આટલું કહ્યા પછી ફરી ઉદ્ધવજીની પ્રશંસા કરી છે.

- ગઢડા પ્રથમ પ્રકરણ ૬૯ પ્રમાણે તો જેને બીજાને નિયમમાં વર્તાવવાની જવાબદારી સોંપાઈ છે, એણે પણ દાસભાવ રાખીને જ બીજા સાથે વર્તવાનું શ્રીહરિએ કહ્યું છે. જુઓ આ શબ્દો:

  'માટે સાધુને તો મન-કર્મ-વચને કરીને કોઈનું ભૂંડું વાંચવું નહીં અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહીં અને સર્વના દાસાનુદાસ થઈને રહેવું. અને ક્રોધે યુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે. અને કોઈ કહેશે જે, 'હજારો માણસને નિયમમાં વર્તાવવાં હોય તેને કેમ સાધુતા ગ્રહણ કર્યે ચાલે?' તો એનો ઉત્તર એ છે જે, રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું તોય પણ સાધુતા રાખી હતી. અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય, તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહીં. માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી, એવા તો ઘણાય હોય, પણ સાધુ થવું એ ઘણું દુર્લભ છે.'

- જો કે દાસભાવ અને નિર્માનીપણું તો દરેકે રાખવાનું જ છે. ગઢડા અંત્ય પ્રકરણ ૧૨મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે: 'જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહીં જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. અને ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.'

- વચનામૃત પંચાળા પ્રકરણ ૫: 'ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.'

- આ બાબત ઉપર વિશેષ ભાર મૂકતાં શ્રીહરિ કહે છે કે હું પોતે જ ભક્તોના દાસભાવે વર્તું છું.

  વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮: 'મારે તો એ જ અંગ છે જે, 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું.'

- દાસભાવને એક સર્વોત્તમ આધ્યાત્મિક સાધના ગણાવતાં શ્રીહરિ તો ત્યાં સુધી કહે છે કે જન્મોજનમથી જીવને વળગેલા અંતરના સર્વે વિકારો અને દોષોનો નાશ કરવાનો તેમજ કલ્યાણકારી શુભ ગુણની વૃદ્ધિ કરવાનો આ જ ઈલાજ છે.

  વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮: 'એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું,' એમ જાણીને

હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.'

ભગવાનના ભક્તોનો અપરંપાર મહિમા સમજવો તથા એમનો અવગુણ ન લેવો, દ્રોહ ન કરવો

- વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં તો શ્રીહરિ દાસભાવ માટે ઉદ્ધવજી અને બ્રહ્માનાં ઉદાહરણો આપીને ત્યાં સુધી કહે છે કે ભગવાનના ભક્તનો એવો મહિમા જેને સમજાયો નથી તે સત્સંગી હોય તોય અર્ધો વિમુખ છે. જુઓ શ્રીહરિનાં એ વચનો:

  'માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વેર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વેર બંધાય ખરું. માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.'

- ભક્તો પ્રત્યેના દાસભાવમાં સહેજ પણ ચૂક આવે એ શ્રીહરિ ચલાવી લેનાર નથી. દાસભાવમાં ચૂક એટલે કે ભક્તનો અપરાધ કે દ્રોહ થઈ જાય તો? શ્રીહરિ કહે છે કે એ ભૂલ સુધારવી જ પડશે.

  જુઓ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૨માં શ્રીહરિનાં વચનો:


  'અને સર્વે પાપમાંથી મોટું પાપ એ છે જે, ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય ને તે દોષબુદ્ધિએ કરીને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે વેર બંધાઈ જાય. અને દ્રોહ કર્યાની સાધનદશામાં હોય ને એમ જાણે જે, 'ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશય નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે.' એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિષે દોષ જુએ, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તો પણ તે નાશ પામે છે. અને ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુખાય છે, તેવા કોઈ પાપે કરીને દુખાતા નથી. માટે જેને પોતાનું રૂડું ઇચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહીં ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.'

- વચનામૃત લોયા પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ શ્રીહરિએ એવી જ વાત કરી છે. જુઓ વચનામૃતના શબ્દો:

  પછી ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ઉપાય તો છે પણ અતિ કઠણ છે, તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય, તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહીં તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહીં. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહીં ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય; પણ એ વિના બીજો કોઈ એનો ઉપાય નથી કહ્યો, એ જ એક ઉપાય છે.'

આ બધા શબ્દો જોતાં અને વિચારતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે 'દાસભાવ' એ ભગવાન સ્વામિનારાયણનો હૃદગત અભિપ્રાય છે અને આપણા માટે એમનો આદેશ છે, એક સર્વોત્તમ સાધના છે. તો આપણે એમનાં ચરણોમાં નમ્ર પ્રાર્થના કરીએ કે આ ભગવાન અને એમના ભક્ત પ્રત્યે મહિમાપૂર્ણ દાસભાવ આપણા જીવનમાં વણી લઈને એમને રાજી કરી શકીએ... ◆

# વચનામૃતમાં આશરો



વચનામૃતઃ એક અદ્વિતીય ગ્રંથ

■ પ્રો. રમેશભાઈ એમ. દવે

અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં કહે છે:

મોક્ષ તો પ્રગટ પ્રભુના આશ્રયથી જ છે. 'માટે આધાર વિના દૃઢતા રહે નહીં. આધાર તે શું જે, કૂવામાં બૂડતા હોઈએ ને મૂળિયું હાથમાં આવે તો નહીં બુડાય એવી દૃઢતા રહે છે. તેમ પ્રગટ મૂર્તિના આધારથી મોક્ષની દૃઢતા રહે છે.' (સ્વામીની વાતો: ૫/૧૦૫)

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં કહે છે: 'કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે.'

ભગવાનનો આશ્રય, આશરો કે શરણાગતિનું આધ્યાત્મિક માર્ગમાં અનન્ય મહત્ત્વ છે. સનાતન હિંદુ ધર્મના તમામ ભક્તિ માર્ગો તેનું વિશદ નિરૂપણ કરે છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં વારંવાર ભગવાનના અનન્ય આશ્રયનો મહિમા ઝળહળે છે.

ભગવાન સ્વામિનારાયણ વરતાલ પ્રકરણના પાંચમા વચનામૃતમાં આશ્રયની વિગતે છણાવટ કરે છે. વળી, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩માં પણ શ્રીહરિએ ભગવાનને પ્રસન્ન કરવાનું મોટું સાધન આશરાને જ કહ્યું છે. એક જ સાધને કરીને ભગવાન રાજી થાય એવો ઉપાય એટલે 'ભગવાનનો દૃઢ આશરો.'

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવેશનાર દરેક

મુમુક્ષુને વર્તમાન ધરાવીને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત બનાવવામાં આવે છે. 'વર્તમાન વિધિ' એ શ્રીહરિના આશ્રયના સ્વીકાર કે તેમની શરણાગતિનું પ્રતીક છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં વર્તમાન વિધિ વખતે જે મંત્ર બોલાવવામાં આવે છે, તેમાં આશરો-શરણાગતિ અનુસ્યૂત છે. એ મંત્ર છે :

'धन्योस्मि पूर्णकामोस्मि निष्पापो निर्भयः सुखी।
अक्षर-गुरु-योगेन स्वामिनारायण-आश्रयात्॥'

'આશરો' શબ્દ સંસ્કૃત મૂળ શબ્દ 'આશ્રય' પરથી ઊતરી આવેલો છે. આશ્રય, અવલંબન-આધાર, શરણાગતિ, પ્રપત્તિ, ન્યાસ, આત્મનિવેદન, દાસત્વ (અર્થાત્ કૈંકર્ય) અને પાતિવ્રત્ય (અર્થાત્ પતિવ્રતા ભક્તિ) – આ બધા લગભગ સમાનાર્થી શબ્દો છે. આ બધા શબ્દોના પ્રયોગો દ્વારા 'આશરા'નો જ નિર્દેશ થાય છે.

'આશરા'ની વાત કરીએ ત્યારે ત્રણ મુદ્દાનો નિર્દેશ થાય છે :

(૧) જેનો આશરો કરવાનો છે, એ 'શરણ્ય' પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન,
(૨) આશરે જનાર શરણાગત ભક્ત, જેણે પરબ્રહ્મને રાજી કરીને તેમની કૃપા પ્રાપ્ત કરવાની છે, અને
(૩) શરણાગતિ અર્થાત્ જે રીતે આશરો કરીને (શરણાગતિ સ્વીકારીને) પુરુષોત્તમ ભગવાનના ધામમાં પહોંચી ચિરંતન દિવ્ય સુખ પામવાનું છે.

## આશરાનું સ્વરૂપ

આશરાની વ્યાખ્યા શી? તેનું સ્વરૂપ કેવું છે? એ વિશે વચનામૃત અને 'સ્વામીની વાતો'ના આધારે સમજવાનો પ્રયાસ કરીએ.

સરળ ભાષામાં આશરાનું રૂપ સમજાવતાં 'સ્વામીની વાતો' કહે છે :

''કોઠારમાં હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'હે મહારાજ! આશરાનું શું રૂપ છે?' ત્યારે ઉત્તર કર્યો જે, 'બાયડી-છોકરાંનો આશરો છે તેમ તથા રૂપિયા હશે તો ભૂખે નહીં મરાય એ આશરો, તેમ જ ભગવાન વિના બીજામાં માલ ન માને એ આશરાનું રૂપ. એવો આશરો હોય તેને ભગવાન સાધુનો સંગ આપી, જ્ઞાન આપીને પોતાની પાસે રાખે ને એવા ભક્તની ફકર ભગવાનને છે.'' (૫/૨૪૨)

માટે 'આપણે સર્વે આપીને ભગવાન રાખવા.' (૫/૨૪૮)

'શ્રીજીના પ્રસાદીના પત્રો'માં જણાવ્યું છે : 'માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્યે ભજન કર્યા કરવું અને દેવ-દેવીનો ભય રાખવો નહીં. આપણે તો ભગવાનના ભક્ત છૈયે, માટે હરિભક્તોને તો કોઈ રીત્યનો મનમાં ભય રાખવો ઘટે નહીં, અને મંત્ર-જંત્ર-ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત! પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી, જે બહુ મંત્ર-જંત્ર જાણે છે તે પણ મરી જાય છે. ...માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહી, નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો.' (શ્રીજીના પ્રસાદીના પત્રો, પાનું ૭-૮)

આશરાનું રૂપ સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ ભગવદ્‌ગીતાનો શ્લોક ટાંકીને કહે છે :

'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'(૧૮/૬૬)

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર્ય.' અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય (આશરો) તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.' (વચનામૃત વરતાલ પ્રકરણ ૫)

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫માં શુકમુનિ અને ભગવાન સ્વામિનારાયણનો સંવાદ પણ આશરાની સુંદર છણાવટ કરે છે :

'હે મહારાજ! જેના હૃદયમાં ભગવાનનો ને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય, જે આશ્રય ગમે તેવો આપત્કાળ આવી પડે ને દેહને સુખ-દુઃખ, માન-અપમાન, દેશકાળનું વિષમપણું ઈત્યાદિકે કરીને જાય નહીં, તે કેમ જણાય જે, 'એને એવો આશ્રય છે? અને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર તે કેવો હોય? તે કહો.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જે ભક્તને એક ભગવાનને વિષે જ મોટ્યપ હોય ને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક ન જાણતો હોય ને ભગવાન વિના બીજા સર્વેને તુચ્છ જાણતો હોય; તથા પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુ તે મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે, ત્યારે જે મૂંઝાય નહીં... ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મૂકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમ જ સરલપણે વર્તે.

એવી બે પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે.'

દૃઢ આશ્રયની વધુ સ્પષ્ટતા કરતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે:

'જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશય દૃઢ ભગવાનનો આશ્રય હોય, તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી; અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે. જેમ કાચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઈ લાલચ રાખે નહીં. અને તેને સાંભળતાં કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહીં. તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે, તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહીં અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે; અને જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય, તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે. અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહીં થાય.' (વચનામૃત લોયા પ્રકરણ ૧૦)

### માયા તરવાનો ઉપાય

વરતાલ પ્રકરણના પાંચમા વચનામૃતમાં ભગવદ્‌ગીતાનો શ્લોક ટાંકીને મુક્તાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન પૂછતાં ભૂમિકામાં કહે છે:

'દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥' (૭/૧૪)

અર્થાત્ ભગવાન કહે છે, મારી આ ત્રણ ગુણવાળી દૈવી અલૌકિક માયા તરવી મુશ્કેલ છે, પરંતુ જે મનુષ્યો મારું જ શરણું લે છે, તેઓ આ માયાને તરી જાય છે.

આમ, ભગવાનનો દૃઢ આશ્રય એ દુર્ગમ માયાને તરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. પરંતુ ભગવાનનો સાચો આશ્રિત કે શરણાગત ભક્ત કોને કહેવાય?

ભગવાન સ્વામિનારાયણ એ જ વચનામૃતમાં કહે છે : 'ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુની જે મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય.' (વચનામૃત વરતાલ પ્રકરણ ૫)

એટલું જ નહીં, ભગવાનના આશ્રિતે પ્રત્યક્ષ ભગવાનનો કેવો મહિમા સમજવો જોઈએ તેની વધુ સ્પષ્ટતા કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

'સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડનાં અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું? તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચારને પામે નહીં. ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ. ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશ.' (વચનામૃત અમદાવાદ પ્રકરણ ૭)

ભક્તિમાતાનો અંતકાળ નજીક આવ્યો ત્યારે બાળ ઘનશ્યામ પ્રભુ સાથેના સંવાદમાં ભક્તિમાતા કહે છે:

'હે પ્રભુ! સંસારના સુખમાં મને વૈરાગ્ય થયો છે અને મોક્ષની ઈચ્છા થઈ છે, માટે હું તમારે શરણે આવી છું. મને મોક્ષમાર્ગનાં સાધન કહો.' (હરિગીતા; પ્ર.-૧/અ-૩૨/શ્લોક-૧)

ત્યારે ઘનશ્યામ ભક્તિમાતાને ઉપદેશ આપે છે: 'હે માતા! સંસારનાં બંધનોથી છૂટવા માટે એક પુરુષોત્તમ નારાયણનું જ શરણ સ્વીકારવું. જે લોકો પરમાત્માને શરણે જાય છે, તેઓ દુષ્કર એવી માયાને પણ પ્રભુકૃપાથી તરી જાય છે.' (હરિગીતા : ૧/૩૨)

જ્યારે ભગવાનનું શરણું સ્વીકારી આશરો કરીએ છીએ, ત્યારે આપણે આપણી સ્વેચ્છાએ મનમાન્યું કરવાની વૃત્તિનો ત્યાગ કરીએ છીએ, પરબ્રહ્મ પુરુષોત્તમ જે શાશ્વત સુખ, રક્ષા, સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ-પ્રાપ્તિ અને આત્યંતિક મુક્તિના દાતા છે, તેમનામાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવીએ છીએ અને મન-કર્મ-વચને સમર્પિત થઈએ છીએ. તેથી જ એ ભગવાનની આપણા પર કૃપા થાય છે અને આપણે પરમપદના અધિકારી થઈએ છીએ. અને હવે આપણી બધી જ જવાબદારી શ્રીહરિ પર રહે છે. અને આપણે હવે શ્રીહરિની પ્રસન્નતા થાય અને રાજીપો સદાય રહે તે માટે તેમણે સૂચવેલા બધા નિયમ-ધર્મો, સમજણ અને નિષ્ઠા દૃઢપણે રાખવાનાં રહે છે. આવા સમર્પિત ભક્તના યોગક્ષેમનું વહન ભગવાન કરે છે.

આ જ વાત સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આ રીતે દૃઢાવે છે:

*સુખ પામી રે સખી સુખ પામી,*
*હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી.*

*શરણાગતને પાળે સદા બહુનામી,*
*મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી.*

ભગવાનના શરણે જે આવે છે તે નિર્ભય અને નિશંક બને છે. એવા સાચા શરણાગત ભક્તને દેવ-દેવીના મંત્ર-તંત્ર-જંત્ર સહિત કશાયનો ભય હોવો જોઈએ નહીં.

'શ્રીજીના પ્રસાદીના પત્રો'માં ભગવાન સ્વામિનારાયણ કહે છે: 'માટે એક પરમેશ્વરનો આશ્રય રાખીને નિત્યે ભજન કર્યા કરવું અને દેવ-દેવીનો ભય રાખવો નહીં. આપણે તો ભગવાનના ભક્ત છૈયે માટે હરિભક્તોને તો કોઈ રીત્યનો મનમાં ભય રાખવો ઘટે નહીં, અને મંત્ર-જંત્ર ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોત તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત, પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. વળી, જે બહુ મંત્ર-જંત્ર જાણે છે તે પણ મરી જાય છે. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો અને કેવળ ભગવાનનો જ દૃઢ વિશ્વાસ રાખજો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થશે. ...માટે પરબ્રહ્મ-પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહીને નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો.'[1]

આમ, પરમાત્માની શરણાગતિથી નિર્ભય થવાય છે. પરિણામે દિવ્ય આનંદ અને કેફનો અનુભવ થાય છે. પરંતુ એવા કેફના છકમાં આવી જઈને ભગવાને આપેલા નિયમ-ધર્મ-આજ્ઞાનો લોપ ન થવો જોઈએ.

શ્રીહરિ વચનામૃતમાં ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮માં કહે છે: "અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણે સર્વે ભેળા રહીશું. અને જો એમ નહીં રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો. અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો."

## શ્રીહરિના અખંડ ધારક ગુરુનો આશરો

ભગવાન સ્વામિનારાયણને વચનામૃતમાં ભગવાનના દૃઢ આશ્રયનો વારંવાર બોધ અને આદેશ આપ્યો છે. પરંતુ સાથે સાથે ભગવાનના અખંડ ધારક ગુણાતીત સંતના આશ્રયનો પણ બોધ આપ્યો છે. એવા સંત, જેને માટે વચનામૃત અને શાસ્ત્રોમાં પરમ ભાગવત સંત, પરમ એકાંતિક સંત, સત્પુરુષ, ગુણાતીત, સ્થિતપ્રજ્ઞ, વડવાનળ અગ્નિ જેવા સત્પુરુષ, ભગવાનના મળેલા ભક્ત-સંત, પ્રિય ભક્ત વગેરે શબ્દો પ્રયોજ્યા છે. એવા સંતના આશ્રયથી આધ્યાત્મિક માર્ગે એટલો લાભ થાય છે, જેટલો ભગવાનના આશ્રયથી થાય છે. એટલે જ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ વારંવાર ભગવાનના આશ્રયની સાથે એવા સત્પુરુષના આશ્રયની વાત ઉચ્ચારે છે. જુઓ શ્રીહરિનાં શ્રીમુખનાં કેટલાંક વચનો.

શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં કહે છે:

"સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે; એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે."

વળી, વચનામૃત જેતલપુર પ્રકરણના પહેલામાં માયાને તરવાનો કે માયા અને કર્મના નાશનો ઉપાય દર્શાવતાં શ્રીહરિ પુનઃ એવા સંતના આશ્રય પર ભાર આપે છે:

"માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે."

વચનામૃત વરતાલ પ્રકરણ ૧૪માં શ્રીહરિ પુનઃ સત્પુરુષના આશ્રયનો મહિમા ઉચ્ચારતાં કહે છે:

"સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે."

શ્રીમદ્‌ભાગવતમાં પણ કહ્યું છે :


'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम्।
शाब्दे परे च निष्णातं ब्रह्मणि उपशमाश्रयम्॥'

આત્યંતિક કલ્યાણની ઇચ્છાવાળા મુમુક્ષુએ શાસ્ત્રોના સાચા અર્થ જાણનારા બ્રહ્મસ્વરૂપ સંત જે પરબ્રહ્મની ઉપાસના-ભક્તિમાં નિષ્ઠાવાન હોય એવા ગુરુને શરણે જવું.

ટૂંકમાં, ભગવાન અને એમના ગુણાતીત સંતના આશરાનું આધ્યાત્મિક માર્ગે અનન્ય મહત્ત્વ છે. વચનામૃત દ્વારા શ્રીહરિ તેનો વારંવાર ભારપૂર્વક આદેશ આપે છે. અનન્ય આશરાવાળો મુમુક્ષુ દૃઢ વિશ્વાસ અને સમજણપૂર્વક ભગવાનની ભક્તિથી કૃતાર્થ અને ધન્ય થાય છે.

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે શ્રીહરિના આ આદેશને ઝીલીને આપણે પણ પ્રગટ ગુરુહરિ પ્રમુખ સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશ્રય દ્વારા શ્રીહરિની અનંત કૃપાના અધિકારી થઈએ. ◆

૧. પાનું-૭-૮, સંપાદક: માધવલાલ દલસુખરામ કોઠારી.



# વચનામૃતમાં સ્વસંચાલન

■ ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ

## ૧. વચનામૃતમાં સંચાલનના સિદ્ધાંતો

'વચનામૃત' એટલે ભગવાન સ્વામિનારાયણની દિવ્ય પરાવાણીનો ગ્રંથ. આધ્યાત્મિક પથ પર પ્રગતિ કરી રહેલા સાધકને માટે એ એક વિરલ આધ્યાત્મિક પ્રેરણાસ્રોત (Source) છે. સકલ શાસ્ત્રના દોહનસમા આ ગ્રંથમાં બ્રહ્મ અને પરબ્રહ્મનાં સાકાર સ્વરૂપોની, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિએ સહિત એવા એકાંતિક ધર્મની ગહન વાતો ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે, સરળ શૈલીમાં ઉદ્‌બોધી છે. કોઈ પણ મુમુક્ષુને તેના અંતિમ લક્ષ્ય – 'આત્યંતિક કલ્યાણ' તરફ દોરી જાય એવું, શાસ્ત્રોમાં પડેલું ગહન સત્ય (અક્ષરરૂપ થઈએ તો જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય) અને તેનો સરળ ઉપાય (પ્રગટ સત્પુરુષમાં દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કેળવવી) વગેરે સઘળી બાબતોને નિરૂપતાં વચનો કેવળ કરુણાથી ઉદ્‌બોધ્યાં છે. તેમાં ક્યાંય નથી ડોળ કે દમામ, દંભ કે દબાણ. તેમાં ભારોભાર પ્રમાણભૂતતા, વિશ્વસનીયતા છે. તેમાં સાલસતા છે, સરળતા છે, છતાં સનાતન સિદ્ધાંતોનો ધનુષ્યટંકાર છે. તેમાં પ્રયાસપૂર્વકની શબ્દગૂંથણી કે ગોઠવણી છે જ નહીં, સમગ્ર ગ્રંથ એ સાક્ષાત્‌ ભગવાનનું સહજ પ્રગટીકરણ છે.

પ્રસ્તુત ગ્રંથ આધ્યાત્મિક માર્ગના સાધક માટે એક અદ્વિતીય જ્ઞાનકોશ તો છે જ, પરંતુ તેમાં

આપણા રોજ-બ-રોજના વ્યવહારમાં વૈયક્તિક, કૌટુંબિક, વ્યાવસાયિક અને સામાજિક જીવનના પ્રત્યેક પહેલુમાં, જે જટિલ સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તેનાં સમાધાન પણ શબ્દે શબ્દે પ્રાપ્ત થાય છે.

આપણાં શાસ્ત્રો-પુરાણો, મહાકાવ્યોમાં સંચાલન એટલે કે મૅનેજમૅન્ટના સિદ્ધાંતોનાં જેમ અનેક દૃષ્ટાંતો છે, બરાબર એ જ રીતે, વચનામૃતમાં પણ સંચાલનના સિદ્ધાંતો એક યા બીજા સ્વરૂપે, ભગવાન સ્વામિનારાયણના ઉપદેશોમાં સંનિહિત(Embedded) થયેલા જોવા મળે છે.

આમ તો વચનામૃત એ એક વિરલ આધ્યાત્મિક ગ્રંથ છે અને આ દિવ્ય વચનો બહુધા પરમહંસો અને હરિભક્તો સમક્ષ ઉદ્‌બોધાયાં છે, પરંતુ એ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનાં વચનો છે, જે સર્વદેશીય છે, તે માત્ર તત્કાળ, તેમની સન્મુખ બેઠેલા જનો માટે જ નહીં, શાશ્વતકાળ સુધીના મુમુક્ષુઓનાં શ્રેય અને પ્રેય માટે છે. તેમનાં આ દિવ્ય વચનોમાં આમ તો આધ્યાત્મિક શબ્દો, શબ્દસમૂહો અને વિભાવનાઓનું નિરૂપણ દેખાય, પરંતુ એક સંશોધક કે અન્વેષક બની તેમાં ડોકિયું કરીએ તો સંચાલનના સિદ્ધાંતો પણ તેમાંથી ઉજાગર થતાં દૃષ્ટિગોચર થાય – પછી તે 'સ્વ'સંચાલન(Self Management), તણાવ-સંચાલન (Stress Management), નેતૃત્વ સંબંધી સિદ્ધાંતો, Teamwork સંબંધી, વિધેયાત્મક વલણ સંબંધી ઇત્યાદિ કેમ ન હોય!

આ સાંપ્રત યુગમાં અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલી વ્યક્તિ તેના હલ માટે ઉપલબ્ધ તમામ ઉપાયો અજમાવે; જરૂર પડ્યે, કોઈ તજજ્ઞ કે સલાહકારની મદદ લે, અને આવાં સઘળાં સાધનો તેને અમુક અંશે ઉપયોગી પણ નીવડે; તોપણ જો તેણે તેનું ખુદનું, તેની જાતનું, 'સ્વ'નું યથાર્થ સંચાલન ન કર્યું હોય, એટલે કે સેલ્ફ મૅનેજમૅન્ટ બરાબર નહીં કર્યું હોય તો તેને તેની સમસ્યાનો સાચો ઉકેલ પ્રાપ્ત નહીં થાય. સૌપ્રથમ તો તેણે તેનાં મન અને મસ્તિષ્કને સ્થિર કરવાં પડશે. જો તેણે પોતે સ્થિરતા હાંસલ ન કરી હોય, તો તેને સઘળું અસ્થિર જ લાગશે. બાણ-વિદ્યામાં નિપુણ અને મેધાવી અર્જુન, શ્રીકૃષ્ણના ગીતા ઉપદેશના અંતે જ્યારે 'સ્વ'ને સંચાલિત કરવા સક્ષમ બન્યો, ત્યારે એક સમયે 'न योत्स्य' (હું નહીં લડું) એવું કહેનારો વિષાદમય અર્જુન, 'करिष्ये वचनं तव' (આપ જેમ કહેશો તેમ કરીશ) એવાં વચન કહેતો થઈ ગયો!

વ્યક્તિના 'સ્વ'ને હચમચાવી નાખે છે, તેનામાં રહેલાં ઈર્ષ્યા, માન, ક્રોધ ઇત્યાદિ અંતઃશત્રુઓ. જો વ્યક્તિ તેમને યથાર્થ રીતે પિછાણી, તેની ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરે તો તેના 'સ્વ'ને સંચાલિત કરી શકે એટલે કે સેલ્ફ મૅનેજમૅન્ટ કરી શકે. અને ત્યારે જ તે કોઈપણ ઘટના કે પરિસ્થિતિનું સંચાલન કરવા સક્ષમ બને. સેલ્ફ મૅનેજમૅન્ટનો સિદ્ધાંત છે : 'Manage Self and you can manage everything.'

પોતાની જાતને સંચાલિત કરવા માટે વચનામૃત ખૂબ વ્યવહારુ પ્રેરણા આપે છે. જુઓ કેટલાંક ઉદાહરણો :

### ૧.૧ ઈર્ષ્યા

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં ઠેકઠેકાણે આવા અંતઃશત્રુઓને નિયંત્રિત કરી, 'સ્વ'નું શ્રેષ્ઠ સંચાલન કરવાના ઉપાયો ઉપદેશે છે.

પરપીડનમાં નહીં માનતી, અન્યને મદદરૂપ કદાચ ન થઈ શકાય, પરંતુ તેને અવરોધરૂપ ન બનવું – એવી માન્યતા ધરાવતી વ્યક્તિઓનો સમાજમાં એક મોટો વર્ગ છે. આવી વ્યક્તિઓ કદાચ અન્યના દુઃખના પ્રસંગે સમાનુભૂતિ-વેદના અનુભવે. પરંતુ અન્યના સુખના પ્રસંગે કોણ જાણે, અતિશય હરખાઈ જતી નથી! વર્ષોથી મૈત્રી નિભાવી હોય એવા મિત્રો, જેઓ અનેક વાર એકમેકનાં દુઃખના ભાગીદાર બન્યા હોય, પરંતુ એકમેકના સુખની ભાગીદારીમાં કંજૂસાઈ દાખવતા જોવા મળે છે! ખુલ્લા મનથી અન્યના સુખની, કોણ જાણે કેમ, સ્વીકૃતિ થઈ શકતી નથી. અન્ય સાથે વેર, વૈમનસ્ય, ઝઘડો-ટંટો કશું જ ન હોય, પાંચ માણસની હાજરીમાં તેની પ્રશસ્તિ કરે કે 'ખૂબ પ્રામાણિક છે,' 'ખૂબ વિશ્વાસપાત્ર છે,' 'સજ્જન છે,' પરંતુ તેને સુખી જોઈ દિલ હરખાઈ ઊઠતું નથી. અન્યના સત્કાર સમારંભ આયોજનમાં પોતે જ નિમિત્ત બન્યા હોય, તેને જાહેરમાં હાર પહેરાવી સન્માને અને છતાંય ઊંડે ઊંડે ખિન્નતા અનુભવતા હોય છે; અંતરમાં હરખ નહીં, ઉદાસી અનુભવે છે!

આમ થવાનું કારણ છે, વ્યક્તિના અંતરમાં પડેલો હોય છે – ઈર્ષ્યાનો ભારેલો અગ્નિ. ગુણાતીત પુરુષ સિવાય સમગ્ર વિશ્વમાં ઈર્ષ્યાના અભિશાપથી ભાગ્યે જ કોઈક બાકાત હોય છે. બુદ્ધિ, સત્તા, સમૃદ્ધિ અને અધ્યાત્મના ઉચ્ચ સ્તરે પહોંચેલી વ્યક્તિઓમાં પણ પરસ્પર ઈર્ષ્યાનો અગ્નિ ઝરતો રહે છે. મૅનેજર-મૅનેજર વચ્ચે, ડૉક્ટર-ડૉક્ટર વચ્ચે, કલાકાર-કલાકાર વચ્ચે, કથાકાર-કથાકાર વચ્ચે, બે મંડલેશ્વરો વચ્ચે ઊંડે ઊંડે ઈર્ષ્યાનાં અગ્નિકણો પ્રગટતાં જ રહે છે. સંસ્કૃતમાં કહ્યું છે કે 'भिक्षुको भिक्षुकं द्रष्ट्वा श्वानवत् गुर्गुरायते' – ભિખારી, ભિખારીને જોઈને કૂતરાની માફક ઘુરકિયાં કરે છે. અન્ય દેશમાં રમવા ગયેલી ખેલાડીઓની

ટીમમાં પણ એકમેક પ્રત્યે ઈર્ષ્યાનો કીડો સળવળતો રહે છે, તેમની સામૂહિક સફળતાનાં મૂળિયાં આ કીડો જ કોતરી ખાય છે. પરિણામે બધી રીતે સજ્જ હોવા છતાં, આવી ટીમ હારીને પાછી આવે છે.

સ્વામી વિવેકાનંદ કહે છે : 'Give up jealousy and conceit. This is great need of our country.'

'સ્વ'ને સંચાલિત કરવામાં ઈર્ષ્યારહિત થવું અત્યંત જરૂરી છે. આધ્યાત્મિક પથ પર પ્રયાણ કરતા સાધકને પણ ઈર્ષ્યા પછાડે છે. સ્વ. શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ શ્રેયાર્થીની સાધન-સંપત્તિ વિશે તેનામાં કઈ કઈ વિશેષતાઓ હોવી જોઈએ તે અંગે તેમના પુસ્તક 'જીવનશોધન'માં લખ્યું છે કે 'તેનામાં સત્યશોધનની વ્યાકુળતા, સત્યનો આગ્રહ, પ્રેમ, શિષ્યત્વ, વૈરાગ્ય, સાવધાની આવા ગુણો સાથે તે ઈર્ષ્યારહિત હોવો જોઈએ...'

ભગવાન સ્વામિનારાયણે તેમનાં વચનામૃતોમાં ઠેકાણે ઠેકાણે ઈર્ષ્યાના અંતઃશત્રુને યથાર્થ પિછાણવાના અને તેને ડામવાના ઉપાયો ઉદ્‌બોધ્યા છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧માં ઈર્ષ્યાનું લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે કે 'જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં ને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.'

વળી, વચનામૃત સારંગપુર પ્રકરણ ૮માં કહે છે કે '...અને ઈર્ષ્યાનું એ રૂપ છે જે, પોતાથી જે મોટા હોય તો પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહીં...'

ઈર્ષ્યા ટાળવાના ઉપાય કથાકારો ઉપદેશતા હોય છે પરંતુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવનસૂત્રો પૈકીનું એક મહત્ત્વનું સૂત્ર અજોડ છેઃ 'બીજાના સુખમાં આપણું સુખ, બીજાના ભલામાં આપણું ભલું.' જે વ્યક્તિ આ સૂત્રને હૃદયસ્થ કરે, તો ત્યાં ઈર્ષ્યા સંભવી જ ન શકે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪માં ઈર્ષ્યા ટાળ્યાનો એક અદ્‌ભુત ઉપાય બતાવે છે. આ વચનામૃતના પ્રારંભમાં શ્રીહરિ પરમહંસો અને હરિભક્તોને બોધ આપતાં કહે છે કે 'ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.' ત્યારે આનંદાનંદ સ્વામી તદ્દન નિખાલસપણે કબૂલે છે કે 'હે મહારાજ! ઈર્ષ્યા તો રહે છે.' તેમની એ સમસ્યાનું સમાધાન કરતાં શ્રીહરિ આગળ કહે છે કે 'ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી,' એમ કહી નારદજીને તુંબરુ પર કેવી રીતે ઈર્ષ્યા થઈ તેનો પ્રસંગ વર્ણવે છે : 'નારદજીના સંગીતગાનથી ભગવાન કેમેય પ્રસન્ન ન થયા, સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા તોપણ જ્યારે તુંબરુ પાસે જઈ ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન સમક્ષ ગાયું ત્યારે ભગવાન પ્રસન્ન થયા.'

આ પ્રસંગનું પ્રમાણ લઈ શ્રીહરિ ઈર્ષ્યા ટાળવાનો અદ્‌ભુત ઉપાય બતાવતાં કહે છે કે 'ઈર્ષ્યા કરવી તો એમ કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા...'

શ્રીજીમહારાજ પ્રબોધિત આ ઉપાયને અજમાવવા પ્રથમ તો વ્યક્તિએ અહંને ઓગાળી દેવો પડે અને ગુણગ્રાહી દૃષ્ટિ કેળવવી પડે. ઉપાયની અજમાયશ અઘરી છે, પરંતુ અભ્યાસ કરીને જો સિદ્ધ થાય તો પછી અનર્ગલ આનંદના ફુવારા ઊડે, જેનાથી ઈર્ષ્યાગ્નિ સાવ ઠરી જાય. અન્યના સુખમાં પણ ઊલટભેર ભાગ લઈએ તો તેના આનંદમાં આપણો આનંદ ભળે અને દ્વિગુણિત બને.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આવો નિર્મળ, નિર્ભેળ પ્રેમ અને અનર્ગલ આનંદનો ઉદધિ નિરંતર હિલોળા લેતો રહેતો. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેમના પુસ્તક 'જેવા મેં નીરખ્યા રે - ભાગ-૪'માં પ્રમુખસ્વામી મહારાજના ગુણોનું વર્ણન કરતાં લખે છે કે –

'પ્રમુખસ્વામી મહારાજ દરેકનું કલ્યાણ ઇચ્છે. દ્વેષીનું પણ હિત ઇચ્છે છે. કોઈનું ક્યારેય અહિત થાય એવું તો ઇચ્છતા જ નથી.'

### ૧.૨ માન

ઈર્ષ્યાની જેમ અન્ય એક અંતઃશત્રુ જે વ્યક્તિને વિચલિત કરી 'સ્વ'ના સંચાલનમાં બાધારૂપ બને છે, એ છે – માન, અહંકાર, અભિમાન, દેહાભિમાન. કોઈપણ વ્યક્તિ પોતામાં રહેલી ઈર્ષ્યાને ટાળવા અત્યંત ખંતથી, ઉપર સૂચવેલા ઉપાયો કરે તો ઈર્ષ્યામુક્ત થાય, પરંતુ માન નામના અંતઃશત્રુનું તો વ્યક્તિના શરીરના પ્રત્યેક કોષમાં રક્તકણોની જેમ અભિસરણ થઈ રહ્યું હોય છે. વ્યક્તિનું 'નિર્માની' હોવું એ પ્રતિસિદ્ધાંત જેવું લાગે. પોતાના વ્યક્તિત્વમાં માન એકરસ થઈ ગયું છે, એવી તેની પિછાણ પણ વ્યક્તિને સરળતાથી થતી નથી. માન એવું સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવા છતાં પીડે છે પારાવાર. ક્યારેક વાણી દ્વારા બોલાઈ જાય કે વર્તનમાં ડોકાઈ જાય ત્યારે તેના અસ્તિત્વની અણિયાળી આર પ્રથમ તો સામાવાળાને ભોંકાય છે, તેને સંઘરીને બેઠેલી વ્યક્તિને તો હજુ તેનો અણસાર પણ ન આવ્યો હોય!!

લોકવ્યવહારમાં બહુધા વ્યક્તિઓ પોતાની ઓળખ અન્યને, આવી કોઈક મોટપ દ્વારા કે 'હું જ્ઞાની છું', 'અનુભવી છું', 'રૂપવાન છું', 'કુળવાન છું', 'સૌંદર્યવાન છું', 'શ્રીમંત છું', 'સત્તાધીશ છું' ઇત્યાદિથી આપવામાં રાચતી હોય છે.

અરે! સત્સંગમાં ગળાડૂબ હોવા છતાં પણ, 'હું દાની છું', 'સેવાભાવી છું', 'વ્રત-તપ કરું છું', 'પરમ ભક્ત છું' એવી ઓળખ, કોઈક મિષ શોધીને આપવાની અંતરમાં ઇચ્છા રહે છે; તેને ખબર પણ નથી રહેતી કે આવી ઓળખમાંથી પોષાય છે અહંકાર. સાધના પથ પર પદાર્પણ કર્યું હોય એવો સાધક પણ 'હું અંતઃશત્રુ રહિત છું', 'હવે હું પૂર્ણકામ સ્થિતિની નજીક છું', એવી પોતાની આગવી ઓળખ, અન્યની સમક્ષ પ્રદર્શિત કરી માનનો સ્વાદ લેતો ફરે છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૧માં માનના સ્વાદની વાત કરતાં કહે છે કે ''...અને જીવનો તો એવો સ્વભાવ છે જે, 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે, પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહીં. અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, 'મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું.' તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી...''

નિર્માનીપણાના સર્વોચ્ચ શિખરે વિરાજતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સિવાય વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેને ઊંડે ઊંડે માનપ્રાપ્તિની ખેવના ન હોય.

અન્ય એક વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૧૨માં ભગવાન સ્વામિનારાયણ પરમહંસો અને હરિભક્તોને ઉદ્‌બોધતાં કહે છે : ''જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેનું કોઈ પ્રકારનું માન રાખવું નહીં જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈને રહેવું...''

શ્રીહરિના આ ઉપદેશ મુજબ તો માનરહિત સ્થિતિ વ્યક્તિના 'સ્વ'ના સંચાલનમાં તો ઉપયોગી નીવડે જ છે, પરંતુ માનરહિત સ્થિતિ સ્વકલ્યાણની બાંયધરી પણ આપે છે.

આધ્યાત્મિકતાની ઉચ્ચતમ ભૂમિકાએ વિરાજતા, લૌકિક પ્રલોભનોને અને સાપ કાંચળી ઉતારે એટલી સહજતાથી જેમણે પોતાનાં સંસારને છેહ દીધો હતો, અષ્ટાંગ બ્રહ્મચર્યનું જેઓ અહોનિશ પાલન કરતા હતા એવા બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરાખાચરને એક વખત ચાલુ સભા મધ્યે જ ભગવાન સ્વામિનારાયણે એક ધારદાર પ્રશ્ન પૂછ્યો કે 'તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે?' ત્યારે એ ત્રણેયે અત્યંત નિખાલસપણે કહ્યું કે 'હે મહારાજ! માનરૂપ દોષ છે; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮). અર્થાત્ આવા સિદ્ધોને પણ થોડી-ઘણી દહેશત રહે છે કે અમુક સંજોગોમાં માન તેમના 'સ્વ'ને વિક્ષુબ્ધ કરી દે.

આવો જ પ્રશ્ન વચનામૃત પંચાળા પ્રકરણ ૩માં એક વખત મુનિબાવાએ બ્રહ્માનંદ સ્વામીને પૂછેલો કે '...માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે?' પછી એનો યથાર્થ ઉત્તર બ્રહ્માનંદ સ્વામીથી થયો નહીં. ત્યારે તેનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજે આવા માની કે ઈર્ષ્યાળુને બુદ્ધિહીન કહ્યો, કારણ કે તેની 'બુદ્ધિ ઉપરથી તો બહુ ચોખાળી જણાય, પણ તેના મોક્ષમાં કામ ન આવી,' એમ જણાવ્યું. મોહનવર માન સામે કેવું કડક રુખ અપનાવે છે!

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં આવા દુર્જેય માનને ટાળવાનો સરળ અને અદ્‌ભુત ઈલાજ દર્શાવે છે. જુઓ તેમની એ પરાવાણીમાંથી કેટલાક અંશોઃ

'સાધુનો સંગ કરે ત્યારે... અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે.' (વચનામૃત ગ. પ્ર. ૮ )

'ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે તથા તેમની સેવા-ચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય.' (વચનામૃત ગ. પ્ર. ૫૬ )

'ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે. માટે એ બહુ મોટા છે.' ...એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે?' (વચનામૃત લોયા ૧૭)

'જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે;' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાંખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને, માટે એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહીં.' (વચનામૃત પંચાળા ૩)

આમ, સ્વને સંચાલિત કરવામાં માનનું નિયંત્રણ કરવાનું અત્યંત જરૂરી છે, જેનો સરળ ઈલાજ વચનામૃત દર્શાવે છે.

### ૧.૩ ક્રોધ

એક અન્ય દોષ જે વ્યક્તિનું પલભરમાં રૂપ બદલી નાખે, તે છે ક્રોધ. લાખો માણસોમાં બહુ જૂજ એવા હશે કે જેને ક્રોધ આવતો ન હોય. ક્યાંક, કશુંક અણગમતું બને અને વ્યક્તિ સ્વસ્થતા ગુમાવે છે. કોઈ બાબતે કોઈક વ્યક્તિ

સામે તત્કાળ બદલો લેવાયો ન હોય તો એવી કોઈ તકની રાહ જોવાતી હોય છે અને જેવી એ તક મળે, તત્કાળ તેની સામે ક્રોધ ભભૂકી ઊઠે છે.

પોતાની યોગ્ય કદર ન થાય, યોગ્ય સન્માન ન થાય તો વ્યક્તિ ગુસ્સે થઈ જાય છે. વિદ્વાનો અને ઋષિઓ પણ એમાં અપવાદ નહોતા. આપણે જાણીએ છીએ કે દુર્વાસા ઋષિનું સન્માન ન થયું ને ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. હજારોને સત્સંગમાં પ્રેરનાર અલૈયાખાચરને, આદર્શ સત્સંગીઓની યાદીમાં અગ્રતાક્રમ ન મળ્યો તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની ઉપસ્થિતિ હોવા છતાં, ક્રોધે કરીને હાથ તલવાર પર ગયો!!

વ્યક્તિના 'સ્વ'ને હચમચાવી મૂકે છે ક્રોધ, વ્યક્તિને પોતાનું સંતુલન-સંચાલન કરવું મુશ્કેલ કરી દે છે ક્રોધ; અલ્પ-માત્રામાં પણ જો એ દેખા દે, તોપણ એ ભયાનક લાગે છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત લોયા પ્રકરણ ૧માં ક્રોધનું રૂપ ઓળખાવતાં કહે છે કે '...અને વળી ક્રોધ કેવો છે? તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે... ...એ ક્રોધનું નામ વિરૂપ છે, માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાખે.'

કૉર્પોરેટ ઑફિસના કાર્યસ્થળ ઉપર વિવિધ સ્તરે ભૂમિકાઓ નિભાવતી વ્યક્તિઓ – અધિકારીઓ, સુપરવાઇઝર્સ, પ્રાધિકારીઓ, મૅનેજરો વગેરે વચ્ચેની, વિવિધ બાબતો અંગેની આંતરક્રિયા દરમ્યાન, તેમનાથી નિમ્નસ્તરીય કર્મચારીની કોઈ ભૂલનું પુનરાવર્તન ન થાય, તેનું નીચાજોણું ન થાય, માટે સકારણ તેના કેવળ હિત માટે તેના ઉપર ક્રોધ કરે તો તે આવકાર્ય છે; તેને ચેતવવા, સાવધાન કરવા તેને ઊંચે સાદે ટકોરે પણ ખરા. આવા શુભ આશયથી ઉદ્ભવેલો ક્રોધ એ સંચાલક કે ઉપરી અધિકારી માટે સ્વાભાવિક ગણાય. જરા ઊંચા સાદે, કર્મચારીના હિત માટે તેને ટકોરે, ચેતવે, એ તો સંચાલકનું લક્ષણ ગણાય.

કોઈપણ કૉર્પોરેટ યુનિટના કોઈ વિભાગમાં, કોઈ કર્મચારીને તેના મૅનેજર સતત પ્રોત્સાહિત કરતા રહેતા હોય તોપણ તેની કાર્યદક્ષતામાં – તેના Performanceમાં જો કોઈ સુધારો ન થતો હોય, તો તેને ઉગ્ર થઈને સલાહ-સૂચન કરવાની અને વળી કોઈક વખત તો તેને Letter of reprimand (ઠપકાનો પત્ર) આપી ચેતવવાની પદ્ધતિ, કંપનીના Human Resource Devlopment Department(માનવ સંસાધન વિકાસ વિભાગ)માં પ્રચલિત છે જ.

સેલ્ફ મૅનેજમૅન્ટના આ સિદ્ધાંતની ભગવાન સ્વામિનારાયણ, વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૩૪માં સરળ રજૂઆત કરે છે. કોઈ મોટા સાધુ, નાના સાધુ કે શિષ્યને ધર્મમર્યાદામાં રાખવા અને તેનું શ્રેય કરવાના હેતુથી ક્ષણિક ક્રોધ કરે છે, એવું મિષ લઈ, જાણે સમગ્ર મૅનેજમૅન્ટના ક્ષેત્રને એક નવતર ઉપદેશ આપે છે કે ક્રોધ તો એક અવગુણ જ છે, પરંતુ ક્યારેક તે જરૂરી પણ બને છે. પ્રસ્તુત વચનામૃતમાં તેઓ કહે છે કે '...કોઈક જીવ ધર્મમર્યાદાનો ભંગ કરીને અધર્મમાં પ્રવર્તે, ત્યારે તે મોટાપુરુષને તે જીવની ઉપર ક્રોધ ઊપજી આવે. ...માટે ધર્મમર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે, તો મર્યાદાનો ભંગ થતો જાય ને જીવનું સારું ન થાય. માટે એવી રીતે તો ક્રોધ થાય તે ઠીક ને એમાં કાંઈ બાધ નહીં. કેમ જે, એવા માર્ગમાં જે મોટા સાધુ પ્રવર્ત્યા તેને આશરીને હજારો માણસ રહ્યા હોય, તેને કાંઈક રીસ કરીને કહ્યા વિનાનું કેમ ચાલે?'

આમ છતાં દરેકે પોતાના ક્રોધી સ્વભાવ પર નિયંત્રણ મેળવવું અત્યંત અનિવાર્ય છે, કારણ કે તેનાથી ભગવાન રાજી થાય છે. વચનામૃત કારિયાણી પ્રકરણના છઠ્ઠામાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે." (વચનામૃત કારિયાણી ૬)

એ માટે તેઓ ક્રોધ ટાળવાનો ઉપાય પણ દર્શાવે છે. જુઓ તેમનાં અમૃતવચનો:

"ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે, તો તેના સર્વે વિકાર ટળી જાય છે." (વચનામૃત કારિયાણી ૧૨)


આમ ભગવાન સ્વામિનારાયણ પોતાના આધ્યાત્મિક બોધ દ્વારા સેલ્ફ મૅનેજમૅન્ટ કે સ્વસંચાલનનાં અદ્ભુત સૂત્રો આપે છે, જેમાં નક્કર તથ્ય અને અનુભવનું ઊંડાણ છે.

'Managing Self'નું કૌશલ્ય, આધુનિક સંચાલનમાં એક શ્રેષ્ઠ Strategic Human Resource Management Skill ગણાય છે. આ કૌશલ્યથી તમામ સ્તરના સંચાલકો-પ્રાધિકારીઓ તે માટે સજ્જ બને તે માટે તેનો તાલીમી વર્કશોપ પણ યોજાય છે. આ વર્કશોપ જ્યારે ભગવાન સ્વામિનારાયણના વચનામૃત પ્રમાણે ચાલતાં થશે ત્યારે આધુનિક મૅનેજમૅન્ટના પંડિતો તેના પર ઓવારી જશે.

એવા દિવ્ય આધ્યાત્મિક ગ્રંથ વચનામૃતના ઉદ્ગાતા ભગવાન સ્વામિનારાયણને વચનામૃત દ્વિશતાબ્દી પર્વે કોટિ કોટિ વંદન. ◆

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## બી.એ.પી.એસ.નાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાં જ્ઞાનગંગા રેલાવતા સ્વામીશ્રી...

*પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ ૮૬ વર્ષની વયે પણ લોકકલ્યાણ અર્થે અહોરાત્ર વિચરી રહ્યા છે. સ્વામીશ્રી જે સત્સંગ કેન્દ્રમાં બિરાજે છે ત્યાં સૌની ભક્તિ સોળે કળાએ ખીલી ઊઠે છે. મન-કર્મ-વચને સત્પુરુષને સેવતા સૌના અંતરમાં અખંડ શાંતિ વર્તે છે. સ્વામીશ્રી અમૃતવાણી વહાવી સૌને અધ્યાત્મનું ભાથું બાંધી આપે છે. પ્રાતઃપૂજા દર્શન, વ્યક્તિગત મુલાકાત, ભોજનદર્શન કે સમીપદર્શનનું સુખ માણતા સૌ કોઈ ગુરુહરિની બ્રહ્મદૃષ્ટિથી પાવન બને છે. સાયંકાળે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતી સત્સંગ સભાઓમાં હજારો ભક્તો-ભાવિકો વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો તથા ગુરુહરિનાં દર્શન-આશિષનો અણમોલ લહાવો માણે છે. સ્વામીશ્રી સૌ પર પ્રીતની એવી હેલી વરસાવે છે કે આબાલ-વૃદ્ધ સૌના હૈયે ભક્તિની નૂતન ઊર્જા જન્મે છે. પદયાત્રા, દંડવતયાત્રા અને અનેક પ્રકારનાં વ્રત-તપ દ્વારા સેંકડો મુમુક્ષુઓ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ મધ્ય ગુજરાતમાં ભરૂચ, બોચાસણ, અટલાદરા અને ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં બિરાજી સત્સંગ-ભક્તિરૂપી દિવ્ય જ્ઞાનગંગા રેલાવી હતી, તેનું અહીં અલ્પ સ્મરણ કરીએ...*



## ભરૂચના ભક્તોને અમૃતલાભ આપતા સ્વામીશ્રી...

નર્મદા નદીના તટ પર વસેલું પ્રાચીન ઐતિહાસિક નગર એટલે ભરૂચ. પૂર્વે જે ભૃગુઋષિના નામ પરથી ભૃગુકચ્છ નામે જાણીતું હતું.

દક્ષિણ ગુજરાતમાં નર્મદામૈયા પોતાના પવિત્ર જળથી જેને પખાળે છે એવા ભરૂચના આંગણે વડોદરા-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રચેલું કલામંડિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, આ ભૂમિને વિશેષ તીર્થત્વ અર્પી રહ્યું છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રાસાદિક આ ભૂમિ પર અવારનવાર પ્રમુખસ્વામી મહારાજે પધારી અહીંના સત્સંગને પોષણ આપ્યું છે. તેના પરિપાક રૂપે આજે સત્સંગનાં અજવાળાં ચોમેર વિસ્તર્યાં છે.

અહીં ખીલેલા ગુણાતીત બાગમાં સત્સંગનું અમૃત સિંચવા તા. ૪-૭-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદથી સંતો-ભક્તોની વિદાય લઈ ભરૂચ પધાર્યા. રથયાત્રાના પવિત્ર દિને પધારેલા સ્વામીશ્રીનું અહીં વિશિષ્ટ રીતે સ્વાગત આરંભાયું. સ્વામીશ્રી કલાત્મક રથમાં ઠાકોરજી સાથે વિરાજ્યા. સંતોએ દિવ્ય રથનું વહન કરાવ્યું. રથયાત્રા અને સ્વાગત-કીર્તનોથી પરિસર ગુંજી ઊઠ્યું. બાળ-યુવાવૃંદે રથની આગળ કીર્તનોના તાલે ઝૂમતા હરિ અને ગુરુના આગમનને ઉમંગભેર વધાવ્યું. સમગ્ર પરિસરમાં ઊભરાઈ રહેલા ભક્તો ખૂબ ભાવથી આ દર્શન પામી ધન્ય થઈ ઊઠ્યા. આજે સવારે અમદાવાદ ખાતે અને અત્યારે ભરૂચ ખાતે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં ઊજવાયેલા રથોત્સવની દિવ્ય સ્મૃતિઓ માણતા સૌ પોતાના જીવનરથની લગામ સ્વામીશ્રીને સોંપી ભવસાગર તરવા માટે નિશ્ચિંત બન્યા.

સૌના ભક્તિભાવને સહર્ષ સ્વીકારી સ્વામીશ્રીએ અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણીને અભિષેક કર્યો. મંદિરમાં ભાવથી ઠાકોરજીનાં દર્શન કરી આરતી ઉતારી. ત્યારબાદ વિશાળ મેદાનમાં યોજાયેલી સભામાં પધારી સૌને દર્શનલાભ આપ્યો. સંતોએ કલાત્મક પુષ્પહારોથી સ્વાગત-સન્માન કરી ગુરુહરિને આવકાર્યા. વિશિષ્ટ વ્રત-તપ કરનાર યુવકોને નિજહસ્તે પારણા કરાવી સ્વામીશ્રીએ ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

તા. ૬-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ અહીં નૂતન નિર્માણ પામેલા 'પ્રમુખસ્વામી સભાગૃહ' ઉપર શ્રી હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું. નિત્ય આ સભાગૃહમાં યોજાયેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન તેમજ સ્વામીશ્રીના મુખે કથામૃતનો અમૃતલાભ પ્રાપ્ત કરી સૌએ કૃતાર્થતા અનુભવી હતી. ધોધમાર વરસી રહેલા વરસાદની ઝડીઓ વચ્ચે પણ સાયંસભાઓમાં નિત્ય હજારો હરિભક્તો-ભાવિકો ઉપસ્થિત રહી ગુરુહરિનાં દર્શન-આશિષથી પરિતૃપ્ત થયા હતા. તે દિવ્ય અવસરોની અહીં સ્મૃતિ કરીએ...

## પ્રતીક પુષ્પોત્સવ

તા. ૭-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલો પ્રતીક પુષ્પોત્સવ ભરૂચના ભક્તજનો માટે વિશેષ યાદગાર બની રહ્યો હતો. વહેલી સવારથી જ ઉત્સવનો માહોલ છવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ ઉત્સવ-પદોનું ગાન કરી ઉત્સવને વધાવ્યો હતો.

સાયંકાળે પ્રગટ ગુરુહરિના સાંનિધ્યમાં 'ફૂલોં સે હોલી'ના વિશિષ્ટ કાર્યક્રમને માણવા વિશાળ સંખ્યામાં ઊમટેલા ભક્તોના હૈયે હરખની હેલી ઊમટી હતી. ગઈકાલ સુધી ધોધમાર વરસી રહેલા વરસાદે સ્વામીશ્રીની પ્રાર્થનાના બળે આજે વિરામ લીધો હતો. વાતાવરણ સરસ ખુલ્લું અને ખુશનુમા હતું. સમગ્ર પરિસરમાં હરિભક્તો-ભાવિકો ઊભરાઈ રહ્યા હતા. સભાગૃહની બહાર રચાયેલા ઉપમંચ પર પધારી સ્વામીશ્રીએ ખીચોખીચ બેઠેલા મુમુક્ષુઓને દર્શનલાભ આપ્યો. ત્યારપછી પ્રમુખસ્વામી સભાગૃહમાં પધારી આરતીથી શ્રી હરિકૃષ્ણ મહારાજને અભિવંદ્યા.

આરતી બાદ સૌને આશીર્વાદથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણે તો શાસ્ત્રીજી મહારાજના ચીલે ચાલવાનું છે. તેઓએ મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા. આ જબરજસ્ત વાત છે. તેઓએ કેટલો દાખડો કર્યો છે! હવે અક્ષરપુરુષોત્તમ મહારાજ આપણા જીવમાં, હૃદયમાં ગોઠવી દેવાના છે. એમને લીધે જ આપણે આ બધી લીલા લહેર કરીએ છીએ. ને પ્રમુખસ્વામી મહારાજે તો હદ વાળી છે. કાંઈ બાકી રાખ્યું નથી. એટલે આપણે લીલા લહેર કરીએ છીએ.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ 'ફૂલોં સે હોલી' ઉત્સવનો મંગલ પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ પ્રથમ શ્રી હરિકૃષ્ણ મહારાજ પર પુષ્પપાંદડીઓ વરસાવી. ત્યારપછી ઘનશ્યામચરણદાસ સ્વામીએ હરિકૃષ્ણ મહારાજ પર ને સ્વામીશ્રીના મસ્તક પર પુષ્પપાંદડીઓ વરસાવી.

બાળ-યુવાવૃંદે *'થનગન થનગન હૈયાં થાયે...'* કીર્તન પર જોમભેર ઉત્સવનૃત્ય કર્યું. નૃત્ય દરમ્યાન સંતોએ ક્રમશઃ મંચ પર આવી સ્વામીશ્રીનાં ચરણોમાં પુષ્પપાંદડીઓ ધરી. સ્વામીશ્રીએ આશીર્વાદરૂપે તમામ સંતો પર પાંદડીઓની હેતલવર્ષા કરી.

આજના ઉત્સવે સૌને દિવ્ય લાભ આપવા માટે સ્વામીશ્રી મંચના અગ્રભાગે પધાર્યા. સૌના અંતરમાં ઉમંગ ઉછાળા મારવા લાગ્યો. મહાનુભાવોની દર્શનવિધિ બાદ જે ક્ષણની રાહ જોવાતી હતી તે આવી પહોંચી. સ્વામીશ્રીની બંને તરફ ગોઠવેલા બે નળાકારોમાંથી પુષ્પ-પાંદડીઓના ફુવારા છૂટ્યા. હરિભક્તો-ભાવિકો કતારબદ્ધ સ્વામીશ્રીની પ્રસાદીભૂત પાંદડીઓથી અને તેઓની આંખોમાંથી વરસતા પ્રેમઅમીથી ભીંજાયા. એક જ સ્થાન પર બિરાજી સ્વામીશ્રીએ છેલ્લામાં છેલ્લા હરિભક્તને પૂર્ણ સુખ આપ્યું. સર્વત્ર આનંદ આનંદ અને જયજયકાર થઈ ગયો.

આજના ઉત્સવે ઊમટેલા વીસ હજાર જેટલા ભક્તો-ભાવિકોના હૃદય આનંદ-સંતોષથી છલકાઈ રહ્યાં, આવો અદ્ભુત લાભ આપવા બદલ સ્વામીશ્રીનો અંતરથી આભાર માની સૌએ વિદાય લીધી હતી.

તા. ૮-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ ભરૂચ વિસ્તારના મંગલેશ્વર, શક્તિનાથ સોસાયટી, પટેલ સોસાયટી (પુનઃપ્રતિષ્ઠા), ચકલા વિસ્તાર તથા સાંકરી વિસ્તારના ઘાટા ગામ (લોટરવા ક્ષેત્ર) અને વ્યારાના સભામંડપમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વૈદિક પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો, આરતી ઉતારી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથે સાથે અંકલેશ્વર ક્ષેત્રનાં સુભાનવાડ વિસ્તાર, માંડવા ગામ તથા રાજપારડી ક્ષેત્રના ઉમલ્લા અને ઉચ્છબ ખાતે નિર્માણ પામનારાં બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વૈદિક વિધિથી પૂજન કર્યું હતું.

## પુષ્પ અર્પણ વિધિ

તા. ૯-૭-૨૦૧૯નો દિવસ બી.એ.પી.એસ. સંસ્થા માટે ઐતિહાસિક હતો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પૂજિત શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને લઈને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ બી.એ.પી.એસ. સંસ્થામાં પધાર્યા તેને આજે ૧૦૮ વર્ષ પૂર્ણ થયાં હતાં! આ પ્રસંગે મંદિરમાં ઠાકોરજી સમક્ષ તેમજ



પ્રાતઃપૂજાના ઉપમંચ પર શ્રી હરિકૃષ્ણ મહારાજને ૧૦૮ વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન ૧૭ બાળકોએ એક સૂરે સહજાનંદ નામાવલીનો જયઘોષ કરી વાતાવરણમાં ભક્તિનો રંગ ભરી દીધો હતો.

શ્રી હરિકૃષ્ણ મહારાજને ભક્તિ-ભાવ અર્પવા માટે આજે 'પુષ્પ અર્પણ વિધિ'ના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી, ચરણોમાં પુષ્પ પધરાવી ઈષ્ટભક્તિ અદા કરી. ત્યારબાદ ઘનશ્યામચરણદાસ સ્વામી, ઉપસ્થિત સંતો અને હરિભક્તોએ શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી સમીપ દર્શનનો લાભ લીધો હતો.

વળી, આજે અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાંથી ૩૨ યુવાનોએ વરસતા વરસાદમાં કુલ ૧૭,૩૫૦ દંડવતયાત્રા કરી ઠાકોરજીને વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું. સ્વામીશ્રીએ તમામ યુવકોની ભક્તિને સરાહી કૃપાદૃષ્ટિ કરી હતી.

## ઉપાસના દિન

તા. ૧૦-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી 'ઉપાસના દિન'ની સભામાં બાળ-યુવા-સંયુક્ત પ્રવૃત્તિના કાર્યકરોએ કાર્યક્રમની સુંદર રજૂઆત કરી હતી.

સૌપ્રથમ બાળકોએ કૂચ ગીત પર નૃત્ય કરી અક્ષરપુરુષોત્તમના સાચા ઉપાસક બનવાની અને બનાવવાની દૃઢતા દર્શાવી. ત્યારબાદ યુવાનો અને વડીલ હરિભક્તોએ રજૂ કરેલા એક પરિસંવાદમાં પોતપોતાની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા કેવાં સેવાકાર્યો અને ઉપાસનાં કાર્યો થાય છે તેની ઝાંખી કરાવી. સાથે સાથે અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા ઉત્સવોની સ્મૃતિઓ અને તેમાંથી મળેલી પ્રેરણાઓની સરસ ગાથા રજૂ કરી. અંતે, સાચા ઉપાસક બનવા માટે સમજદારી, વફાદારી અને જવાબદારીથી સંપ, સુહૃદભાવ અને એકતા વધારવાની કટિબદ્ધતા દર્શાવાઈ.

આ પ્રસંગે સૌને આશીર્વાદથી લાભાન્વિત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''શ્રીજીમહારાજે વાત કરી છે 'દાસના દાસના દાસ થવું' એમાં એવા ગુણો પ્રગટે કે બધાને સુખ-શાંતિ અર્પે અને આપણને પોતાને શાંતિ થાય. એકબીજાને પગે લાગવું, એકબીજાની ચરણરજ માથે ચડાવવી તે બધાં દાસનાં લક્ષણ છે, પણ મોટામાં મોટું લક્ષણ 'બીજાનો મહિમા સમજી સેવા કરવી ને પોતાના દોષ જોવા' તે છે. દાસપણું આવે તો બધા જ ગુણો આવી જાય. દાસપણામાં મહિમા પણ આવી જાય. માટે સત્સંગમાં દાસપણું કેળવવું. એમાંથી અનેક પ્રકારે શાંતિ થશે. સત્સંગમાં અભાવ-અવગુણને તો જડમૂળથી કાઢી નાંખવાના. પ્રગતિ કરવી હોય તો અભાવ-અવગુણ પર સીલ મારી દેવું.''

આજે સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને નવા મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવ્યાં હતા. ભરૂચ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ત્રણ ચરણમાં અહીંનાં ભક્તો-ભાવિકોને સમીપ-દર્શનનો લાભ આપી ધન્યતાથી છલકાવી દીધા હતા.

તા. ૪ થી ૧૧ જુલાઈ દરમ્યાન સ્વામીશ્રીએ ભરૂચ ખાતે બિરાજીને અહીંના ભક્તોને દિવ્ય સત્સંગલાભમાં તરબતર કરી દીધા. સૌને દિવ્ય સ્મૃતિઓમાં રમમાણ કરી સ્વામીશ્રીએ તીર્થધામ બોચાસણ પ્રતિ પ્રયાણ કર્યું હતું.





# બોચાસણમાં ગુરુપૂર્ણિમા ઉત્સવે હજારો ભક્તોની ભક્તિવંદના...

*બી.એ.પી.એસ. સંસ્થાનું આદિ તીર્થધામ એટલે બોચાસણ ખાતે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં રચેલું પ્રથમ ગગનચુંબી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર. કલામંડિત આ ભવ્ય મંદિરના મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનનો પ્રારંભ કર્યો. ત્યારપછી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન કાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે નવખંડ ધરતીમાં આ સિદ્ધાંતના નાદને ગુંજાવ્યો છે.*

*બોચાસણ ખાતે વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજને ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભક્તિવંદના કરવા તેમજ ચરોતરના હજારો ભક્તોને દિવ્ય સત્સંગલાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૧૧-૭-૨૦૧૯ના રોજ તીર્થધામ બોચાસણ પધાર્યા ત્યારે ઉત્સવનું વાતાવરણ ખડું થયું હતું. આતશબાજી, રંગબેરંગી કાગળો અને ગગનને ભરી દેતાં સ્વાગતગીતોથી સંતો-ભક્તોએ સ્વામીશ્રીનું ભવ્ય અભિવાદન કર્યું. સૌના ભક્તિભાવને સ્વીકારી સ્વામીશ્રી પ્રથમ અભિષેક મંડપમ્‌માં પધાર્યા. નીલકંઠ વર્ણીનો અભિષેક કરી મંદિર પર પધાર્યા. પ્રાર્થનારત અને અસ્મિતાસભર આંખોથી ત્રણેય ખંડોમાં દર્શન કરી આરતી ઉતારી. ગુરુપરંપરાનાં દર્શન કરી સંતઆશ્રમના સભામંડપમાં પધારી સૌને દર્શનલાભ આપ્યો. અહીં ત્યાગવલ્લભદાસ સ્વામી, વેદજ્ઞદાસ સ્વામી તથા ભક્તવત્સલદાસ સ્વામીએ સૌ વતી હાર પહેરાવી સ્વામીશ્રીને બોચાસણના આંગણે ઉમંગભેર વધાવ્યા. બોચાસણ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન બનેલી કેટલાક અવસરોની સ્મૃતિઓ આ રહી...*

*દેવપોઢી એકાદશીના પવિત્ર દિને સ્વામીશ્રીએ સંતોને નિજહસ્તે ચાતુર્માસના તપ-વ્રતસંબંધી નિયમો ગ્રહણ કરાવ્યા હતા. વળી, બોચાસણ ક્ષેત્રનાં ગામોના હરિભક્તોને સમીપદર્શનનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા. અષાઢ વદ બીજથી આરંભાયેલા હિંડોળા ઉત્સવે સ્વામીશ્રીએ ઠાકોરજીને હિંડોળે ઝુલાવી સૌને દિવ્ય સ્મૃતિઓ આપી હતી.*

*તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ મહેળાવ ઝોનના દેવાતજ અને લિંબાલી ગામમાં નૂતન નિર્માણ પામનારાં બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કરી ખાતવિધિ કર્યો હતો. ગુરુપૂર્ણિમાના પવિત્ર ઉત્સવે હજારો ભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ આપેલા દિવ્ય લાભનું અહીં સ્મરણ કરીએ...*

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સંતનો અપરંપાર મહિમા કહ્યો છે. આધ્યાત્મિક માર્ગમાં ગુરુને જ શ્રેષ્ઠ કહ્યા છે, ગુરુ થકી જ મોક્ષ બતાવ્યો છે. એવા સમર્થ ગુરુનાં ચરણે ગુરુભક્તિ અર્પણ કરવાનો મહાપવિત્ર દિન એટલે ગુરુપૂર્ણિમા.

આદર્શ ગુણાતીત ગુરુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વર્ષો સુધી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આદિ તીર્થધામ બોચાસણની ધરતી પર ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવી હજારો ભક્તોને દિવ્ય સ્મૃતિઓ આપી હતી. એ જ પરંપરામાં લાખો ભક્તોના પ્રાણપ્યારા પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં તા. ૧૬-૭-૨૦૧૯ના રોજ બોચાસણ ખાતે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો. આ પ્રસંગે ગુરુહરિનાં દર્શને દેશ-વિદેશના ૫૦,૦૦૦ કરતાં વધુ હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. વહેલી સવારથી જ ધસમસતા આ ભક્તપ્રવાહથી બોચાસણ ગામ ઊભરાતું હતું. સૌનાં હૈયે ગુરુહરિનાં દર્શનની લગની લાગી હતી. સર્વત્ર ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મંદિરના પ્રત્યેક ખંડમાં સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી દર્શનદાન દેતાં ઠાકોરજીનાં દર્શન કરીને સૌએ કૃતકૃત્યતા અનુભવી હતી.

સ્વામિનારાયણ બાગ, ભારેલ ખાતે યોજાયેલી ગુરુપૂર્ણિમાની સભામાં ઊમટેલા હજારો હરિભક્તોથી મુખ્ય સભામંડપની સાથે બંને બાજુના સભામંડપ પણ ખીચોખીચ ભરાઈ ગયા હતા. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે રચાયેલા સુંદર મંચ પર ઉચ્ચાસને વિરાજેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુવર્યોની નિશ્રામાં સ્વામીશ્રી મંચની મધ્યમાં બિરાજ્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજ અલાયદા આસન પર વિરાજી સૌ પર કૃપાદૃષ્ટિ કરી રહ્યા હતા.

વહેલી સવારથી ગુરુપૂર્ણિમાની સભાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. સભાનો મધ્યવર્તી વિચાર હતો: ‘वचनामृत में संत के गुण कहते भगवंत।’ વચનામૃતમાં શ્રીજીમહારાજે સંતના જે ગુણો કહ્યા છે તેના આધારે ગુણાતીત ગુરુપરંપરાનો મહિમા ક્રમશઃ ભક્તિસાગરદાસ સ્વામી, આદર્શ-જીવનદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ પોતાના કથામૃતમાં ગાયો હતો. દરેક પ્રવચન પહેલા વિષયને અનુરૂપ સુંદર પંક્તિ-નૃત્યો રજૂ થયાં હતાં. ત્યાગવલ્લભદાસ સ્વામીએ ‘મન, કર્મ, વચને સત્પુરુષનો પ્રસંગ’ વિષયક સુંદર પ્રવચનનો લાભ આપ્યો હતો.

આજના પાવન પર્વે સૌ ભક્તો અને સંતો વતી વરિષ્ઠ સંતો, વડીલ સંતો, કોઠારી સંતો તથા મહાનુભાવોએ હારતોરા અને ચાદર વડે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વધાવી આશીર્વાદ લીધા.

હવે સમય હતો ગુરુપૂજનનો. મંત્રપુષ્પાંજલિ હસ્તમાં ગ્રહી વૈદિક શ્લોકગાન સાથે સૌ દિવ્યવિધિમાં જોડાયા. સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પુષ્પ પધરાવ્યા અને સૌએ સ્વામીશ્રીનાં શ્રીચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી ભક્તિવંદના કરી. વરિષ્ઠ સંતોએ સૌ વતી ગુરુહરિના ભાલે અર્ચા તથા ચાંદલો કરી આશીર્વાદ લીધા.

આજના પવિત્ર અવસરે સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત નૂતન પ્રકાશનો ઉદ્‌ઘાટિત થયાં. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે વચનામૃતનાં અમૃતને પીરસતી પુસ્તિકાઓની શ્રેણી સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટિત થઈ. સાથે ‘મહંત પ્રસંગમ્’ વીડિયો શ્રેણીનું કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ વિમોચન કર્યું.

વળી, દેશ-પરદેશના હજારો હરિભક્તો આતુરતાથી જેની રાહ જોઈ રહ્યા હતા તે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રના દ્વિતીય ભાગનું ઉદ્‌ઘાટન લેખક આદર્શ-જીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા કરાવ્યું. સૌએ તાળીઓના ગડગડાટથી તમામ નૂતન પ્રકાશનોને વધાવી લીધાં. ગુરુહરિના સુસ્વાસ્થ્યની કામના સાથે પદયાત્રા કરીને પધારેલા યાત્રિકો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ વરસાવી.

આજના પાવન અવસરે ગુરુબોધ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘આપણી પ્રગટની ભક્તિ છે. આપણે પોતાનો મહિમા સમજવો જોઈએ કે આપણે ક્યાં બેઠા છીએ? શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. સત્પુરુષ દ્વારા આપણને શ્રીજીમહારાજનો જોગ થયો છે, તેને ઓછું ન ગણતા. સત્પુરુષ મળ્યા છે એની કિંમત બહુ મોટી છે, તે ઓછી ન આંકતા. ઓછી આંકો તો તમને ખોટ છે, બહુ મોટી ખોટ!

પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ આવી રહ્યો છે. સ્વામીબાપાએ આપણા માટે કેટલું કર્યું છે! હદ પાર. ભક્તો માટે એમણે એક સેકંડ બાકી રાખી નથી, સેવા ન હોય તો તેઓ સેવા ઊભી કરે. એવી રીતે જીવ્યા છે. સેવા એ જ તેઓનું જીવન હતું. હવે આપણે એમના માટે કરવાનું છે. તેઓ માટે જેટલું કરીએ એટલું ઓછું છે.

શાસ્ત્રીજી મહારાજે દાખડો કરી, કષ્ટો વેઠી અક્ષરપુરુષોત્તમની ઉપાસના આપી છે! ને આખી ગુરુપરંપરાએ દાખડો કર્યો છે! માટે આપણે એમાં જોડાવું ને કેફ રાખવો. બળ રાખવું. આ લોકનો કચરો ભેગો ન કરવો. અનંત જન્મથી આપણે એ બધું કર્યું છે. હવે આ પ્રાપ્તિ ઉપર જવું. પ્રાપ્તિની વાત સમજવી ને બીજાને સમજાવવી.’’

સુંદર આશીર્વચન બાદ

અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુઓની આરતી ઉતારી સ્વામીશ્રીએ ભક્તિભાવ અર્પ્યો. આજના ઉત્સવે સૌને દિવ્ય સ્મૃતિઓમાં રસબસ કરી સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી.

## ચંદ્રગ્રહણ - સ્મૃતિસભા

આજે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ હતું. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં ચંદ્રગ્રહણની રાત્રિસભામાં વિવિધ ભક્તિસભર પ્રેરક કાર્યક્રમોએ સૌને દિવ્ય આનંદમાં રસભીના કર્યા હતા. સ્વામીશ્રીએ ગ્રહણ-સ્પર્શથી લઈને ગ્રહણ-મોક્ષ દરમ્યાન સતત સાડા ત્રણ કલાક સુધી હરિભક્તો-ભાવિકોને દર્શનનું સુખ આપી વિશિષ્ટ સ્મૃતિ આપી હતી. રાત્રે ૧-૩૦ વાગે ગ્રહણ શરૂ થાય તે પૂર્વે સ્વામીશ્રી સભામાં પધારી ચૂક્યા હતા અને છેક ૪-૩૦ વાગ્યા સુધી ગ્રહણનો મોક્ષ થયો ત્યાં સુધી ભજન-ભક્તિમાં રત રહ્યા હતા. ૮૬ વર્ષની ઉંમરે પણ પોતાના શરીરની પરવાહ કર્યા સિવાય સ્વામીશ્રીએ અભૂતપૂર્વ લાભ આપીને સૌને કૃતાર્થ કર્યા હતા.

ધૂન-પ્રાર્થના-કીર્તનથી આરંભાયેલી સભામાં વિદ્યાનગર, નડિયાદ છાત્રાલયના છાત્રો, બોચાસણ, બોરસદ અને ખંભાતના યુવકોએ સુંદર સ્કિટ દ્વારા સભાને આનંદ કરાવ્યો હતો. પ્રાસંગિક પ્રવચનમાં વિવેકસાગરદાસ સ્વામીએ ગ્રહણની પૌરાણિક કથા તથા મહિમા કહ્યો હતો. પૂર્વેની ગ્રહણની સ્મૃતિઓને વીડિયોના માધ્યમથી દર્શાવાઈ હતી. વરિષ્ઠ સંતો કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગ-વલ્લભદાસ સ્વામી અને ઘનશ્યામ-ચરણદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રસંગકથન દ્વારા ગુરુમહિમા ગાયો હતો. આત્મસ્વરૂપદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજના પ્રસંગોની રસલહાણ કરી હતી.

સ્વામીશ્રીએ આશીર્વચનોથી સભાને કૃતાર્થ કરતાં કહ્યું: ''આપણને કેવા ભગવાન મળ્યા છે! પ્રાપ્તિનો વિચાર કરીએ તો એમાં ડૂબી જઈએ. ને એ જ કરવા જેવું છે. આપણે કાળ, કર્મ, માયાથી પર થઈ ગયા, કેટલી મોટી વાત! આ બધું સાર્થક થાય જો આપણે અભાવ-અવગુણમાં ન પડીએ તો. શ્રીજીમહારાજે કહ્યું, 'ભલે અમારી સેવા ન કરતો હોય પણ સંતો-હરિભક્તોનો અવગુણ ન લે તો તેણે અમારી અતિશય સેવા કરી એમ માની લઈએ છીએ.' અભાવ-અવગુણથી તમારી સેવા-ભક્તિ ડૂલ થઈ જાય. માટે બ્રેક મારીને, ગમે તેમ કરીને અભાવ-અવગુણમાં ન પડવું.

શ્રીજીમહારાજે આપણો હાથ પકડીને આપણને ઉચ્ચ ગતિ પમાડી દીધી. તો હવે અવળાઈ કરવી જ નહીં. અવળાઈ એટલે અભાવ-અવગુણ લેવો. શ્રીજીમહારાજ મળ્યા હવે બીજામાં પડવું જ નહીં. અબજો રૂપિયા મળતા હોય તો પાંચ-પચ્ચીસ રૂપિયાની ગણતરી ન હોય. એવી રીતે આ અબજો રૂપિયાની પ્રાપ્તિ છે એને આપણે કજિયા, કંકાસમાં ખોઈ નાખીએ તે કેવું કહેવાય?! માટે પ્રાર્થના કરવી, 'હે મહારાજ! અભાવ-અવગુણમાં પડાય નહીં.'

પ્રમુખસ્વામી મહારાજ એક સેકંડ પણ નવરા નથી રહ્યા. તેઓએ અખંડ પરહિતનો વિચાર કર્યો છે. આપણે પણ એ માર્ગે ચાલીએ. આપણે બધી વાતે સુખ છે, મોક્ષની વાતમાં પણ. માટે પ્રાપ્તિ જેમ છે એમ સમજવી. ને સવળાઈ બાજુ જવું, અવળાઈનો ત્યાગ કરવો. આવા ભગવાન, આવા સંત મળ્યા છે ને મોક્ષ મળ્યો છે એટલે અવળાઈ ખપે જ નહીં. અવળાઈ કરીએ તો જરાક માટે બગડે. અબજો રૂપિયા મળતા હોય ને એક જરાક પાઈ-પૈસાની ગણતરી કરીએ તો અબજો રૂપિયા ક્યારે ભોગવવાના? અને બધી વાતે સાનુકૂળ થશે. ખાલી મનમાં દૃઢતા કરવી કે, 'ભગવાન ભજવા છે, બીજું કાંઈ કરવું નથી.''

સ્વામીશ્રીના આશીર્વાદ બાદ બે ગ્રૂપમાં વહેંચાયેલા સંતો-ભક્તોએ કીર્તન-ભક્તિની અંતાક્ષરી રજૂ કરી બ્રહ્માનંદ રેલાવ્યો હતો. રમૂજી પ્રસંગો દ્વારા કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ સભાને રંજિત કરી દીધી હતી.

ભજન-ભક્તિના વહેતા પ્રવાહની સાથે ચંદ્રની મુક્તિનો સમય પણ થઈ ચૂક્યો હતો. સંગીતજ્ઞ સંતોએ બુલંદ અવાજે ને ઊપડતી લયે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ઉપાડી. સ્વામીશ્રી સહિત સૌ ધૂનમાં જોડાયા. ધૂનના અંત ભાગમાં સ્વામીશ્રીના હસ્તમાં પૂર્ણ ચંદ્રની પ્રતિકૃતિ સમો ઝળહળતો ગોળો આપવામાં આવ્યો. એ ભાવના સાથે કે સ્વામીશ્રીના સ્પર્શે ચંદ્ર હવે ગ્રહણથી મુક્ત થયો!

આજે સભામાં ઉપસ્થિત ૨૮,૦૦૦ જેટલા ભક્તોને વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની વણઝાર વચ્ચે ગુરુહરિએ સતત સાડા ત્રણ કલાક કરતાં વધારે સમય સુધી સત્સંગ-ભક્તિનું અનહદ સુખ આપ્યું. સૌ માટે આજનો ગુરુપૂર્ણિમા-ઉત્સવ તથા ગ્રહણ-ઉત્સવ સ્મરણીય બની રહ્યો.

## રવિસભા

તા. ૧૪-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી રવિ સત્સંગ સભામાં 'મનોદશા' નામક સંવાદ રજૂ થયો હતો. જેમાં દર્શાવાયું કે વચનામૃત રૂપી

પરમાનંદની ચાવી મળી જતાં એક વ્યક્તિ રજોગુણમાંથી બહાર આવ્યા ને તેમણે ભૌતિક જગતનાં તુચ્છ સુખ છોડી દીધાં.

સંવાદના અનુસંધાનમાં વચનામૃતનું જ્ઞાન સૌના જીવનમાં દૃઢ થાય તેવા શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આખી દુનિયા અને બ્રહ્માંડો મોહમાયા નગરી છે. તેમાં મોક્ષમાર્ગે જવું એ બહુ દુર્લભ છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો.' તેમણે કહ્યું તે પરમ સત્ય છે. એ માર્ગે આપણે જવાનું છે. આ સમજણ વચનામૃતમાંથી આવે છે. તે આપણને મોક્ષમાર્ગે લઈ જાય. વચનામૃતમાંથી એવી સમજણ આવે છે કે તમને પરમ શાંતિ પમાડે. માટે વિશ્વાસ રાખીને વચનામૃતનું સેવન કરવું. વચનામૃતમાંથી એવી સમજણ આવી જાય કે કોઈ પ્રશ્ન રહે નહીં. શ્રીજીમહારાજ આપણને સુખ સુખના દરિયામાં ઝબકોળે છે. વચનામૃતનો અભ્યાસ સારી રીતે કરો ને સદ્‌ગુરુ તથા સત્પુરુષના મુખેથી એ સાંભળે તો લીલાલહેર થઈ જાય.''

બોચાસણ ખાતેના એક સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ બ્રહ્માનંદ રેલાવી સંતો-ભક્તોને ખૂબ ખૂબ સુખ આપી અટલાદરા જવા વિદાય લીધી.




## અટલાદરા-વડોદરાના ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરતા સ્વામીશ્રી...

*તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ બોચાસણથી વિદાય લઈ અટલાદરા પધારતા પરહિતકારી સ્વામીશ્રીએ ક્યાંય દુષ્કાળ ન પડે ને સૌના દેશકાળ સારા થાય તે માટે છેક અટલાદરા સુધી પ્રાર્થના-માળા કરી હતી. માર્ગમાં ચરોતરનાં ગામોના હરિભક્તોને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી વડોદરામાં અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. ગુરુહરિના સ્વાગત માટે ઊમટેલા સેંકડો હરિભક્તો-ભાવિકોથી મંદિરનું પ્રાંગણ છલકાઈ રહ્યું હતું. સૌ કોઈનું હૈયું સ્વામીશ્રીના આગમનને વધાવવા માટે અનેરા ઉત્સાહથી થનગની રહ્યું હતું. યુવાનોએ બૅંડવાદનનો ભવ્ય નાદ ગુંજાવી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીના આગમનને હર્ષભેર વધાવ્યું. હરિ અને ગુરુના સ્વાગતમાં જાજમની બંને બાજુએ ફૂલોની રંગોળી કરવામાં આવી હતી. યુવાનોએ બી.એ.પી.એસ.ની ધજા લહેરાવી અને બાળકોએ પુષ્પવર્ષા કરી ગુરુહરિને આવકાર્યા. ફટાકડાની આતશબાજી અને ગુંજી રહેલાં સ્વાગત-કીર્તનોથી વાતાવરણમાં ભક્તિનો અનેરો રંગ જામ્યો હતો.*

*સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. ભાવથી દર્શન કરી ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારી. આરતી બાદ પોડિયમના અગ્રભાગે પધારી સામે બેઠેલા હરિભક્તોને દર્શન લાભ આપ્યો. સૌ ગુરુહરિનાં દર્શનમાં મગ્ન બની મનોમન વંદી રહ્યા. સંતો અને મહાનુભાવોએ વિધવિધ હારતોરા અને પુષ્પગુચ્છ વડે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગુરુહરિના આગમન નિમિત્તે વિશિષ્ટ વ્રત-તપ કરનાર તપસ્વીઓ પર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા. પ્રદક્ષિણા પથમાં ગુરુપરંપરાનાં દર્શન કરી સ્વામીશ્રીએ અભિષેક મંડપમ્‌માં નીલકંઠવર્ણી પર અભિષેક કર્યો. અહીં પણ*

*નેત્ર મીંચી તલ્લીન થઈ વરસાદ માટે ધૂન-પ્રાર્થના કરી પરદુઃખભંજન નિજનિવાસે પધાર્યા.*

*તા. ૧૯-૭-૨૦૧૯ થી તા. ૧-૮-૨૦૧૯ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અટલાદરા-વડોદરા ખાતે બિરાજીને સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. સતત ૧૩ દિવસ સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય પામીને સૌનાં હૈયે અપાર આનંદ-ઉત્સાહ અનુભવાતો હતો. વહેલી સવારથી જ વડોદરા શહેર અને આજુબાજુનાં ગામોમાંથી સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલક મેળવવા હજારો હરિભક્તો-ભાવિકો ઊમટતા હતા. વળી, વરસતા વરસાદમાં પણ વિવિધ સત્સંગ મંડળોમાંથી મોટી સંખ્યામાં બાળકો, યુવકો, કિશોરો, કાર્યકરો, વડીલોએ પદયાત્રા-દંડવતયાત્રા તેમજ મહિલા મંડળે ભક્તિયાત્રા કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીએ અહીંનાં નિવાસ દરમ્યાન અટલાદરા-વડોદરા શહેર તેમજ આ પંથકના ભક્તોને વિવિધ પ્રસંગોએ દિવ્ય લાભથી લાભાન્વિત કર્યા હતા, તેની એક આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે...*

## પ્રતીક ગુરુપૂર્ણિમા

તા. ૨૧-૭-૨૦૧૯ના વડોદરા-અટલાદરા તેમજ આજુબાજુનાં ગામોમાંથી ઊમટેલા હજારો હરિભક્તોએ પ્રગટ ગુરુહરિના સાંનિધ્યમાં ઊજવાયેલા પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવે દર્શન-આશિષલાભ પ્રાપ્ત કરી ગુરુહરિનાં ચરણોમાં ભક્તિવંદના કરી હતી.

ઉત્સવસભામાં સ્વામીશ્રીનું આગમન થતાં જ *'સ્વાગતમ્ વો મહાભાગા...'* કીર્તનના તાલે સૌ સભાજનોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી ગુરુહરિનું સ્વાગત કર્યું. બાદ સૌ વતી વિવેકસાગરદાસ સ્વામીએ હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું ચંદનથી પૂજન-અર્ચન કર્યું. વડીલ સંતો, સંતનિર્દેશક સંતો તથા અન્ય સંતોએ ગુરુહરિને કલાત્મક હાર અર્પણ કરી ગુરુપૂજન કર્યું. બાળ-યુવા અને સંયુક્ત પ્રવૃત્તિના અગ્રેસર કાર્યકરોએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રી સમક્ષ વિવિધ ભેટ-સોગાદો ધરી ગુરુ દક્ષિણા અર્પી!

ચાણસદ-અટલાદરાના આંગણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની ૯૯મી જન્મજયંતી ઊજવાનાર છે. તેના ઉપક્રમે તૈયાર કરાયેલી વિવિધ ભેટ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી. બાદ યુવાવૃંદે સ્વાગતનૃત્યો દ્વારા હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને નવાજ્યા. નૃત્યાંજલિ બાદ સાચા ગુરુનો મહિમા સમજાવતો 'બંધીતોડ બાવાજી' સંવાદ યુવકોએ રજૂ કર્યો.

અંતે સૌને આશરો દૃઢાવતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: "આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ મળ્યા. તેઓએ કેટલાયનાં બંધન છોડાવ્યાં છે! કેટલાયનો મોક્ષ કર્યો છે! એટલે તેઆનો દૃઢ આશરો કરવો. એમાં જરાય પોલ ન ચાલે. પોલ ન હોય અને આશરો એકદમ દૃઢ હોય તો તમે અક્ષરધામમાં જ બેઠા છો. એમાં જરાય શંકા નથી. આશરો દૃઢ થાય તે માટે પ્રાર્થના કરવીઃ 'હે મહારાજ, મારા આશરામાં પોલ હોય તે મને સૂઝે અને મારા આશરામાં પોલ હોય તો કાઢી નાખજો.' દૃઢ આશરો હોય તો અક્ષરધામમાં આવવા જવાનું રહેતું જ નથી."

અંતે સૌ ગુરુસ્તુતિના શ્લોકગાનમાં જોડાયા. આજની સભામાં ઉપસ્થિત ૧૫,૦૦૦ જેટલા હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી ગુરુ અને હરિને ભક્તિવંદના કરી હતી.

## ગુણગ્રાહક દિન

તા. ૨૩-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી 'ગુણગ્રાહક દિન' નિમિત્તેની સભામાં મુખ્ય કાર્યક્રમ તરીકે ત્યાગવત્સલદાસ સ્વામી લિખિત 'ગુણોના ગ્રાહક' સંવાદ રજૂ થયો હતો. જેમાં દર્શાવાયું કે અવગુણ લેવાથી લાલા પાળા જેવી દુર્દશા થાય છે ને ગુણગ્રહણ કરવાથી ભાદરાના ડોસાભાઈને મળ્યો તેવો રાજીપો મળે છે. ખૂબ સરસ સંવાદની પ્રસ્તુતિ બાદ સૌએ અવગુણ બંધીનાં સૂત્રો ઝીલ્યા.

સ્વામીશ્રીએ પોતાના પ્રિય વિષય પર સુંદર આશિષ આપતાં કહ્યું: "શ્રીજીમહારાજથી લઈને આપણા ગુરુઓનાં વચન-વર્તન જુઓ! તેમણે ક્યારેય કોઈ ખૂણે-ખાંચરે લેશ પણ અભાવ-અવગુણની વાત કરી નથી. તો આપણે શું કામ કરવી? આપણે શું કામ અભાવ-અવગુણનો ઝંડો લઈને ફરવું? તેમાં આપણને જ નુકસાન છે.

શ્રીજીમહારાજે કહ્યું, 'ભલે ભગવાન અને સંતની અપાર કૃપા થઈ હોય, પણ અભાવ-અવગુણ લે તો તે ધામમાં ન જાય.' વળી કહ્યું, 'સંતો-હરિભક્તો નિર્દોષ છે. તેમના નિર્દોષપણાની વાત બીજાને કરવી. તેમાં અમારો અતિશય રાજીપો છે.' આ વાત સમજવી, હૃદયમાં ઉતારવી અને દૃઢ કરવી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'હરિભક્તના ગુણ ગાય તો તે બ્રહ્મરૂપ થઈ જાય.' કેટલી મોટી વાત! આ જ વાત સત્સંગમાં પ્રવર્તાવવાની છે. જરાક રાજીપો થાય તે માટે કેટલી કૂદાકૂદ કરીએ છીએ!? તો ગુણગ્રહણ કરવામાં તો અતિશય રાજીપો છે. માટે

અભાવ-અવગુણની વાત કરવી જ નહીં અને એ જ ખરો સત્સંગ છે.''

## સ્વામીશ્રીને સન્માનતા નગરના અગ્રણીઓ

તા. ૨૪-૭-૨૦૧૯ના રોજ યોજાયેલી સત્સંગ સભા સ્વામીશ્રીના સ્વાગત-સન્માન નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી. સ્વામીશ્રી સભામાં પધારતા જ અટલાદરા-વડોદરાના નામાંકિત ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, આર્કિટેક્ટ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયર, વિશ્વકક્ષાએ કાર્યરત ફાર્મામેન્યુફેક્ચર્સ, બિઝનેસ-મેન, વકીલો અને જજ વગેરે મહાનુભાવોએ પોતાના સ્થાન પરથી ઊભા થઈ, હાથ જોડી સ્વામીશ્રીનો આદર-સત્કાર કર્યો. હાથ જોડીને, એકદમ નમીને સૌને વંદન કરતાં સ્વામીશ્રીના નિર્માનીપણાનો આ ગુણ સૌને વિશેષ સ્પર્શી ગયો.

શ્રી હરિકૃષ્ણ મહારાજને અર્પેલા આરતીઅર્ઘ્ય બાદ યુવાવૃંદે *'આવો પધારો રે આવો પધારો રે હરિકૃષ્ણ મહારાજ...'* સ્વાગતગીતના તાલે ભક્તિનૃત્ય કરી હરિ અને ગુરુને વધાવ્યા. શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ (મહામંત્રી ભાજપ, ગુજરાત પ્રદેશ) અને શ્રી ભાર્ગવભાઈ (ઉપપ્રમુખ ભાજપ, ગુજરાત પ્રદેશ)એ હાર પહેરાવીને તમામ મહાનુભાવો વતી સ્વામીશ્રીનું વડોદરાના આંગણે અભિવાદન કર્યું.

સભામાં ઉપસ્થિત ચાર હજાર જેટલા વિવિધ ક્ષેત્રના માંધાતાઓનો આભાર માનતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આપ બધા પધાર્યા છો તે ખૂબ આનંદની વાત છે. બધાને ખૂબ ખૂબ આશીર્વાદ આપવામાં આવે છે કે, બધા પોતપોતાના કાર્યમાં ખૂબ આગળ વધો.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સૌને સ્વામીશ્રીના સમીપદર્શનનો લાભ પ્રાપ્ત થયો. પરમનમ્ર, પરમવિવેકી અને સદ્‌ગુણોના ભંડાર સ્વામીશ્રીનાં દર્શન કરતાં સતત એક કલાક સુધી સૌ સ્વામીશ્રીની અમીવર્ષામાં ભીંજાઈ વિદાય થયા હતા.

સૌને દિવ્ય લાભ આપી સ્વામીશ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયમાં પધાર્યા. ભક્તિભાવથી છાત્રોએ ગુરુહરિનું સ્વાગત કર્યું. છાત્રો પર અપાર રાજીપો વરસાવતાં સ્વામીશ્રીએ સમીપદર્શન તથા ભોજનદર્શનથી સંચાલકો અને છાત્રોને લાભાન્વિત કર્યા હતા.

## પ્રાપ્તિ દિન

તા. ૨૬-૭-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય અને વિદ્યામંદિરના છાત્રોએ 'પ્રાપ્તિ દિન'ની ઉજવણી કરી ગુરુહરિનો રાજીપો ઝીલ્યો હતો. આજની વિશિષ્ટ સભાના કાર્યક્રમને વચનામૃતના રૂપરંગમાં ઢાળવામાં આવ્યો હતો. સંતોએ સ્વામીશ્રીનું પૂજન કરી મસ્તકે પાઘ પહેરાવી. છાત્રાલયના યુવકોએ સુંદર હાર પહેરાવ્યો. ત્યારબાદ પ્રસ્તુત થયેલા સંવાદમાં છાત્રોએ દુ:ખમાં પણ પ્રાપ્તિના કેફથી આનંદમાં રહેતા ભક્તોના પ્રેરક પ્રસંગો વર્ણવ્યા. તે અંતર્ગત પુછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ પ્રાપ્તિનો મહિમા દૃઢાવતાં બોર્ડ દર્શાવ્યાં.

યુવાવૃંદે પ્રાપ્તિના આનંદમાં *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવા...'* કીર્તન પર ભક્તિનૃત્ય કર્યું. 'બકરીના કોટે હીરો' નામક સંવાદની પ્રસ્તુતિ બાદ સ્વામીશ્રીએ ટોર્ચ દ્વારા સૌ સભાજનો પર પ્રાપ્તિનો પ્રકાશપુંજ રેલાવ્યો. તેના આનંદમાં બાળ-યુવાવૃંદે પ્રાપ્તિના કેફસભર કીર્તન *'મોજમાં રે'વું મોજમાં રે'વું...'* પર સુંદર ભક્તિનૃત્ય કરી સભાને ડોલાવી દીધી.

સભાના અંતે સૌને પ્રાપ્તિનો કેફ ચઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. એમની પ્રાપ્તિ સામે તમે જે વહેવાર કરો છો ને રાત-દિવસ દોડાદોડી કરો છો તે બે પૈસા! પ્રાપ્તિનો કેફ એટલે આપણને જે ભગવાન મળ્યા છે, સંત મળ્યા છે તે.

તમે બધા બુદ્ધિશાળી છો ને ગણતરીબાજ છો, પણ અહીંયાં ભૂલા પડો છો. પ્રાપ્તિનો વિચાર એકવાર આવે ને તોય ઘણું બધું થઈ જાય. કેટલો પાવર, કેફ ચડી જાય! પણ કોણ જાણે કેમ એ આવતું જ નથી. પહેલા તો માની લેવાનું કે શ્રીજીમહારાજની પ્રાપ્તિ = અબજ રૂપિયા. આ ગેરંટી છે, ફાસફૂસિયું નથી. આ પ્રાપ્તિનો રોજ વિચાર કરશો તો ખરેખર તમે ધન્ય થઈ જશો.

પૂર્વે થયેલા બધા ભક્તો ઉપરથી સામાન્ય લાગતા હતા, પણ પ્રાપ્તિના કેફમાં રાચતા હતા. તેઓને કોઈની પડી નહોતી ને તમારે કેટલી બધી આજીજી કરવી પડે! હાથ જોડીને દાસ થાવ, આખી દુનિયાના ગુલામ થાવ, પણ ભગવાનના દાસ થવાનું. એનાથી બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી. માટે દિવસમાં એકવાર તો પ્રાપ્તિનો વિચાર કરવો. સૉલિડ વિચાર કરીને પાવર બધો ભરી દેવાનો અને પછી જો જો મજા!''

## યુવા દિન

તા. ૨૭-૭-૨૦૧૯ના રોજ યોજાયેલી 'યુવા દિન'ની સભામાં યુવકોએ અખિલ ભારતીય યુવા અધિવેશનની ઝાંખી કરી. શ્વેતવસ્ત્રોમાં હકડેઠઠ બેઠેલા યુવાઓએ

બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી ગુરુહરિના આગમનને વધાવ્યું. યુવકોએ કરેલા બેંડવાદનના તાલે સ્વામીશ્રીએ ઠાકોરજીને આરતીઅર્ઘ્ય અર્પ્યું. પ્રારંભમાં *'યોદ્ધા યુવાનો મહંત સ્વામીના...'* કીર્તનના તાલે યુવાનોએ જોશભેર નૃત્ય કર્યું. 'અબજોની કમાણી' મધ્યવર્તી વિચાર સાથે રજૂ થયેલા સભાના કાર્યક્રમો અંતર્ગત લઘુ સંવાદો દ્વારા અધિવેશનનાં દૃશ્યો દર્શાવવામાં આવ્યાં. 'સૂરજ ગ્રહણ' નામક સંવાદની પ્રસ્તુતિ કરતા યુવકોએ એક અતિ તેજસ્વી સૂરજ નામના યુવકનું મોબાઈલરૂપી કુસંગથી જબરજસ્ત અધઃપતન થયું તેની ગાથા વર્ણવી. ત્યારબાદ એક યુવકે 'વચનામૃત દ્વારા ભગવાન સ્વામિનારાયણની યથાર્થ ઓળખાણ' વિષયક સુંદર પ્રવચન કર્યું. અંતે અધિવેશનની ફળશ્રુતિઓ અને મળેલાં મીઠાં પરિણામો વિવિધ દૃશ્યોરૂપે રજૂ થયાં હતાં.

અધિવેશનના પ્રેરણામૂર્તિ ગુરુહરિએ સૌને આશીર્વર્ષામાં ભીંજવતાં કહ્યું: ''યુવકોએ અધિવેશનમાં ચમત્કારો સર્જ્યા! ભગવાનની કૃપાથી બધા અધિવેશનમાં જોડાઈ ગયા ને પછી એટલો ફેરફાર થયો કે બધા એકાંતિકભાવે વર્તવા લાગ્યા. આવા પરિવર્તન માટે આખી જિંદગી કાઢવી પડે, પણ અહીં તો પંદર દિવસમાં જ સ્વભાવ ફરી ગયા!

હજી પણ અધિવેશનમાંથી ઘણો બોધ મળી શકે એમ છે પણ સમજતા નથી. વિષયમાં ગોઠવાઈ ગયા છીએ, તેનું ઘેલું લાગ્યું છે પણ શ્રીજીમહારાજ મળ્યા પછી વિષયોમાં લેવાઈએ તે શરમની વાત છે. આપણે અનંત જન્મથી કુટારો કર્યો છે. હવે વચનામૃત વાંચવાનો નિયમ લઈ લેવો પછી તે સમજાશે, બાળકો તમને સમજાવશે, જ્ઞાન આપશે. અને, આપણે જ એકાંતિક ભક્તિ કરવાની છે, બીજાને માથે નાંખશો નહીં. પોતે જ મંડી પડવું. શબ્દો પોતા પર લેવા, બીજા પર નાંખવા નહીં. આવું થશે પછી ખરેખર એકાંતિક ભક્તિનો રંગ જામશે.''

આજની સભામાં ઉપસ્થિત શ્રી જિતેન્દ્રભાઈ સુખડિયા (પૂર્વમંત્રી ગુજરાત) અને શ્રી કેતનભાઈ ઈનામદાર(સાંસદ, સાવલી-વડોદરા)એ વચનામૃતનો મહિમા સાંભળી એક વર્ષમાં સંપૂર્ણ વચનામૃત વાંચનનો સંકલ્પ લીધો. તેઓનો ભક્તિભાવ જોઈ સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને બંનેને વચનામૃત ભેટ આપી આશિષ આપ્યા.

તા. ૨૮-૭-૨૦૧૯, એકાદશીના પવિત્ર દિને સંતો સાથે યોજાયેલી આધ્યાત્મિક ગોષ્ઠિમાં સ્વામીશ્રીએ બ્રહ્માનંદ રેલાવ્યો હતો.

પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણ રક્ષણ માટે દૈનિક ભાસ્કર દ્વારા હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત સ્વામીશ્રીએ સંદેશ લખી આપ્યો : 'एक पेड़ एक जिंदगी। हर एक व्यक्ति एक पौधे का आरोपण करे और उसका संवर्धन करे।'

તા. ૨૨, ૨૫ અને ૨૯ જુલાઈના રોજ યોજાયેલી સંધ્યા સભાઓમાં સ્વામીશ્રીએ અટલાદરા-વડોદરા ક્ષેત્રના વિવિધ વિસ્તારના હરિભક્તોને સમીપ દર્શનનો લાભ આપી કૃતાર્થતા બક્ષી હતી. વળી, ૨૯ જુલાઈના રોજ સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને નવા મુમુક્ષુઓને નૂતન વર્તમાન મંત્ર ઝિલાવીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

## બાળ દિન

તા. ૩૦-૭-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન સંનિધિમાં બાળકોએ 'બાળ દિન' ઊજવ્યો હતો. આ નિમિત્તે યોજાયેલી સભામાં નિયમ-ધર્મ, આહ્નિક, બાળસભા વગેરેની દૃઢતા ધરાવતા અહીંના બાળકોના પ્રસંગો વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તુત થયા હતા. તેમાં કીર્તન અને તિલક નામના બાળકોએ બહારના પીત્ઝા ન ખાધા. ભવસાગર તરવાની તાલીમ આપતી બાળસભાના ભોગે વિવિધ આવડતો શીખવતા ક્લાસિસનો બાળકોએ ત્યાગ કર્યો. વળી સંયમ ચોંડાગર નામનો બાળક સખત દાઝી ગયો હતો, તેમ છતાં પણ તેણે બાળસભાના નિયમને લોપ્યો નહીં. ઉપરાંત અન્ય બાળકોના આવા કેટલાક પ્રેરક પ્રસંગો સંચાલકોએ રજૂ કર્યા. અહીં જે બાળકોના પ્રસંગો રજૂ થયા તે પૈકીના કેટલાક બાળકો સભામાં ઉપસ્થિત હતા. તે તમામ બાળકોને સ્વામીશ્રીએ પ્રસન્નતા પૂર્વક આશીર્વાદ આપ્યા હતા. પ્રસંગકથન બાદ બાળ-યોદ્ધાઓએ *'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા પ્રમુખસ્વામીના બાળ અમે... અક્ષરપુરુષોત્તમના યોદ્ધા મહંત સ્વામીના બાળ અમે...'* ગીતના તાલે અનેરી ઊર્જા સાથે ભક્તિનૃત્ય કર્યું.


અંતમાં બાળકોને બાળશૈલીમાં 'લીંડિયો' બોધકથા કહી તેના આધારે બળભર્યા આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

''આપણે ઘેટાં-બકરાં નથી, સિંહ છીએ. અસલી સિંહ, લીંડિયો નહીં. અસલી સિંહ ધર્મ-નિયમ બરાબર પાળે. અને તમે બધા બાળકો બ્રહ્માંડ તોડી નાખો એવા છો માટે કોઈ વાતે ખામી રાખવી નહીં. ધર્મ-નિયમનું પાલન દૃઢતાથી કરવાનું. સભામાં જવાનું અને ત્યાં તમને સંચાલકો દ્વારા જે આજ્ઞા કરવામાં આવે તેનું દૃઢપણે પાલન કરવાનું.''

સ્વામીશ્રીએ બાળકોને બાળભાષામાં સુંદર પ્રેમોપદેશ આપી ખૂબ રાજી કર્યા.

આવતા વર્ષે અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. તે નિમિત્તે અહીં મહાઅન્નકૂટ યોજાવાનો છે. તેનો ઉદ્‌ઘોષ કરતાં તા. ૩૧-૦૭-૨૦૧૯ના રોજ મંદિરના પ્રત્યેક ખંડમાં ઠાકોરજી સમક્ષ ભાતભાતની ૭૫ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ ખૂબ ભાવથી અન્નકૂટ સહ ઠાકોરજીની આરતી ઉતારી ભક્તિભાવ અર્પ્યો હતો.

આમ, અટલાદરા-વડોદરા ખાતે સતત ૧૪ દિવસ સુધી હજારો ભક્તો-ભાવિકોને સત્સંગનો અમૃતલાભ આપીને સ્વામીશ્રીએ ગાંધીનગર જવા વિદાય લીધી હતી.



## ગાંધીનગર ખાતે ધર્મલાભ આપતા સ્વામીશ્રી...

તા. ૧-૮-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અટલાદરા-વડોદરાના સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પધાર્યા. ગમનપથની બંને બાજુ ઊભેલા બાળમુક્તોએ પુષ્પવર્ષા કરી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. વિવિધ વ્રત-તપ કરનાર બાળકો-યુવકો પર સ્વામીશ્રીએ રાજીપાભરી દૃષ્ટિ કરી. મંદિરમાં ઠાકોરજીનાં દર્શન-પ્રદક્ષિણા કરતાં સૌને દર્શનસુખ આપ્યું. સૌનો ભક્તિભાવ સ્વીકારી, દર્શનલાભ આપતાં સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

તા. ૮-૮-૨૦૧૯થી સ્વામીશ્રી આફ્રિકાની ધર્મયાત્રાએ પધારી રહ્યા હતા. અંધારિયા ખંડ તરીકે ઓળખાતા આફ્રિકા ખંડને આધ્યાત્મિક જ્યોતથી પ્રકાશિત કરવા માટે સ્વામીશ્રી આફ્રિકા પધારી રહ્યા હતા. આ ધર્મયાત્રા પૂર્વે એક સપ્તાહનો વિશ્રામ મળે તે હેતુસર સ્વામીશ્રીનું ગાંધીનગર ખાતે આગમન થયું હતું. પરંતુ અહીં તો માહોલ જ કંઈક અનેરો હતો. સૌ કોઈ સ્વામીશ્રીના ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પવા થનગનતા હતા.

### યુવા દિન

તા. ૫-૮-૨૦૧૯ના રોજ 'યુવા દિન'ની સભામાં યુવાવૃંદે *'સ્વાગત કરીએ રે, ગુરુચરણે નમીએ રે...'* સ્વાગતગીત પર સુંદર ભક્તિનૃત્ય કરી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. નૃત્ય બાદ યુવકોએ એક સંવાદ રજૂ કર્યો. સંવાદના સંદર્ભમાં જ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે આપેલાં અપાર સુખ વીડિયોના માધ્યમથી દર્શાવવામાં આવ્યાં. સાથે સાથે આપણી આજ્ઞાપાલનમાં ક્યાં કચાશ રહે છે તે દર્શાવતાં બીજા ઉપસંવાદો રજૂ થયા. સમગ્ર સંવાદના સારરૂપે *'આપ વચનના મેઘમલ્હારે સારંગ થઈ નાચું...'* કીર્તન પર યુવકોએ અનેરી ઊર્જા સાથે ભક્તિનૃત્ય કર્યું.

અંતમાં સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : ''શ્રીજીમહારાજ બધું જુએ છે ને આપણા ભક્તોનું તો ખાસ જુએ છે. આપણે બધું ભગવાન પર છોડીએ, પણ ખાવાનું છોડતા નથી. એટલે આપણું ખાતું મતલબી છે.

જે દૈહિક છે, નાશવંત છે તે ચોક્સાઈપૂર્વક કરીએ છીએ ને જેમાં રહેવાનું છે તે અક્ષરધામની બહુ પડી નથી.

શ્રીજીમહારાજે કહ્યું, 'આજ્ઞા-ઉપાસનામાં લોચો પડે એટલે અક્ષરધામમાં જવામાં વિલંબ થાય.' આપણે મહિમાપૂર્વક ન કરીએ, ગાફલાઈ હોય એટલે આવું થાય છે. પણ અહીં વહેવારમાં કરીએ છીએ એટલું જ કરવાનું છે, વધુ નહીં. ભગવાન તો બહુ દિલદાર છે. ભગવાને આપણને ૧૦૦ માર્ક્સ આપી દીધા છે. હવે તેમાં ગાફલાઈ રાખો એટલા માર્ક્સ કપાય.

શ્રીજીમહારાજે આપણને સ્વીકાર્યા, આટલી દયા કરી તો આપણે પણ એમના નિયમો પાળવા. તેમણે આપણને કાળ-કર્મ-માયાથી પર કરી દીધા. તેમણે કેટલી દયા કરી! આ સત્સંગમાં રહીને એકાંતિકપણું પામવાનું છે. એટલે એને અનુરૂપ થઈને કંઈક પુરુષપ્રયત્ન કરીએ. ભગવાન સામે દૃષ્ટિ રાખીને સત્સંગ કરીએ એ જ પ્રાર્થના.''

**બાળ દિન**

તા. ૬-૮-૨૦૧૯ના રોજ 'બાળ દિન'ની સભામાં બાળકોએ વિવિધ પ્રેરક પ્રસંગોની સુંદર છણાવટ કરી હતી. સમગ્ર રજૂઆતને દાદાજી અને બાળકોના વાર્તાલાપના રૂપમાં ગૂંથી લેવામાં આવી હતી. તે વાર્તાલાપમાંથી એક પછી એક વિભાગો બાળકો દ્વારા રજૂ થયા હતા.

બાળકોની સુંદર પ્રસ્તુતિ બાદ સ્વામીશ્રીએ લીંડિયોની બોધકથા બાળશૈલીમાં ખૂબ લડાવીને કહી. સાથે બોધવચનો પણ કહ્યાં. સૌ બાળકોએ આનંદની કિલકારીઓ કરતાં બોધકથા અને બોધવચનોને વધાવ્યાં. ત્યારપછી યોગીબાપાના કેટલાક રમૂજી પ્રસંગોની સ્મૃતિ કરી. પ્રસંગકથન બાદ 'જોડ બનાવો' રમત રમાડી સ્વામીશ્રીએ બાળકોને બ્રહ્મકિલ્લોલ કરાવ્યો હતો.

સભાના અંતમાં યોગીબાપાની સ્મૃતિઓમાં સૌને ગુલતાન કરતાં બાળકો અને બાળકાર્યકરોએ *'યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો...'* કીર્તન પર ઉત્સાહભર્યું નૃત્ય કર્યું. બાળકો માટે લેવાતી સત્સંગ શિક્ષણ પરીક્ષા - બાળવિહારની સ્વાધ્યાય પુસ્તિકાનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું.

ગાંધીનગર ખાતેના એક સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ વહેલી સવારની પ્રાતઃપૂજાથી લઈને દિવસભરના ભરચક કાર્યક્રમો, સમીપદર્શન, સંતો સાથે આધ્યાત્મિક ગોષ્ઠી, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો સાથે મુલાકાત ઉપરાંત રાત્રિભોજન દરમ્યાન પણ સંતો-ભક્તોને દર્શનનું સુખ આપી પરિતૃપ્ત કર્યા હતા.

તા. ૮-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી ગાંધીનગરથી સૌની વિદાય લઈ અમદાવાદના સરદાર પટેલ ઍરપોર્ટ પર પધાર્યા. આજથી સ્વામીશ્રી આફ્રિકાની ધર્મયાત્રાનો પ્રારંભ કરી રહ્યા હતા.

પરબ્રહ્મ ભગવાન સ્વામિ-નારાયણના જીવન અને કાર્યનો આફ્રિકા ખંડના મુમુક્ષુઓને ખ્યાલ આવે તથા તેમના આદેશ અનુસાર જીવનમાં વ્યસનમુક્ત થઈને સદાચારને માર્ગે આગળ વધે તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સત્સંગરૂપી ખીલવેલા વટવૃક્ષને સત્સંગનું પોષણ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંતમંડળ સાથે આફ્રિકાની ધર્મયાત્રાનો પ્રારંભ કર્યો હતો. સ્વામીશ્રીએ આફ્રિકાનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાં આપેલા અમૃતલાભને આવતા અંકમાં માણીશું...

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# રશિયા ખાતે મહાનગર મોસ્કોમાં બી.એ.પી.એસ. સંતવૃંદનું ઐતિહાસિક પદાર્પણ અને વવાયાં સત્સંગનાં બીજ




રશિયન રાજદૂત શ્રી એનેટોલીએ પ્રમુખસ્વામી મહારાજને રશિયા ખાતે પધારવાનું નિમંત્રણ આપ્યું ત્યારની ઐતિહાસિક તસવીર...

દાયકાઓ પહેલાંના એવા સમયની આ વાત છે કે જ્યારે ઇલેક્ટ્રિસિટી કે રસ્તાઓની પણ સુવિધાઓ વિનાના ગામડાંઓમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ બળદગાડામાં વિચરણ કરી રહ્યા હતા. એમની એ વિચરણ યાત્રામાં શહેરોની કૉલેજોમાં ભણતા યુવાનો પણ જોડાયા હતા. એવા સમયે ગામડાંના લોકોની સાથે એ યુવાનોને સંબોધતાં યોગીજી મહારાજે વારંવાર ઉચ્ચાર્યું હતું કે આપણે અમેરિકા, ઇંગ્લૅન્ડ, રશિયા, જાપાન, જર્મની વગેરે દેશોમાં સત્સંગ કરાવવો છે.

પરંતુ ગામડાંઓમાં પણ માંડ માંડ ગાડું ચાલતું હોય ત્યારે વિદેશોમાં તો સત્સંગનો પ્રસાર કેવી રીતે થશે? એવી શંકા સાથે યુવાનો હસી પડતા અને ગમ્મતમાં અરસપરસ કહેતા કે રશિયા એટલે રોહિશાળા અને જર્મની એટલે ઝમરાળા. ત્યાં સત્સંગ થાય એટલે આપણે સમજવાનું કે રશિયા અને જર્મની વગેરે દેશોમાં સત્સંગ થઈ ગયો.

૧૯૬૦ના દસકામાં યોગીજી મહારાજે અનેક વખત ઉચ્ચારેલી એ વાતને આજે દાયકાઓ વીતી ગયા. આજે એ યુવાનો પાકટ વયે પહોંચ્યા છે અને યોગીજી મહારાજના એ શબ્દોને સાકાર થયેલા નજરે નિહાળી રહ્યા છે. અમેરિકા, ઇંગ્લૅન્ડ અને યુરોપ વગેરે દેશોમાં તો બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ મત્સ્યાવતારની જેમ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામી રહ્યો છે. પરંતુ રશિયા ખાતે સામ્યવાદ હોવાથી ત્યાં ધર્મની વિશેષ કોઈ પ્રવૃત્તિ થઈ શકી નહોતી. આમ છતાં, અઢી દાયકા પહેલાં સામ્યવાદની સમાપ્તિ બાદ પુનઃ ધાર્મિક પ્રવૃત્તિઓને ઉત્તેજન મળ્યું. એ જ અરસામાં સન ૧૯૯૪માં દિલ્હી ખાતે રશિયન એમ્બેસેડર શ્રી એનેટોલી દ્રીકોવે (Anatoly M. Drykov) બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરીને તેઓને રશિયા ખાતે પધારવાનું અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરવાનું નિમંત્રણ આપ્યું હતું. 'ભવિષ્યમાં રશિયામાં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ થશે' એવા આશીર્વાદ ઉચ્ચારીને પ્રમુખસ્વામી મહારાજે એમ્બેસેડર શ્રી એનેટોલીને આશીર્વાદ આપ્યા હતા.

યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના એ શબ્દો હવે સાકાર બન્યા છે. તાજેતરમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી રશિયામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનું પ્રથમ પુષ્પ મુકાઈ ગયું. તાજેતરમાં તા. ૨૧ થી ૩૦ જુલાઈ દરમ્યાન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતવૃંદે રશિયાનાં મહાનગરો સેંટ પિટર્સબર્ગ અને મોસ્કો ખાતે વિચરણ કર્યું હતું અને તેઓની ઉપસ્થિતિમાં રશિયાની રાજધાની મોસ્કો ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની પ્રથમ

સત્સંગસભા યોજાઈ ગઈ. અહીં તેની એક ઝાંખી મેળવીએ.

## ઐતિહાસિક બી.એ.પી.એસ. સત્સંગ સભા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તારીખ ૨૭ જુલાઈ ૨૦૧૯ ના શનિવારના રોજ ઈશ્વરચરણદાસ સ્વામી અને ભારત તથા ઇંગ્લૅન્ડથી પધારેલા વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સંસ્થા તેમજ ઇન્ડિયન નેશનલ કલ્ચરલ સેન્ટર અને સીતા





(સામે) રશિયામાં સંતવૃંદના આગમનને વધાવતાં રશિયાના ભારતીય એમ્બેસેડરશ્રી. (ઉપર) મોસ્કો ખાતેની સત્સંગસભાનાં દૃશ્યો

સંસ્થાના સંયુક્ત ઉપક્રમે મોસ્કો ખાતે ઐતિહાસિક આધ્યાત્મિક સત્સંગ સભા યોજાઈ હતી.

આ સત્સંગ સભા મોસ્કોના Kuusinena Ylitsa, 19A ખાતે આવેલા કલ્ચરલ સેન્ટરના પ્રસિદ્ધ સભાગારમાં યોજાઈ હતી. આ સભાનો કેન્દ્રીય વિષય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનસૂત્ર – 'બીજાના સુખમાં આપણું સુખ' પર રાખવામાં આવ્યો હતો.

હિંદુ ધર્મના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું ગૌરવ વર્ણવીને અક્ષરવત્સલદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને કાર્યની ઝાંખી કરાવી હતી. તેઓના હિન્દી વ્યાખ્યાન બાદ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હૃદયસ્પર્શી ઉપદેશ અને નિઃસ્વાર્થ જીવનને કેન્દ્રમાં વર્ણવીને રશિયન અને ભારતીય સંસ્કૃતિઓનાં સમમૂલ્યોનું અંગ્રેજીમાં સુંદર વર્ણન કર્યું હતું. સભાના મધ્યવર્તી વિચારને દૃઢ કરાવતી વીડિયો પ્રસ્તુતિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉપસ્થિત ભક્ત મેદનીને સત્સંગનો મહિમા અને ભગવાનની શુદ્ધ ભક્તિની પ્રેરણા આપતા પ્રેરક સંબોધનનો લાભ આપ્યો હતો. સાથે રશિયન ભાષામાં સંબોધન કરીને ડૉ. રોહિત પટેલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો પરિચય આપ્યો હતો. આજના સત્સંગ સમારોહમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતવૃંદમાં શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી, ધર્મવત્સલદાસ સ્વામી, યોગવિવેકદાસ સ્વામી, વિરાટસ્વરૂપદાસ સ્વામી, યોગીસ્મરણદાસ સ્વામી, આત્મવત્સલદાસ સ્વામી, અખંડયોગીદાસ સ્વામી વગેરે સંતો પણ સામેલ થયા હતા.

સમારોહમાં મોસ્કો ખાતેના ભારતીય સમાજ વતી શ્રી સામી કોટવાની તથા અન્ય મહાનુભાવોએ ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતવૃંદનું સ્વાગત કર્યું હતું.

ભક્તો અને મહેમાનો આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા. રશિયાની પાર્લામેન્ટની કાઉન્સિલ ઑફ ફેડરેશન (કમિટી ફોરેન અફેર્સ)ના વરિષ્ઠ સરકારી સલાહકાર અને ઈન્ટરનેશનલ ઈકોનોમિક કો-ઓપરેશન વર્કિંગ ગ્રૂપના અધ્યક્ષ શ્રીમાન મિખાઈલ દવ્યદોવ આજના સમારોહના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હતા. તેમણે પણ રશિયા ખાતે ઈશ્વરચરણદાસ સ્વામીનું સ્વાગત કરીને સંબોધન કર્યું હતું. સંબોધન દરમ્યાન તેમણે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજના જીવનકાર્યને બિરદાવ્યાં હતાં. એટલું જ નહીં, પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક જીવનમાંથી સ્વતઃ પ્રેરણા મેળવીને તેમણે સ્વેચ્છાએ આજથી શાકાહારી થવાની જાહેરમાં પ્રતિજ્ઞા લીધી હતી.

બીએપીએસ સંસ્થાના અગ્રણી સ્વયંસેવક શ્રી સંજય કારાએ જણાવ્યું હતું કે, 'અમે ભારતીય અને રશિયન અધિકારીઓના આભારી છીએ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અસીમિત પ્રેમ લાખો લોકોના જીવનને સ્પર્શ્યો છે અને આ મહાન વૈશ્વિક મૂલ્યો અહીં સૌની સાથે વહેંચવા બદલ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું સ્વપ્ન

સાકાર થયું તે બદલ અમને અત્યંત ગૌરવ અનુભવાય છે.'

## રાજદૂતાવાસ અને રશિયન ફેડરેશન દ્વારા સ્વાગત

તા. ૩૧ જુલાઈ, ૨૦૧૯ના રોજ ભારતીય દૂતાવાસમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોનું સ્વાગત કરાયું હતું. ભારતીય રાજદૂત શ્રી ડી. બી. વેંકટેશ વર્માએ પુષ્પહાર પહેરાવીને સંતવૃંદના આગમનને રશિયા ખાતે આવકાર્યું હતું. મીટિંગ હૉલમાં લગભગ એક કલાક સુધી સંતવૃંદે રાજદૂત શ્રી વેંકટેશ વર્માજી સાથે વાર્તાલાપ કર્યો હતો. ઈશ્વરચરણદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક સમાજને ઉન્નતિના માર્ગે લઈ જતા આધ્યાત્મિક દૃષ્ટિકોણની વાત કરીને રાજદૂતશ્રી સાથે ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને આધ્યાત્મિકતા વિશે ગહન ગોષ્ઠિ અને વિદ્વદ્ ચર્ચા કરી હતી.

બી.એ.પી.એસ. સંસ્થાની પ્રવૃત્તિથી પ્રભાવિત રાજદૂતશ્રી વેંકટેશજીએ કહ્યું હતું કે 'આપના જેવા આધ્યાત્મિક મુલાકાતીઓને જવલ્લે જ મળવાનું થાય છે. આપની મુલાકાત અને આશીર્વાદને અમે અમારું સદ્ભાગ્ય માનીએ છીએ.' એમ કહીને તેમણે અબુધાબી ખાતે નિર્માણ પામી રહેલા બી.એ.પી.એસ. હિંદુ મંદિરને એક ચમત્કાર સમી ઘટના ગણાવીને તેને વર્તમાન સમયની તાતી જરૂરિયાત ગણાવ્યું હતું.

એક કલાક કરતાં વધારે ચાલેલી આ ગોષ્ઠિમાં મિશનના ઉપાધ્યક્ષ શ્રી બિનય પ્રધાન, ડૉ. અસીમ વોરા, શ્રી વિવેકસિંઘ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. સંતોએ તેમને માળા અને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ લિખિત 'ટ્રેન્સૅન્ડન્સ' પુસ્તક ભેટમાં આપ્યું હતું. રશિયાની મુલાકાત દરમ્યાન સંતવૃંદની સેંટ પિટર્સબર્ગ ખાતે કોન્સલ જનરલ શ્રી દીપક મિગલાની સાથેની મુલાકાત પણ ખૂબ સંવાદસભર રહી હતી.

આ ઉપરાંત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો અને ફેડરેશન કાઉન્સિલ પાર્લામેન્ટ ઑફ રશિયાના અગ્રણી અધિકારી શ્રી ઇલિયાસ ઉમાખનોવ તથા અન્ય અધિકારીઓ વચ્ચે તા. ૨૬ જુલાઈ, ૨૦૧૯ના રોજ આધ્યાત્મિક ગોષ્ઠિ યોજાઈ હતી. બ્રહ્મવિહારીદાસ સ્વામી, લંડન ખાતેના બી.એ.પી.એસ. મંદિરના કોઠારી શ્રી યોગવિવેકદાસ સ્વામી વગેરે સંતો તેમાં સામેલ થયા હતા. ગોષ્ઠિ દરમ્યાન ચારિત્ર્યનું ઘડતર કરતી બંને દેશોની સમૃદ્ધ સંસ્કૃતિ તેમજ માનવતા અને આધ્યાત્મિકતાનાં સમાન મૂલ્યો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન-સંદેશ-પ્રદાન અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો જીવન-સંદેશ વૈશ્વિક સંવાદિતા સાધવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે તેનું પણ અહીં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ ગોષ્ઠિ દ્વારા રશિયન અધિકારીઓ વિશેષ પ્રભાવિત થયા હતા.

શ્રી મોરોઝોવે સંતોને સ્મૃતિભેટ આપી હતી. અને સંતોએ તેમને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી સુવર્ણરસિત અમૃતકળશ, પ્રસાદ અને માળા ભેટમાં આપ્યા હતા. અંતમાં, સૌ સંતોએ વૈશ્વિક શાંતિની પ્રાર્થના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ મુલાકાતનું રશિયા ખાતેના પ્રસાર માધ્યમો દ્વારા રાષ્ટ્રીય પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.

આમ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે રશિયા ખાતે સંતવૃંદના આ ઐતિહાસિક પદાર્પણ દ્વારા બી.એ.પી.એસ. સત્સંગનાં બીજ વવાઈ ગયાં. ◆





મુખ્ય અતિથિ શ્રી મિખાઇલ દવ્યદોવે શાકાહારી થવાની પ્રતિજ્ઞા લીધી. રશિયન ફેડરેશન સાથે સંતોની ગોષ્ઠિ...

# દાવડ ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દાવડ ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ યોજાઈ ગયો.

પૌરાણિક સ્થળ શ્રી સપ્તેશ્વર મહાદેવ જતાં ધોરીમાર્ગ પર વસેલા દાવડ ગામમાં વર્ષો પૂર્વે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પધારીને સત્સંગની સરિતા વહેતી કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી હિંમતનગર મંદિરથી સંતોના નિયમિત વિચરણથી અહીં સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. સમયના વહેણ સાથે અનુક્રમે સંયુક્તમંડળ, મહિલામંડળ, બાળમંડળ અને યુવતીમંડળની શરૂઆત થઈ. અઠવાડિક સત્સંગ સભાઓમાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજવા લાગ્યા અને મંદિરની આવશ્યકતા ઊભી થઈ. અગ્રણી હરિભક્ત શ્રી મહેશભાઈ પટેલ તથા જગદીશભાઈ પટેલે મુખ્યમાર્ગ પરની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભૂમિપૂજનવિધિ યોજાયો હતો.

શ્રી મહેશભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ઉમેશભાઈ પટેલ, રામાભાઈ પટેલ, હરિભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ વગેરે હરિભક્તોના સેવા-સમર્પણભાવથી મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૧૧-૩-૨૦૧૯ના રોજ મહિલાપાંખ દ્વારા મહિલા-સંમેલન યોજાયું, જેમાં ૮૦૦થી વધુ બહેનોએ પ્રેરણાત્મક કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કર્યો હતો. તા. ૧૨ એપ્રિલની માંગલિક સવારે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, તેમાં ૪૦૦ યજમાનોએ વેદ-મંત્રોના ધ્વનિ વચ્ચે આહુતિ અર્પણ કરીને ધન્યતા અનુભવી. ઢળતી બપોરે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ ત્યારે સમગ્ર ગામમાં ઉત્સાહની અનોખી લહેરખી પ્રસરી ગઈ.

હિંમતનગર ખાતે તા. ૨૭-૧૨-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્ત-વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ સવારે ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં અપૂર્વમુનિદાસ સ્વામીના પ્રેરક પ્રવચન બાદ ત્યાગવલ્લભદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને સમર્પણનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

હિંમતનગર મંદિરના કોઠારી મંગલપુરુષદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા કૌશલમુનિદાસ સ્વામી અને પ્રયાગમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આબાલવૃદ્ધ હરિભક્તોની અનન્ય સેવાથી આ ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. ◆

# અબુધાબી ખાતે યોજાયા ભક્તિમય જન્માષ્ટમી અને રક્ષાબંધન ઉત્સવો





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યુનાઈટેડ આરબ અમિરાતની રાજધાની અબુધાબી ખાતે ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. મંદિર પૂર્ણપણે બંધાઈ ન રહે ત્યાં સુધી યુ.એ.ઈ.ની સરકારે બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાને મંદિર પાસેની વિશાળ ખુલ્લી જમીન પર વિવિધ ઉત્સવો ઊજવવાની મંજૂરી આપી છે. યુ.એ.ઈ.ની સરકારના એ ઔદાર્યથી તાજેતરમાં અહીં જન્માષ્ટમી ઉત્સવ અને રક્ષાબંધન ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયા.

તા. ૨૩-૮-૨૦૧૯ના રોજ અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરના વિશાળ પરિસરમાં ૪,૦૦૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં જન્માષ્ટમી ઉત્સવ યોજાયો હતો. દુબઈ ખાતેના ભારતીય કોન્સલ જનરલ શ્રી વિપુલ, વિખ્યાત ઉદ્યોગપતિ ડૉ. બી. આર. શેટ્ટી, શ્રી નઝીમ અલ કુદસી તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. બી. આર. શેટ્ટીએ જણાવ્યું હતું કે 'આ એક એવું ઐતિહાસિક સ્થાન છે કે જે સ્થાનિક શાસકોની ઉદારતા દર્શાવે છે અને જેઓએ હિંદુ મંદિરના નિર્માણ માટે જમીન અને આધિકારિક પરવાનગી આપી છે કે જ્યાં આપણે ભક્તિ અને આનંદપૂર્વક આપણા ઉત્સવ ઊજવી શકીએ. મારું માનવું છે કે અહીં જન્માષ્ટમીની ઉજવણી એ સાચા અર્થમાં 'Year of Tolerance'ની ઉજવણી બની રહી છે.' અબુધાબી, દુબઈ, શારજાહ અને અજમાનના વ્યાપારિક-સામાજિક અગ્રણીઓએ પણ આ જ વાતને અનુમોદન આપ્યું હતું.

ભારતીય કોન્સલ જનરલ શ્રી વિપુલે પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આદર્શજીવનદાસ સ્વામી તથા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક સંબોધનો કરીને ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને સંદેશની સુંદર પ્રેરણાત્મક છણાવટ કરી હતી. ઉત્સવસભામાં કીર્તનભક્તિ અને ભગવાન શ્રીકૃષ્ણને પારણે ઝુલાવવાનો લાભ પણ સૌએ પ્રાપ્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અબુધાબી ખાતે તા. ૧૬ ઓગસ્ટના રોજ ૨,૦૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વ પણ યોજાઈ ગયું. અહીં વસેલા હજારો ભારતીયોને રક્ષાબંધન પર્વે દેશમાં જવાનું શક્ય ન હોવાના કારણે આ પર્વનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. બાળકોએ સૌનું કુમકુમ તિલક કરીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પ્રાસંગિક ઉત્સવસભામાં સંતોએ પ્રેરણા પ્રવચનો કરીને સૌમાં ઉત્સવ મહિમા દૃઢાવ્યો હતો. સૌએ ગૌરવભેર આભારની લાગણી વ્યક્ત કરી કે 'આવો દિવ્ય લાભ અમને પ્રથમ વખત મળ્યો છે. આ સંસ્થા અહીં મંદિર બાંધીને ભારતીય સંસ્કૃતિની બહુ મોટી સેવા કરશે. આજે અમે જાણે ભારતમાં જ છીએ તેવું અનુભવી રહ્યા છીએ.'

બી.એ.પી.એસ. હિંદુ મંદિરના શિલાન્યાસવિધિ બાદ અબુધાબીમાં આ સનાતન હિંદુ ધર્મના પવિત્ર પર્વોની ઉજવણી સૌ ભારતીયો માટે ગૌરવપ્રદ ઘટના બની રહી. ◆


નૂતન પ્રકાશન

પ્રગટ થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો બીજો ભાગ

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

## વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૨

₹ ૨૦૦/-




લેખક :
સાધુ આદર્શજીવનદાસ

અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલી વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. પ્રમુખસ્વામી મહારાજના જીવનસાગરનું આચમન કરાવતી અદ્ભુત ગ્રંથ શ્રેણીનું પ્રથમ આચમન-પુષ્પ આપણે સૌએ માણ્યું. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આ વિશાળ સાગરસમી જીવનગાથાનું દ્વિતીય આચમન-પુષ્પ પ્રકાશિત થઈ ચૂક્યું છે. આ પુષ્પમાં સન ૧૯૭૧ થી સન ૧૯૭૪ સુધીનાં ૪ વર્ષોની વિગતોનો સમાવેશ કરાયો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા અને તેમના સ્થાને લાખો ભક્તોના ગુરુપદે પ્રમુખસ્વામી મહારાજ બિરાજ્યા તે શ્રેયસ્કારી ચરિત્રોનું અમૃતપાન આ ગ્રંથ-પુષ્પમાં કરીએ. આવો, આપણા સૌના પ્રાણપ્યારા ગુરુહરિના આ જીવનચરિત્રમાં અવગાહન કરીએ અને જીવનને ગુરુસ્મૃતિઓથી રમમાણ કરીએ...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રસ્તુત

## ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રેરક જીવન પર અદ્ભુત એનિમેશન વીડિયો શ્રેણી...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રેરક જીવન અને સંદેશ પર અદ્ભુત એનિમેશન વીડિયો શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. ઉત્તમ કક્ષાની આધુનિકતમ એનિમેશન ફિલ્મ દ્વારા ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય ચરિત્રોની અદ્ભુત પ્રસ્તુતિ માણીને દેશ-વિદેશના લાખો આબાલવૃદ્ધ ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મહિમાગાથાને હૃદયસ્થ કરી રહ્યા છે. આ શ્રેણીનાં કુલ પાંચ પુષ્પો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. આવો, આપણે પણ આ શ્રેણીને માણીને શ્રીહરિમય થઈએ...

- લાઈફ-લાઈક એનિમેશન દ્વારા ભગવાનની દિવ્ય લીલાઓને માણવાનો અલભ્ય લાભ.
- સંગીત અને સંવાદોની ચોટદાર રજૂઆત સાથે ક્રિએટિવ એનિમેશનનો અદ્ભુત આનંદ.
- પ્રસિદ્ધ તીર્થસ્થળોનાં ઐતિહાસિક સંશોધનો સાથે પ્રમાણભૂત ચરિત્રોની રજૂઆત.
- હિંદી અને અંગ્રેજી ભાષામાં રજૂઆત.
- બાળકો, યુવાનો અને સૌ કોઈ માટે અનેરું આકર્ષણ.


**પ્રથમ પુષ્પ:** ભગવાન સ્વામિનારાયણની છપૈયામાં દિવ્ય જન્મગાથા...

**દ્વિતીય પુષ્પ:** બાળ ઘનશ્યામનાં ચમત્કારિક બાળચરિત્રોની અદ્ભુત પ્રસ્તુતિ...

**તૃતીય પુષ્પ:** તીર્થનગરી અયોધ્યામાં બાળ ઘનશ્યામનાં મનમોહક ચરિત્રો...

**ચતુર્થ પુષ્પ:** શ્રી નીલકંઠની અયોધ્યાથી બદરીનાથ સુધીની અજોડ યાત્રા...

**પંચમ પુષ્પ:** બાળયોગી નીલકંઠની વિસ્મયકારક માનસરોવર યાત્રા...







પ્રાપ્તિસ્થાન : સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ઓસ્ટ્રેલિયા ખાતે બાળ-કિશોર કાર્યકર શિબિર

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી એડિલેઈડ ખાતે ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનાં ચુનંદા બાળ-બાલિકા, કિશોર-કિશોરી કાર્યકરની શિબિર તા. ૧૮ થી ૨૧ જુલાઈ, ૨૦૧૯ દરમ્યાન યોજાઈ ગઈ. *'ભવિષ્ય ઉજ્જ્વળ છે – સમજણ, સંપ, સમર્પણથી'*ના મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરમાં સંતોનાં પ્રેરક પ્રવચનો અને વૃંદવિમર્શ દ્વારા કાર્યકરોએ સમજણ, સંપ અને સમર્પણનાં વિવિધ મૂલ્યો દૃઢ કર્યાં હતાં. સ્વામીશ્રીએ આશીર્વાદમાં નિષ્ઠાવાન બનીને સેવા કરવાના બળપ્રેરક આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામીશ્રીના માર્ગદર્શન મુજબ સૌએ આદર્શ ભક્ત થવાની વિશેષ દૃઢતા કરી હતી. ◆



## બ્રિટિશ પાર્લામેન્ટમાં અંગદાન જાગૃતિ ઝુંબેશ

તાજેતરમાં ઈંગ્લૅન્ડની પાર્લામેન્ટ દ્વારા પ્રસારિત થયેલા અંગદાન કાયદાને વધાવતાં અનેક સમાજસેવા કરનારી સંસ્થાઓ યોગદાન આપવા કટિબદ્ધ બની છે, જેમાં બી.એ.પી.એસ. સંસ્થા પણ જોડાઈ છે. જેના એક ભાગરૂપે તા. ૧૦ જુલાઈના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં અંગદાન જાગૃતિ ઝુંબેશ માટેની બેઠક યોજાઈ હતી. ઈંગ્લૅન્ડના પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા અંગદાનનો મહિમા, સ્વાનુભવો વગેરે રજૂઆતો થઈ. મહંત સ્વામી મહારાજે પણ ભક્તોને અંગદાન કરવા પ્રેરણા આપી હતી તેની પ્રસ્તુતિ થઈ હતી. આ સેવા-પ્રવૃત્તિને સૌએ વધાવી લીધી હતી. ◆



## ઈંગ્લેન્ડ અને યુરોપના કાર્યકરોની તાલીમ શિબિર

તા. ૧ અને ૨ જૂન, ૨૦૧૯ દરમ્યાન ઈંગ્લેન્ડ અને યુરોપમાં બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિમાં સેવારત કાર્યકરોની તાલીમ શિબિર યોજાઈ હતી. ઈંગ્લેન્ડના સ્ટેફર્ડશાયરના સ્ટોન વિસ્તારમાં આવેલા યાર્નફિલ્ડ પાર્ક કોન્ફરન્સ સેન્ટર ખાતે યોજાયેલી આ શિબિરમાં ઈંગ્લેન્ડ, બેલ્જિયમ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, નેધરલેન્ડ્સ, પોર્ટુગલ અને સ્વિત્ઝર્લેન્ડના ૫૦૦ કાર્યકરો જોડાયા હતા. સંતોનાં પ્રેરણાવચનો, વીડિયો, સંવાદ, પ્રશ્નોત્તરી, વર્કશોપ દ્વારા સૌને વિશેષ તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પ્રેરણાવચનોએ પણ સૌને વિશેષ બળ પ્રેર્યું હતું. ◆












**યુ.એસ.એ.માં ન્યૂજર્સી રાજ્યના એડિસન નગર ખાતે નૂતન ભવ્ય બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ...**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૧માં અમેરિકામાં ન્યૂજર્સીના એડિસન નગર ખાતે વિશાળ બી.એ.પી.એસ. મંદિર ખુલ્લું મૂક્યું હતું. છેલ્લાં ૨૫ વર્ષોમાં તેઓના આશીર્વાદથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ થતાં એ જ ભૂમિ પર અનેકવિધ સુવિધાઓથી યુક્ત ગુજરાતની પરંપરાગત હવેલી શૈલીનું બહુમંજિલા ભવ્ય અને કલાત્મક મંદિર રચાયું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે તાજેતરમાં તા. ૧૬-૧૭-૧૮ ઑગસ્ટ દરમ્યાન પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ મંદિરનો શાનદાર પુનઃ પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાઈ ગયો. મહાયજ્ઞ, શોભાયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેથી ભરપૂર આ પ્રતિષ્ઠા ઉત્સવમાં હજારો ભક્તોએ અનોખો ભક્તિસભર આનંદ માણ્યો હતો.

Swaminarayan Prakash Gujarati, September-2019, Published on 1-9-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.










**પૂર્વ આફ્રિકામાં દાર-એ-સલામમાં સાગર કાંઠે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાઈ 'દિવ્યમ્' શિબિર...**

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પૂર્વ આફ્રિકામાં દાર-એ-સલામ ખાતે સતત ૯ દિવસ દરમ્યાન બાળકો-યુવાનોથી લઈ વડીલો સુધીના સૌ કોઈ માટે વિવિધ સ્તરીય 'દિવ્યમ્' શિબિર-કાર્યક્રમો યોજાઈ ગયા. પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ ગયેલી આ શિબિરો દ્વારા મહંત સ્વામી મહારાજે સ્નેહવર્ષા કરીને સૌને આધ્યાત્મિક અમૃત પાયાં હતાં. વિદ્વાન સંતોનાં વ્યાખ્યાનો અને પ્રેરક કાર્યક્રમોની હારમાળાએ સૌને વધુ આધ્યાત્મિક ઊંચાઈ આપી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas